RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

## માસિક પત્રિકા

Issue : 10, Year: 69, January, 2023, Pages: 52, Price Rs. 7.00




આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

## SHRI ZALAWADI STHANAKWASI JAIN SABHA
## ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

Virtual Inauguration of

# Smt. Hansaben Ashkaranbhai Shah Sanatorium

**MATHERAN**





# Smt. Kamalaben Gambhirchand Shah

**ATITHI BHAVAN - NALASOPARA**




**& Felicitation of the Donors**

**On Saturday | 14th January, 2023 | 5.30 PM Onwords**

(ફક્ત આમંત્રિતો માટેજ)

**BIODATA**



### Personal Details

Date of Birth : 30th June 1996 (AM)

Place of Birth : Vadodara, Gujarat

Native : Bhalgamda-Limbdi-Saurashtra, Gujarat

Religion : Zalawadi Dasha Shrimali Sthanakvasi Jain

Residence : F/209 Akashganga Society, Near Abhilasha cross roads, New Sama road, Vadodara, Gujarat.

Height : 5′2″

Weight : 54 kg

Hobbies : Photography, Painting, Singing, Dancing, Travelling

# BHOOMI SHAH

**Vadodara | Philadelphia**

Email : arbhoomishah@gmail.com
Phone No. : +1 2679184509

### Education

Master of Landscape Architecture (MLA) (Currently Pursuing)(2023),
University of Pennsylvania, Philadelphia
Bachelor of Architecture (B.Arch) (2019),
The Maharaja Sayajirao University of Baroda, Vadodara

### Family

Father : Shah Suresh Chandulal (+919725024434), Dy. Manager at Gujarat State Fertilizer Company, Vadodara

Mother : Shah Alpa Suresh, Dy. Manager at The New India Assuarance Company, Vadodara

Brother : Hitarth Shah (elder) (+14379832128), Business Manager at Pvt. Ltd. company, Toronto

### Paternal Family

Dada- Dadi : Shri Chandulal Shah (Vadodara), Smt Ranjanben Chandulal Shah

Mota Papa : Mukesh Chandulal Shah (Gandhinagar) (+919099950347)

Faiba : Manisha Hitesh Kamdar (Ratanpar Surendranagar) (+919429431875)

### Maternal Family

Nana-Nani : Lt. Shri Bhailalbhai Bhuralal Sheth (Vadodara), Lt. Smt. Taraben Bhailalbhai Sheth

Mama : Jayeshbhai B Sheth (Vadodara) (+919426518306), Tushar B Sheth (Vadodara) (+919825270105)

Masi : Hansaben Kirtikumar Shah (Ahmedabad) (+919924799971)

### Preferences

Looking for a partner who respects/shares my passion for my profession.Being deeply rooted to Gujarati culture, I believe to connect well with similar individual. However, I am happy to embrace my partner's interests and individuality.

Advt.

# NAISARGI NIRBHAY SHAH



## Personal Details

| | | |
|---|---|---|
| DOB | : | 22nd November, 1995 |
| Birth Place | : | Ahmedabad |
| Native Place | : | Sayla, Surendranagar, Gujarat |
| Religion | : | Zalawadi Visha-Shrimali Sthankawasi Jain |
| Height | : | 5'5 |
| Hobbies | : | Travelling, Trekking, Reading |
| Contact | : | 8080809981, naisargishah11@gmail.com |

## Education & Career

| | |
|---|---|
| Professional | Cost & Management Accountant [CMA] |
| Master's | MCOM From Mumbai University |
| College | BCOM From KES Shroff College. |
| Occupation | SAP-TRM Consultant at InvenioLSI<br>Past experience:<br>Kotak Mahindra Bank-Finance Associate<br>Indian Oil Corporation Ltd- Internship for one year |

## Family Details

| | | |
|---|---|---|
| Father | Nirbhay Himatlal Shah<br>Contact: 9320011114 | Working in Diamond market<br>Business: Nishi Tours & Travels |
| Mother | Sangita Nirbhay Shah<br>Contact: 7021123771 | Homemaker |

## Paternal Family

Grandparents | (Late)Himatlal Mohanlal Shah
Chandrakala Himatlal Shah

## Maternal Family

| | | |
|---|---|---|
| Grandparents | (Late) Dhirajlal Mathurdas Shah [Native: Paliyad,Gujarat]<br>(Late) Vimlaben Dhirajlal Shah | |
| Masi/Masa | Jyotikaben Hareshkumar Gandhi | Borivali (M)- 9892471212 |
| | (Late) Chhayaben Bhupendrakumar Barbhaya | Ahmedabad |
| | Mitaben Kamal Sharma | Canada |
| | Shailaben Virendrakumar Barbhaya | Surendranagar |

## Residence

A-501/502, Shiv shakti Complex, S.V. Road, Nr Manav Kalyan Kendra, Dahisar (East), Mumbai-400068.



**BIO-DATA**

# DRASTI MITESH SHAH

## EDUCATION

| | | |
|---|---|---|
| Qualification | : | **Chartered Accountant** |
| Profession | : | **Equity Research Analyst at an Alternative Investment Fund (AIF)** |
| Job Details | : | **Blue Lotus Capital Advisors, Nariman Point** |

## ABOUT ME

| | | |
|---|---|---|
| Date of Birth | : | **20th November 1996** |
| Height/Weight | : | **5 Ft. / 48 Kgs.** |
| Caste | : | **Zalawadi Vishashrimali Sthanakwasi Jain** |
| Native Place | : | **BOTAD, SAURASHTRA** |
| Contact | : | **8879410430** |
| E-mail | : | **drastishah1796@gmail.com** |
| Resi. Add. | | **601/602, Siddhachal Building, 5th Mamletdar Wadi Road, Malad (W), Mumbai - 400 064.** |

## INTERESTS

- ✔ Dancing
- ✔ Reading
- ✔ Sketching
- ✔ Adventure Sports

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father | : | **Mitesh Jatin Shah ( 9819871181)** |
| Mother | : | **Minal Mitesh Shah ( 9930948503)** |
| Younger Brother | : | **Param Mitesh Shah (7506434666)** |
| Grandfather | : | **Shri Jatin Bipinchandra Shah (9819737774)** |
| Grandmother | : | **Late Smt. Kokilaben Jatin Shah** |
| Fai (Aunt) | : | **Kanan Jatin Shah (9930422375)** |

### MATERNAL DETAILS

| | | |
|---|---|---|
| Grandfather | : | **Rasiklal Chotalal Vora (9819865702)** |
| Grandmother | : | **Smt. Manorama Rasiklal Vora** |

Advt.

**BIODATA**



H-404, PANCHSHEEL GARDENS,
MAHAVIR NAGAR,
KANDIVALI (W)
MUMBAI - 400067

+91 93201 33699

jayesh.jayenterprise
@gmail.com

# DHANVI JAYESH SHAH

## PERSONAL DETAILS:

**DATE & TIME OF BIRTH:** 05-NOV-1997; 9:45 A.M.

**PLACE OF BIRTH:** MUMBAI **HEIGHT:** 5’3”

**CASTE:** ZALAWADI VISHASHRIMALI STHANAKWASI JAIN

**NATIVE PLACE:** RAMPURA (WADHWAN)

**QUALIFICATION:** B.COM; MBA IN MARKETING
CERTIFIED MAKEUP ARTIST & HAIR STYLIST

**PROFESSION:** MARKETING LEAD AT VIACOM18
CONSUMER PRODUCTS

**HOBBIES:** DANCING & TRAVELLING

## FAMILY DETAILS:

**FATHER:** JAYESH VASANTLAL SHAH **M:** 93201 33699
BUSINESS: JAY ENTERPRISE - IRON & STEEL MERCHANT
ADDRESS: G-7, TENTH CENTRAL MALL, MAHAVIR NAGAR

**MOTHER:**
BHAVINI (BHAMINI) JAYESH SHAH **M:** 98201 33699

**ELDER BROTHER:** KEVIL JAYESH SHAH **M:** 98196 59609
MBA-MARKETING
BUSINESS: JAY ENTERPRISE - IRON & STEEL MERCHANT

**SISTER-IN LAW:** VIDHI KEVIL SHAH **M:** 93205 45375
D/O VIRESHBHAI PRABHUDASBHAI KOTHARI, MALAD - WEST
(NATIVE KONDH)

**GRAND PARENTS:** (JANTA PRESS RANPUR WALA)
LATE VASANTLAL MANGALJIBHAI SHAH
LATE HIRAMATI VASANTLAL SHAH

**FAIBA:**
SURYABEN (SWATI) SUDHIRKUMAR HAKANI
(AHMEDABAD) **M:** 94094 23400
ALPABEN DEVENKUMAR GOPANI
(BORIVALI -WEST) **M:** 96191 90889

**MOSAL:** BOTAD
LATE. MAHENDRABHAI MOHANLAL SHAH
LATE. KALABEN MAHENDRABHAI SHAH

**MAMA:** JATINBHAI MAHENDRABHAI SHAH
(BHAYANDAR, AT PRESENT BORIVALI - WEST) **M:** 92234 32760
LATE. KETANBHAI MAHENDRABHAI SHAH

**MASI:**
RASHMIBEN NEELESHKUMAR SHAH
(GHATKOPAR) **M:** 98696 07821
RAKSHABEN BIMALKUMAR SHAH
(KANDIVALI - WEST) **M:** 88500 92341

Advt.

**BIODATA**

# BANSRI RAKESH GOSALIA



## Personal Details:

**Date of Birth** : 22nd October,1994
**Height** : 5'3''

**Birth Time & Day** : 01.20 am & Saturday (Mangal)
**Caste** : Zalawadi Dasha Shrimali Sthanakvasi Jain

**Native Place** : Wadhwan, Surendranagar, Gujarat

**Education** : CS (Company Secretary) from ICSI
: LLB from Mumbai University
: B.COM from M.K Sanghvi College
: Pursuing Forensic Audit Course

**Profession** : Manager at NSE (BKC) handling IPO/Mergers

**Hobbies** : Traveling & Adventure Sports

**Residential Address** : A/603, Highland Harmony, Mahavir Nagar, Kandivali West, Mumbai - 67

## Family Details:

**Father** : Rakesh Mulchand Gosalia
**Mother** : Jashmin Rakesh Gosalia (7977778219)
**Sister** : Dhwani Dhaval Shah
**Son in Law** : Dhaval Kashyap Shah (Son of Mr. Kashyap Mukundrai Shah)
**Brother** : Raj Rakesh Gosalia

## Business Details:

**Occupation** : Packaging Material Manufacturing & Trading
**Office** : Shanti Packaging, 146/152, Samuel Street, Masjid. Mumbai – 400009
**Factory** : Shakti Plastic, 102, Geeta Industries, Sativali Road, Vasai East.

## Paternal Details

**Grandfather** : Shri Mulchand Gandalal Gosalia
**Grandmother**: Late Indumati Mulchand Gosalia
**Mota Papa** : Nayan Mulchand Gosalia (9323455850)
**Moti Mummy** : Sonal Gosalia
**Kaka** : Chetan Mulchand Gosalia
**Fai baa** : Dipika Mahesh Somani

## Maternal Details:

**Grandfather** : Late Surji Lalji Sethia (Village: Vadala, Kutch, Present: Andheri East)
**Grandmother** : Smt Sushila Surji Sethia
**Mama** : Mahesh Surji Sethia (9820048023)
**Masi** : Neeta Jayesh Shah

## Contact Person Details

Chetan Mulchand Gosalia (9820537470) Rakesh Mulchand Gosalia (9324521718)

Advt.

**BIODATA**

# Smeet Chetan Parekh



**Personal Profile**

| | | |
|---|---|---|
| Date of Birth | : | 11-03-1994 |
| Birth Time / Place | : | 09:34 p.m./ Mumbai - Sion |
| Religion | : | Zalawadi Dasha Shrimali Sthanakwasi Jain |
| Height | : | 5' 11 |
| Qualification | : | LL.B. K.C. Law College, Mumbai (2018)<br>B.Com - N.M. College, 2015 |
| Present Occupation | : | Associate at K & S Partners |
| Hobbies | : | Cricket, Chess, reading, trekking, travelling |
| Address | : | Plot No. 116A, Block no. 5, Gitanjali building, Road No. 24A, Sion (W), Mumbai - 400022. |

## Family Profile

| | | |
|---|---|---|
| Father | : | Chetan Chimanlal Parekh |
| Father Occuption/Business | : | Iron and Steel Merchant, BHS Enterprise (Office at Masjid Bunder) |
| Mother | : | Bindu Chetan Parekh (House Wife) |
| Brother | : | Harsh Chetan Parekh - Software Engineer, Australia |

## Paternal Background

| | | |
|---|---|---|
| Native Place | : | Muli |
| Grandfather | : | Late Chimanlal Chatrabhuj Parekh |
| Grandmother | : | Late Kasturi Chimanlal Parekh |
| Kaka / Kaki | : | Ganesh Chimanlal Parekh and Swati Ganesh Parekh |
| Faiba | : | Jayshree Deepak Shah (Ahmedabad)<br>Radhika N. Shah (USA - California) |

## Maternal Background

| | | |
|---|---|---|
| Grandfather | : | Rasiklal Himatlal Shah (Sayla) |
| Grandmother | : | Bharati Rasiklal Shah (Limbdi) |
| Masi | : | Rajul Atul Shah, Falguni Falit Shah, Monali Vijesh Doshi |

## Contact Details

| | | |
|---|---|---|
| Residential Mumbai Address | : | 5/116A, Gitanjali Building, Road no. 24A,<br>Near Gurunanak High School,<br>Sion West, Mumbai - 400022. |
| Chetan | : | 8080122224 / 9223249945 |
| Bindu | : | 9869642035 / 7977375369 |

Advt.





શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જાન્યુઆરી ૨૦૨૩
વર્ષ : ૬૯ : : અંક : ૧૦
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૦૨૨–૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–


શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦


*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*





એ રીતે આ વર્ષ ઊજવીએ
હૈયાથી હૈયું મળતાં જે હર્ષ થાય એ હર્ષ ઉજવીએ !

ગત વર્ષોની ગાંઠ છોડતાં હાથ ધ્રૂજશે, ભલે ધ્રૂજતા
કેલેન્ડરનાં પાને પાને દિવસ તૂટશે, ભલે તૂટતા.
ક્ષણેક્ષણે ક્ષણના પથ્થર પણ પડતા રહેશે, ભલેને પડતા,
શ્વાસેશ્વાસે ઉંમરના થર ચડતા રહેશે, ભલેને ચડતા.

ક્ષણ–દિવસો–વર્ષો નીચવતા જે નીકળે નિષ્કર્ષ, ઉજવીએ !
એ રીતે આ વર્ષ ઊજવીએ

કેટકેટલી જાત ઘસાઈ ત્યારે થોડી ચમક મળી છે !
જીવનની ઘૂઘરીઓ પણ બહુ અથડાઈ તો ખનક મળી છે,
જરા મળ્યો છે રણકારો તો રણકારાને કેમ ભૂલવો ?
આશાનો એક અણસારો છે, અણસારાને કેમ ભૂલવો ?

યાદ કરીને ભૂતકાળનો એકેએક સંઘર્ષ ઉજવીએ !
એ રીતે આ વર્ષ ઉજવીએ !

– અનિલ ચાવડા

# કોઈના શબ્દો કે ઍક્શનને બદલે તેનો ઈરાદો સમજવો જોઈએ

**ક્યારેક કોઈ વ્યક્તિ આપણું ખરાબ કરી રહી છે એમ લાગતું હોય ત્યારે શક્ય છે કે તે આપણું સારું ઈચ્છતી હોય!**

ભજનિક કવિ ઈસરદાસજી ભજનિક બન્યા એ પહેલા જામનગરના રાજકવિ હતા અને જામસાહેબના દરબારમાં તેમના કાવ્યો રજૂ કરતા હતા.



એક વાર ઈસરદાસજીએ જામસાહેબની પ્રશસ્તિ કરતું કાવ્ય રચ્યું અને દરબારમાં ગાઈ સંભળાવ્યું.

સ્વાભાવિક રીતે પોતાની પ્રશંસાથી જામસાહેબ ખુશ થઈ ગયા. તેમના ચહેરા પરનો ઊમળકો જોઈને લાગતું હતું કે તેઓ ઈસરદાસજીને કશુંક ઈનામ આપવાનું વિચારી રહ્યા છે.

જોકે, ઈનામની જાહેરાત કરતા અગાઉ તેમણે પોતાના દીવાન તરફ જોયું. તેઓ દીવાનને પૂછવા માગતા હતા કે ઈસરદાસજીને શું ઈનામ આપવું જોઈએ.

ઈસરદાસજી આતુર બનીને દીવાન સામે જોઈ રહ્યા, પણ દીવાને જામસાહેબ સામે જોઈને નકારમાં માથું ધુણાવ્યું. એટલે જામસાહેબે ઈસરદાસજીને કોઈ ઈનામ ન આપ્યું.

ઈસરદાસજીને દીવાન પર ખૂબ ગુસ્સો આવ્યો, ત્યારે તો તેઓ કશું ન બોલ્યા, પણ સાંજે તેઓ છરી સાથે દીવાનના ઘરે જઈ પહોંચ્યા. તેમણે છરી સંતાડી રાખી હતી. મોકો જોઈને દીવાનને છરી ઝીંકીને મારી નાખીશ એવો તેમણે નિશ્ચય કરી લીધો હતો.

ઈસરદાસજી દીવાનના ઘરે પહોંચ્યા ત્યારે દીવાને તેમને ઊમળકાભેર આવકાર્યા અને પ્રેમથી બેસાડ્યા. તેમનો ઉષ્માભર્યો વર્તાવ જોઈને ઈસરદાસજીનો ગુસ્સો શમી ગયો અને તેમણે દીવાનને કહી દીધું કે 'હું તો તમારું ખૂન કરવા આવ્યો હતો.' જોકે, સાથે તેમણે ફરિયાદ પણ કરી લીધી કે 'જામસાહેબ મને ઈનામ આપવા ઈચ્છતા હતા તો તમે તેમને શા માટે અટકાવ્યા? એમાં તમારો શું ફાયદો થયો? તમે મારું ખરાબ શા માટે કર્યું?'

### દુર્લભ મનુષ્ય જન્મ

''પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ  
પરમ જ્ઞાન સુખધામ,  
જેણે આપ્યું ભાન, નિજ,  
તેને સદા પ્રણામ.''

''જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું''

''અનંત વાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે, તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વે દેહાર્થની કલ્પના છોડી દઈ, એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ-જીવે અવશ્ય નિશ્ચય કરવો જોઈએ.''

**– શ્રીમદ્ રાજચંદ્ર**

દીવાને કહ્યું, 'મેં તમારું ખરાબ નથી કર્યું. ઊલટું તમે ખોટા માર્ગે જતા હતા, એવું કરતા અટકાવીને તમારું સારું કર્યું છે.'


ઈસરદાસજીએ કહ્યું, 'હું સમજ્યો નહીં.'

દીવાને કહ્યું, 'તમે જામસાહેબ પાસેથી મેળવી મેળવીને શું મેળવશો? તમારી પાસે અકલ્પ્ય સર્જનશક્તિ છે, એ શક્તિનો ઉપયોગ તમે ભૌતિક સુખ મેળવવા માટે કરો એ મને યોગ્ય લાગ્યું નહીં. તમે તમારી સર્જનશક્તિને ઉપયોગ રાજાની પ્રશસ્તિ માટે કરો એના કરતાં ઈશ્વરની પ્રશસ્તિ માટે એનો ઉપયોગ કરો તો સારું. મેં જામસાહેબને ઈશારો કર્યો કે તમને ઈનામ ન આપતા ત્યારે મારા મનમાં એક જ વાત હતી કે આટલાં ઉમદા કવિનો કલા રાજાની પ્રશસ્તિ પાછળ વેડફાઈ રહી છે.'

દીવાનના શબ્દોને ઈસરદાસજીની આંખો ઉઘાડી નાખી. એ દિવસથી તેમણે ઈશ્વરને કેન્દ્રમાં રાખીને ભજનો અને કાવ્યોની રચના કરવા માંડી અને સમજ જતા તેઓ ભજનિક કવિ તરીકે પ્રસિદ્ધ થયા. તેઓ પ્રભુભક્તિ કરતા ઘણાં અદ્‌ભુત ભજનો-કાવ્યો લખી ગયા.

ઘણી વાર વ્યક્તિના કાર્ય કરતા તેનો ઈરાદો સમજવો જોઈએ. કોઈ આપણું ખરાબ કરી રહ્યું હોય એવું લાગતું હોય ત્યારે શક્ય છે કે તે આપણું સારું ઈચ્છતું હોય.

**– આશુ પટેલ**



# પિતા-પુત્રીનું અદ્વૈત

■ જોસેફ મેકવાન

મહાત્મા ગાંધી પછી એક સરદાર વલ્લભભાઈ પટેલ અને બીજા લાલબહાદુર શાસ્ત્રી વિના આ દેશનો કોઈપણ નેતા મને હૈયે સંઘરવાજોગ નથી લાગ્યો ! સરદાર વિશે ઘણું લખાયું છે. સરદાર તો એકમાત્ર સરદાર જ હતા. એમના પેંગડામાં પગ તો શું એ પેંગડાંને સ્પર્શવાલાયક પણ કોઈ બીજો પોલાદી અદ્‌ભુત-વિરલ કોઠા-સૂઝવાળો, વ્યવહાર વિશારદ અને મુત્સદ્દીમાં કૌટિલ્યનેય બાજુ પર ખેસવે એવો વીરનાયક પેદા નથી થયો.

આ નરોત્તમ નરપુંગવની અવિરલ મહાનતાની પડખે એક એકનિષ્ઠ સેવાવ્રધારિણી સન્નારીના મૌન-મૂક ત્યાગ સમર્પણની વાત મારે કરવી છે. હા, સરદારસુતા મણીબહેનની. જગતે જોટો ના જડે એવાં તપ-તિતિક્ષા જે મણીબહેને સાવ નિઃસ્પૃહભાવે દાખવી જાણ્યાં એની નોંધ ઐતિહાસિક હોવા છતાં બહુ ઓછી લેવાઈ છે !

સફળ ઉદ્યોગવીર શ્રી ઘનશ્યામદાસ બિરલા નિષ્ઠાવાન દેશભક્ત જ ન હતા, એ જે એકમેવ ભાવે પૂ. બાપુને ચાહતા એટલા જ અદકાભાવે બાપુભક્ત સરદાર પટેલનોય સ્નેહાદર કરતા. એ એક અચ્છા ચરિત્રલેખક પણ હતા. એમની નોંધવહીમાંથી સરદારપુત્રી મણીબહેન વિશે જે નવીનતર નીતરે છે, એ શબ્દામૃતનું આચમન કરાવવાનો આ પુણ્યપ્રયાસ છે.

૧૯૪૫ના શિયાળાની વાત છે. દિલ્હીમાં ગાત્રો થીજાવતી ઠંડી પડી રહી હતી. આકાશ સ્વચ્છ રહેતું. દિવસના ભાગે તાપ સ્હેજ આકરો હોવા છતાં મીઠો લાગતો. એ જ શિયાળામાં સરદાર વલ્લભભાઈ પટેલ રાજકારણ નિમિત્તે દિલ્હી આવેલા મણીબહેન પણ સાથે હતા. આમ તો હું (બિરલાજી) સરદાર પટેલ અને મણીબહેન બંનેને વર્ષોથી જાણતો હતો. પણ ૧૯૪૫ પછીનાં પાંચ વરસોમાં એ પિતા-પુત્રીનો જે નિકટનો સંપર્ક થયો, એ સંનિધિએ જ એમના જીવનના અનેકવિધ પાસાંનું અધ્યયન કરવાનો મને વિશેષ અવસર પ્રાપ્ત થયો.

દાંત કકડાવતી ઠંડીથી બચવા અમે ઓરડો બંધ કરી અંગેઠી સળગાવી તપતાં. એ જોઈને સરદારને અમારી દયા આવતી. એ પોતે તો ખાદીનું પહેરણ ને એના પર એક ગરમ જાકીટ ચડાવી કાતિલ ઠંડીનો સામનો કરી લેતા હતા. મણીબહેનની જરૂરિયાત તો એથીય ઓછી હતી. ખાદીની એક જાડી સાડી ને એના પર એક સફેદ સ્વેટર એમને બસ થઈ પડતાં. પછી ભલેને ટાઢ હાડકાં કંપાવતી. એમને એની પરવા જ ન રહેતી.

માથા પરના કેશમાં આવવા માંડેલી આછી સફેદ ઝાંય, બેઠી દડીનું કદ અને માંસલતા વિનાનો જીર્ણકાય દેહ. પણ એમની વ્યવસ્થા અદ્‌ભુત ! રહેણાંકમાંની હરએક ચીજ-વસ્તુને યથાસ્થાને એ જ ગોઠવતાં એ સાથે સરદારસાહેબના હરેક કાર્યકલાપનું એ ભારે ચીવટથી સમાયોજન કરતાં. બાપ-દીકરી બંને સમયપાલનમાં એકદમ ચુસ્ત. એ સાથે મહેમાનની સગવડ-અગવડનું પણ એટલું ધ્યાન રખાતું કે એ ક્વચિત્ અતિથીનેય સંકોચ પમાડતું.

સરદારસાહેબ અઠંગ કર્મઠ જણ હતા. એમનું દિમાગી મશીન હરદમ ચાલ્યા કરતું. એ મોટેભાગે ઓરડામાં ટહેલતા રહેતા. બેસવાની એમને આદત જ નહીં. ચહલકદમી કરતાં-કરતાં અચાનક જ એ બોલી પડતા : 'અમુકને બોલાવો તો.....' સાંભળનાર નવતર હોય તો એનો અર્થ પામી જ ન શકે ! કોને અને ક્યાંથી બોલાવવાનું છે ? પણ મણીબહેન બરાબર સમજી જતાં કે એ સંબોધન કોને માટે છે અને બોલાવવાનો અર્થ કોને ટેલિફોન પર હાજર કરવાનો છે. ક્યારેક ટેલિફોન પર આમંત્રિત સજ્જન પૂનામાં હોય તો ક્યારેક મુંબઈ, કલકત્તા. નાગપુર યા પેશાવરમાં. પરંતુ મણીબહેને એ તમામના ફોન નંબરોની યાદી પોતાના મગજમાં સંઘરી રાખી હતી. જેને કારણે જરાય ખચરાટ વિના, સામુ કશું જ પૂછ્યા વિના એ પોતાની ફરજમાં મંડી પડતાં.

આજીવન મણીબહેનનું લક્ષ્ય શું રહ્યું હતું એ જો એમને ખુદને પૂછવામાં આવ્યું હોત તો એ પોતેય કશી સ્પષ્ટતા ના કરી શકત. કારણ કે મનુષ્ય જ્યાં સુધી પોતે જ પોતાનું અધ્યયન કે આત્મચિંતન નથી કરતો ત્યાં સુધી એ પંડે પણ નથી પામી શકતો કે પોતે શું છે ? પણ એક હકીકત કે સત્ય એ હતું કે મણીબહેનના જીવનનું એકમાત્ર લક્ષ્ય એમના જનક જ બની રહ્યા હતા. સૂર્યાસ્ત

પછી સરદારને એમનો પડછાયો પણ વિશ્રામ માટે છોડી દેતો હતો; પરંતુ એમના પરનો મણીબહેનનો પહેરો ચોવીસેય કલાક ચાલ્યા જ કરતો.

નિયમાનુસાર કૅબિનેટની બેઠક હોય ત્યારે કૅબિનેટકક્ષમાં નાયબવડાપ્રધાનની હેસીયતે એકલા સરદાર જ જઈ શકતા. આવે ટાણે મણીબહેન બહાર બેસીને એમની ભાળ રાખ્યા કરતાં. એ જ રીતે સરદાર સંસદમાં જતા ત્યારે એ પ્રેક્ષક દીર્ઘામાં બેસતાં. મણીબહેનને આનો તલભાર સંકોચ ન થતો. કારણ કે તનથી નહીં તો મનથી તો એ પિતાની પડખે જ હોવાનો એહસાર અનુભવતાં.

સરદારનો નિત્ય કાર્યક્રમ શૌચસ્નાનાદિથી પરવારી ફરવા જવાનો રહેતો. એમનું ચાલવું તેજકદમી-અત્યંત ઝડપી. બે-ત્રણ માઈલ સવારે એટલા જ સાંજે. ઘરે પણ કામ ન હોય તો એ આંટા માર્યા જ કરતા. કદાચ આમ ટહેલતા રહેવાથી એમની વિચારપ્રક્રિયા પણ તીવ્રવેગી એટલી જ ધારદાર-સ્પષ્ટ રહેતી હતી. એમની આ તેજકદમ ચાલમાં કૃશકાય મણીબહેન પણ સાથે જ રહેતા. સરદાર જ્યારે પહાડીમુલકમાં હવાફેર માટે જતા ત્યારે એમનું ચાલવાનું સવાર-સાંજ મળી ત્રીસેક કિલોમીટરનું થઈ જતું. આવા લાંબા ફાસલે પણ મણીબહેન સરદારનાં પગલાં દબાવતાં ચાલતાં. ઘસડાતાં લગીરેય નહીં, ના હાડ-ચામના માળાને હાંફ વર્તાતો. આ હતી મણીબહેનના દેહકૌવતની ધૃતિશીલતા! આહારવ્રતનું પાલન અને સંકલ્પદ્રઢતા એમના મનોબળનું જોમ હોતાં.

હૃદયરોગના હુમલા પછી સરદાર સાથે મણીબહેનનુંય ચાલવાનું બંધ થઈ ગયું. હવે સરદાર કેવળ મોટરમાં જ ઘૂમતા. મણીબહેન એમાંયે સાથે જ. જે સરદારનો કાર્યક્રમ એ જ પુત્રી લેખે એમનોય. એક ક્ષણ પિતાને એ રેઢા ના મૂકતાં.

એ સ્નાન કરવા જતા ત્યારે મણીબહેન રેંટિયો લઈ બાથરૂમના બારણાં નજીક બેસી જતાં ને તન્મયતાથી સૂતર કાંત્યાં કરતાં, એક આંખ રેંટિયા પર બીજી સ્નાનગૃહ પર. અંદરથી પાણીના કલકલ નિનાદની, ખાંસી ખાવાની, કોગળા કરવાની કે ખાસડાં પહેરવાની આહટ આવતી. અવાજના એ તમામ સંકેતોથી મણીબહેન ભલીભાંતે જ્ઞાત હતાં! પાણીનો એક પ્રકારનો અવાજ એટલે સરદાર શરીર પર પાણી રેડી રહ્યા હશે, બીજો અવાજ જણાવતો કે એ મોં ધુએ છે ને કંઠના ઊંડાણનો હિસ્સો સાફ કરી રહ્યા છે. અમુક ધ્વનિથી પમાતું કે હવે એ ગમછા વડે દેહ લૂછતા હશે. સ્લીપર પહેરવાની પેરવી પરથી જ મણીબહેન કળી જતાં કે ધોતી પરિધાન થઈ ગઈ, હવે સરદાર બહાર નીકળશે. તરત જ મણીબહેનનો ચરખો બંધ થઈ જતો ને દેશી ચામડાનાં ચંપલ બારણા આગળ મૂકાઈ જતાં. એ બાજુ પર ખસતાં ને સરદાર નીકળતા. એ બેઠકખંડમાં પહોંચતા ને પાછળ રેંટિયા સમેત મણીબહેન. કતાઈનું ભારણ એટલું કે બેય બાપ-દીકરીની એક વર્ષની ખાદી એમાંથી જ વણાઈ રહે ને તે છતાં મણીબહેનના કાર્યકલાપમાં ક્યાંય વ્યતિક્રમ ન રહેતો. આમ ગજબનાં વિચક્ષણ હતાં મણીબહેન!

શારીરિક ઉપભોગોનો ત્યાગ કાંઈ કેટલાયજણે કર્યો. કેટલાક એવાય હતા જેમની પાસે ભોગની સામગ્રી જ ન હતી, ને વિના ત્યાગે જ એ ત્યાગી કહેવાયા. પરંતુ સરદારે સાવ સાચા અર્થમાં ત્યાગ કરી જાણ્યો. કારણ કે બૅરિસ્ટરી પાસ કરીને એ અઢળક કમાયા, પૂરા અંગ્રેજી ઠાઠમાઠથી જીવનક્રમ ચલાવ્યો. બાળકોને કોન્વેન્ટ સ્કૂલોમાં જ ભણાવ્યાં, મોજશોખમાં લખલૂટ ખર્ચે તોયે ખૂટે નહીં એટલું અર્થોપાજન કર્યું અને પછી એકી ધડાકે સર્વ કાંઈ ત્યાગી દીધું. ત્યાગ્યું તે એવું કે, ફરી પાછા વળીને એની સામે ડાફેર સુધ્ધાં ના મારી! કાકા કાલેલકરના શબ્દોમાં કરેલા ત્યાગને એ એટલા તો યોગ્ય ઠર્યા કે ત્યાગ ખુદ લજવાય! રાજસત્તા આવી, અદકા અધિકાર પામ્યા, છતાં પણ એમની જીવનશૈલીમાં કોઈ જ ફરક ન પડ્યો. એ જ સાદું જીવન, એ જ રહેણી-કરણી, એ જ સાદાં ખાનપાન અને એ જ ગ્રામીમ વેશ-ભૂષા! પણ મણીબહેનનો ત્યાગ તો એમનાથીયે ઉત્કૃષ્ટ. કારણ કે સરદારે તો ભોગવીને ત્યજ્યું હતું, જ્યારે મણીબહેન તો ભોગને સ્પર્શ્યાં સુધ્ધાં નથી. 'હું ત્યાગું છું' એવો મણીબહેનને ખ્યાલ હોય તો જ અભિમાન પણ હોય, પણ નહીં એહસાસ, નહીં અભિમાન!

'બિરબલ લા કોઈ ઐસા નર, પીર, બબર્ચી ભિસ્તી ખર!' મણીબહેન એવાં જ પીર, બબર્ચી, ભિસ્તી-ખર પુરવાર થયાં. ઘરની દેખભાળમાં બબર્ચી કહો યા ચાકર, ઘરભરમાં સફાઈ તો એવી કે કંચન સમું આંગણું, ધૂળનો કણ સુધ્ધાં શોધ્યો ના જડે, ખર્ચ ઓછામાં ઓછું છતાં રાજા-મહારાજાઓ, રાજદૂતો અને મહેમાનોની આગતા-સ્વાગતા, ખાણી-પીણીમાં તલભારની કંજૂસાઈ નહીં.

સરદાર સાથે સંસદભવનમાં જઈ એ એમનાં વ્યાખ્યાનોની નોંધ લેતાં. સરદારની તમામ પોસ્ટ એમની નજર તળેથી જ પસાર થતી. મુલાકાતોની સૂચિ પણ એ જ રાખતાં અને રાત્રે આખા દિવસની 'ડાયરી' લખતાં - એવાં એ 'પીર' હતાં! રાત્રે સરદારને સુવડાવ્યા પછી જ એ સૂતાં અને તેય કાગા કે શ્વાનનીંદરે. પડખું બદલવાની

કે ખાંસી ખાવાની રજભાર અસહજતા પરખાતાં જ એ ઊભાં થઈ જતાં. જઈને જુએ તો સરદાર નિરાંતે ઊંઘતા હોય. જો એ બેઠા થઈ ગયા હોય તો મુખભાવે જ કહી દે કે, તારે ચિંતા કરવા જેવું કશું નથી! એને તોયે પિતાની પહેલાં ઊઠી જવાનો એમનો નિત્યક્રમ. એ નાનકડા એક જ દેહમાં એ સરદારનાં પુત્રી, ચાકર, મંત્રી, ધોબી અને અંગરક્ષકનો રોલ અદા કરી રહ્યાં - જીવનભર!

સરદારની અંગરક્ષામાં મણીબહેને ઘણા જણને તંગ કર્યા, અનેકોને ક્ષુબ્ધ કર્યા. કેટલાકને અપમાનિત કર્યા તો કેટલાયને નારાજ, પણ મણીબહેનને એનો કોઈ જ ખ્યાલ નથી. કેમ કે પોતે કોઈનુંય અપમાન કર્યું હોય એવું એમને જણાયું જ નથી. એમને તો બસ એક જ અવધાન રહેતું તે સરદારની સુરક્ષાનું.

મણીબહેનની પિતૃભક્તિ સર્વથા મૌન-મૂક હતી તો સામે પક્ષે સરદારનું પુત્રી-વાત્સલ્ય પણ અનુપમ-અબોલ હતું. ઉભય એક-મેકની ભક્તિ અને સ્નેહથી સંપ્રજ્ઞાત હતાં. બંનેની સ્વીકારોક્તિ પણ મૂક જ રહેતી. તેમાંય મણીબહેનનો મુક્તસમર્પિતભાવ તો ઈતિહાસનું અગોચર - સુવર્ણ પૃષ્ઠ બની રહ્યું છે. એક વાર મણીબહેન બીમાર પડ્યાં ને સરદારની મૂક જબાનના બંધ છૂટી પડ્યા : 'એ મરી તો હું યે મર્યો જ જાણો!' પણ એ તો અંતઃસ્રોતા દીકરીને તજી એમની પહેલાં જ વહ્યા ગયા!

સરદાર અંતિમ રુગ્ણશૈયામાં સપડાયા ત્યારે એકમાત્ર મણીબહેનને જ સ્પષ્ટ સમજાયું હતું કે હવે મૃત્યુનાં દ્વાર ખુલી ગયાં છે. મરણશૈયા પર પડ્યા-પડ્યા સરદાર ગણગણ્યા કરતાં : 'મંગલ મંદિર ખોલો દયામય! મંગલ મંદિર ખોલો!' ને તોય



## વંદે માતરમ્

વંદે માતરમ્...
- એ ગાન નથી,
આ શાન, બાન ને આન આપણી,
આઝાદીના મહાયજ્ઞની આકૃતિ આ,
રાષ્ટ્રભક્તિની અહાલેક આ,
ગણતંત્રના ઉરતંત્રનો મહામંત્ર આ,
વિકાસની આ સતત ધબકતી
અણનમ ઓળખ રહે આપણી...

૧૮૫૭ નો પ્રકાશપુંજ આ,
સત્ય કાજે
રક્તનો અભિષેક
અવિરત..

વંદે માતરમ્...
- એ શબ્દ નહીં,
આ મંત્ર આપણો,
આઝાદીની ઊર્જાનો ધબકાર આપણો,
વિકાસનો આ રાજમાર્ગ છે,
સંકલ્પિત આ રાષ્ટ્રજીવનનો મહામાર્ગ છે,
પ્રજાજીવનની
પ્રત્યેક પ્રભાતની
પ્રબુદ્ધ ચેતનાનો સ્વર આ છે.
વંદે માતરમ્...

**- નરેન્દ્રભાઈ મોદી**

પિતા-પુત્રીનું એ ચિરકાલીન મૌન તો એમનું એમ જ રહ્યું. સરદારે દીકરીને ક્યારેય ના જ કહ્યું કે, 'હું હવે સંચરીશ ને બેટા! તારે આ કે તે કરવાનું છે!' અને મણીબહેનેય પિતાને ના જ પૂછ્યું કે, 'બાપુજી, હવે પછીનો આપનો આદેશ શો છે?' એ રીતે બંને પૂરાં ઈશ્વરવાદી જ ઠરી રહ્યાં, એટલે જ સર્વકાંઈ ભગવાનને સુપ્રત કરી દઈને બંને નિશ્ચિંત બની રહ્યાં. ને મણીબહેન ક્યારેય પોતાના કર્તવ્યથી વિચલીત ના થયાં, ના ગભરાયાં.

એ દિવસોમાં જ મણીબહેને મુરબ્બી ઘનશ્યામદાસ સામે જરાક મન ખોલેલું : 'જે દિવસનો મને ડર હતો એ હવે નજીક આવી રહ્યો છે!' એમનાં આંસુ અસ્ખલિત રેલાઈ રહ્યાં. બિરલાજીએ એમને દિલાસો બંધાવતાં ગણ્યા શબ્દો કીધેલા : 'આપણે એવું શા માટે માનવું?' પણ તેઓ તો સુપેરે જાણતા જ હતા કે નિરતિશય કર્તવ્યબોજ વહીને સરદારનો દેહ હવે જંપી જવા તલખી રહ્યો છે.

૧૯૪૫ના શિયાળામાં સરદાર દિલ્હી આવ્યા અને ૧૯૫૦ના શિયાળામાં જ એમણે દિલ્હીથી અંતિમ વિદાય લીધી, સરદાર દિલ્હી છોડી રહ્યા છે જાણી એમને છેલ્લીવારનું મળી લેવા એમના અંતરંગ મિત્રો મળવા આવવા લાગ્યા. સરદાર પોતેય જાણતા હતા કે મિત્રોની અને દિલ્હીની પણ આ અંતિમ મિલન ઘડી છે. મણીબહેન પણ એથી વિદિત હતાં. પણ એમણે ધીરજ ના ખોઈ : 'પરમાત્માએ જે ધાર્યું હશે એ થશે, એમાં ગભરાવાની જરૂર ક્યાં છે?'

વિદાયની છેલ્લી વેળાએ અનેક મિત્રો દિલ્હીના વિમાનીમથકે સરદારનાં અંતિમ દર્શન કરી લઈ એમને વળાવવા આવ્યા. વિમાનના દરવાજા પાસે એક ખુરશી મુકાવેલી. એના પર બેઠા-બેઠા સરદાર સૌની સાથે હસતાં-હસતાં શુભેચ્છા સ્વીકારતા રહ્યા. હાથ જોડીને નમસ્કાર ઝીલતા રહ્યા. મુખ વિવર્ણ, પીળાશ પડતું, મુદ્રા કલાંત, દેહ અત્યંત દુર્બળ નિતાંત

અશક્ત ! પેલી પહાડી વજ્રસ્કંધ કાયા જાણે સાવ રિસાઈ ગયેલી. પેટમાં અસહ્ય પીડા ને તેમ છતાં મનોબળ પોલાદી. સૌની સાથે હસે, મજાક કરે ! ભીતરી વેદનાની આછી રેખા પણ ચહેરે ના ફરકે. એમના જીવનભાથામાં હવે ગણત્રીના કલાકો કે દિવસો જ બાકી બચ્યા હતા પણ એ અનાગત ભવિષ્યની એમને લગીરેય ચિંતા ન હતી. મણીબહેન એ ખુરશીની પાછળ ઊભીને સ્થિરભાવે પિતાના કાર્યકલાપ નિહાળી રહ્યાં હતાં. શાંત ચિત્તે, ભક્તિનિમગ્નભાવે. એ પછી તેઓ મુંબઈ પહોંચ્યા ! અને ત્રીજે જ દિવસે 'મંગલ મંદિરના દ્વાર' સરદારના સત્કાર માટે ઉઘડી ગયાં.

સરદારે પ્રાણ છોડ્યા ત્યારે મણીબહેનનો સમ્યક વિવેક અખંડ રહ્યો. દર્શનાર્થીઓની ભારે ભીડથી બધા જ ખંડ ભરાઈ ગયા ત્યારે ખુદ મણીબહેન જ વ્યવસ્થા સ્થાપવામાં લાગી ગયાં. મૃતદેહ છોડીને એ બહાર આવ્યાં અને દૃઢસ્વરે સરદારને છાજે એવા વ્યવહારની શીખ આપી એમણે શિસ્ત સ્થાપી.

મિત્રોનો આગ્રહ હતો : 'સરદાર સાહેબના દાહસંસ્કાર ચોપાટી પર સંપન્ન કરીએ.'

ત્યારે મણિબહેન બોલ્યાં : 'મારી દાદી સોનાપુર ગઈ. મુંબઈનું દરેક ગરીબ માણસ સોનાપુર જ જાય છે તો મારો બાપ બીજે ક્યાં જાય ?'

છતાં લોકોનો આગ્રહ ચોપાટી માટે જ ચાલુ રહ્યો ત્યારે એમણે અચળ અવાજે જણાવ્યું : 'હું સરદાર સાહેબની દહેજા જ નથી આત્મજા છું. એ શું ચાહતા કે ઈચ્છતા હતા તે મારાથી વિશેષ કોઈ ન જાણી શકે. સમજી લો હું મારા બ્રહ્મલીન પિતાની જ અંતિમ ઈચ્છા વ્યક્ત કરી રહી છું.'

આખરે સોનાપુરમાં જ પ્રજ્વળીને સરદારનો મૃતદેહ આ દેશના સર્વસાધારણ જણની ભસ્મ સાથે ભળી ગયો.

દિલ્હીમાં 'શાંતિઘાટ' છે, 'વિજયઘાટ' છે. 'શક્તિઘાટ' છે. પણ સરદારના વંશ-વારસોએ કે મણીબહેને આ દેશને એકસૂત્રે બાંધી એવું વિશાળ રાષ્ટ્રનું નિર્માણ કરનાર સરદાર પટેલ માટે 'રાષ્ટ્રઘાટ' કે 'સાર્વભૌમત્વઘાટ'ની અપેક્ષા નથી સેવી.

કથાઓમાં પિતૃભક્ત પુત્રો મળે છે : રામ તો હતા જ, શ્રવણકુમાર એ જ શ્રેણીના. પતિપરાયણા સાવિત્રી, સીતા અને અનેક દેવીઓથી આ દેશ રળિયાત છે. સેવકમાં હનુમાન અનન્ય તો ભાઈઓમાં ભરતનું સ્થાન સર્વશ્રેષ્ઠ છે. તુલસીદાસે કહ્યું છે : 'જો ન હોત જગ જનમ ભરત કો,

સકલ ધર્મ ધૂર ધરની ધરત કો ?

પરંતુ પિતા પર અનન્ય નિષ્ઠા રાખનાર, સર્વથા નિરીહ, નિઃસ્પૃહા કુમારી મણીબહેન સમી બીજી કોઈ દીકરી પેદા થઈ નથી જાણી. એમણે મૂકસેવામાં ગાળેલાં હાડ ઋષિ દધીચિ કરતાં શ્રેષ્ઠતમ હતાં.

❖❖❖

# નદી અને વાયુની જેમ સહજ બનીને ચાલો



એવું માની લેવામાં જ ફાયદો છે કે, બધું ભગવાને આપેલું અને કરેલું છે. આ ફરિયાદ મોટાભાગના લોકોની રહે છે કે, જ્યારે કોઈ કામ કરે છે તો અસહજ થઈ જાય છે, અશાંતિ આવી જાય છે. આપણાં શાસ્ત્રોમાં એક સારો શબ્દ છે, નિષ્કામતા. એટલે કે, જે ક્ષણે જે કંઈ કરતા હોઈએ, સહજ બનીને કરવું. હવે પછીની ક્ષણે શું થશે, તેની ચિંતા છોડીને પોતાના વર્તમાનને ક્ષણમાં તોડી નાખો. નદીની ધારા અને વાયુનો વેગ, આ બે ઉદાહરણ કામના છે. નદી જ્યારે વહે છે તો માર્ગમાં અનેક ખડકો આવે છે, ત્યારે તે ફરિયાદ કરતી નથી, પરંતુ તેની સાથે અથડાઈને ડાબે-જમણે માર્ગ બનાવી લે છે. એ જ નદી જ્યારે કોઈ મેદાનમાંથી પસાર થાય છે તો રેતી પરથી આરામથી વહી જાય છે. હવે જો કોઈ નદીને પુછે કે, તું ખડક સાથે અથડાઈ, જ્યારે રેતી પર સરળતાથી પસાર થઈ ગઈ ? નદી માત્ર એવો જ જવાબ આપશે કે, જ્યારે જેવો સંયોગ આવ્યો, હું એમ કરતી ગઈ. આવું જ કંઈક વાયુ સાથે છે. જ્યાં અથડાવાનું છે ત્યાં અથડાય છે, જ્યાં ખુલ્લું વાતાવરણ મળે છે ત્યાં સરળતાથી પસાર થઈ જાય છે. એક ભક્ત પણ આવો જ સહજ હોય છે. તેન માટે જિંદગી સાઈકોડ્રામા જેવી હોય છે. બસ, પોતાનો અભિનય કરતા જઈ રહ્યા છે, કેમ કે, ભક્ત જાણે છે કે, ઉપરવાળાએ આપણને પ્રથમ શ્વાસ આપ્યો છે તો અંતિમ ક્ષણ મોતની અમાનત પણ બનાવી દીધી છે.

**પં. વિજયશંકર મહેતા**

# દરેક પાસે જિંદગીને માણી શકાય એટલું તો હોય જ છે

■ કૃષ્ણકાંત ઉનડકટ

**આ**જની તારીખ એ આવતી કાલની તવારીખ છે. સમયનું ચક્ર ઘડિયાળના કાંટા સાથે ફરતું રહે છે. દરેક ક્ષણ નવો શ્વાસ લઈને આવે છે. આપણામાં કંઈક ઉમેરાતું રહે છે. થોંડુક ઠલવાતું પણ રહે છે. ક્યારેક કંઈક દિલમાં કાયમ માટે સચવાઈ જાય છે, તો ક્યારેક કંઈક આંખમાંથી આંસુ બનીને વહી જાય છે. દરરોજ આપણી જિંદગીમાં થોડો થોડો ભૂતકાળ ઉમેરાતો જાય છે. અનુભવો, યાદો, સ્મરણો, હૂંફ, તિરસ્કાર, ઝઘડા, નારાજગી, ઉદાસી, એકાંત, એકલતા, સાંનિધ્ય, સુખ, વેદના, વલોપાત, આશા, હતાશા, પ્રેમ, નફરતની કથાઓ જિંદગીમાં ઉમેરાતી જાય છે. દિલ અને દિમાગ વચ્ચે કશ્મકશ ચાલતી રહે છે. સારા અને નરસાના હિસાબો મંડાતા રહે છે. ફાયદા અને નુકસાનની ગણતરીઓ થતી રહે છે. સુખ અને દુઃખના વિચારો આવતા રહે છે. હરીફરીને થોડાક સવાલ પેદા થાય છે કે, હું ક્યાં છું ? હું શું છું ? હું જે કરું છું એ બરાબર તો છે ને ? મેં જે માર્ગ પકડ્યો છે એ સાચો તો છે ને ?

માર્ગ સાચો હતો કે ખોટો એ તો મંજિલ આવે ત્યારે ખબર પડે ! ઘણી વખત તો એવો પણ વિચાર આવે છે કે, મંજિલે પહોંચાશે તો ખરું ને ? ક્યારેક કંઈક સાર્થક થાય ત્યારે એવો પણ વિચાર આવી જાય છે કે, આ મંજિલ છે કે એ મુકામ છે ? એક યુવાનની આ વાત છે. નાનો હતો ત્યારે આંખમાં થોડાંક સપનાઓ આંજી રાખ્યાં હતાં. જિંદગીમાં આટલું તો કરવું જ છે. કરિયર, ઘર, જીવનસાથી સહિત અનેક સપનાંઓ તેણે સેવ્યાં હતાં. થયું એવું કે, નાની ઉંમરમાં જ તેનાં બધાં સપનાં સાકાર થઈ ગયાં. અભ્યાસમાં સારા માર્ક્સ આવ્યા. સારા પગારની નોકરી મળી ગઈ. ઘરનું ઘર પણ થઈ ગયું. પ્રેમ કરે એવી જીવનસાથી પણ મળી ગઈ. સમાજમાં સારી એવી પ્રતિષ્ઠા પણ મળવા લાગી. અચાનક એને થયું કે,




મેં વિચાર્યું હતું એ બધું તો થઈ ગયું, હવે શું ? એ ડિસ્ટર્બ થઈ ગયો. પોતાની મૂંઝવણનું માર્ગદર્શન મેળવવા એ એક ફિલોસોફર પાસે ગયો, યુવાને પોતાની બધી વાત કરી છેલ્લે સવાલ કર્યો કે, મેં ધાર્યું હતું, મેં કલ્પ્યું હતું અને મેં જે ઈચ્છ્યું હતું એ બધું તો મને મળી ગયું. હવે મારે શું કરવું ? ફિલોસોફરે કહ્યું, તારી પાસે બે રસ્તા છે. એક તો જે છે એને એન્જોય કર ! બીજો રસ્તો એ છે કે, તારા સપનાને વિશાળ કરી દે. સપનાં સર્જવાં એ તો આપણા હાથની વાત છે. કદાચ તારે હજુ કંઈક કરવાનું હશે ! ધ્યાન માત્ર એટલું જ રાખજે કે, સપનાને વિશાળ કરવામાં અને એ સપનાને પુરું કરવામાં તું તારી પાસે જે છે એને એન્જોય કરવાનું ભૂલી ન જતો !

દરેક પાસે જિંદગીને માણી શકાય એટલું તો હોય જ છે. આપણે જે હોય છે એને એન્જોય કરતા નથી અને જે નથી હોતું એની પાછળ દોડતા રહીએ છીએ. દોડતી વખતે આપણે વચ્ચે થાક ખાવા રોકાઈએ છીએ. જેને થાક ખાવાની મજા આવે છે એને જ દોડવાનો ઉત્સાહ રહે છે. આપણે જે કંઈ હોઈએ, આપણે જે કંઈ મેળવ્યું હોય છે, એને આપણે કેટલું માણીએ છીએ ? એક પતિ-પત્ની હતાં બંનેએ લવમેરેજ કર્યાં હતાં. દાંપત્યજીવન પણ સરસ હતું. લગ્ન પછી પતિ આગળ ને આગળ વધતો જતો હતો. બધું એના વિચાર અને ઈચ્છા મુજબ ચાલતું હતું. ધીમે-ધીમે એ સફળતા પાછળ એવો દોડવા લાગ્યો કે, પત્ની અને ઘર તરફ તેનું ઓછું ધ્યાન રહેતું. એક દિવસ પત્નીએ સવાલ કર્યો. આટલી બધી દોડધામ કેમ કરે છે ? પતિએ જવાબ આપ્યો કે, આપણી પાસે છે એના કરતાં મારે ઘણું વધારે મેળવવું છે ! પત્નીએ કહ્યું, પ્રેમમાં વધારો નથી કરવો ? જો તેં બધું જ વધારે કરવાનું નક્કી કર્યું છે તો પ્રેમમાં વધારો કરવાનું પ્રેમ તો ઘટતો જતો હોય એવું લાગે છે. તારી પાસે સાંનિધ્ય માટે સમય જ નથી ! મારે પ્રેમ વધારવો છે. તું એમાં મને સાથ આપીશ ? પતિએ પત્નીની સામે જોયું. તેણે કહ્યું, આવો તો મને વિચાર જ નથી આવ્યો. તારી વાત સાચી છે. સારું થયું તેં મારું ધ્યાન દોર્યું. તને થોડા જ દિવસમાં મારામાં ચેન્જ લાગશે. આપણી જિંદગીમાં પણ આવું બનતું હોય છે. બેમાંથી એકનું ધ્યાન ક્યાંક બીજે પરોવાઈ જાય છે. આપણે ત્યારે શું કરીએ છીએ ? સીધા ઝઘડા કે નારાજગી પર પહોંચી જઈએ છીએ. તને હવે મારી કંઈ પડી નથી. મારા માટે તારી પાસે સમય જ નથી, બીજું મેળવવામાં તું મને ગુમાવી દઈશ. નક્કી કરી લે તારે કરવું છે શું ?

જ્યાં સંવાદ કરવાનો હોય ત્યાં આપણે સવાલો કરવા માંડીએ છીએ. સવાલ ન કરો, જવાબ શોધો, ઉકળાટ ન કરો, ઉકેલ મેળવો. માણસના દુઃખનું સૌથી મોટું કારણ સમજણનો અભાવ જ હોય છે. આપણે જે જોઈતું હોય છે એના માટે આપણે મરણિયા થઈ જઈએ છીએ. હવે તો આ પાર કે પેલે પાર એવું નક્કી કરી લઈએ છીએ. આપણા મન અને મગજમાં ઉશ્કેરાટ છવાઈ જાય છે. તમને કોઈ પ્રોબ્લેમ છે, તો વાત કરો. તમને કોઈ મૂંઝવણ છે તો દિલને ખુલ્લું મૂકો. આપણે વાત કરવાની કળા ભૂલતા જઈએ છીએ!

આપણે બધું બહુ પકડી રાખીએ છીએ. છોડતા જ નથી. આજને આલિંગન આપવા માટે ગઈ કાલથી મુક્ત થવું પડે છે. જિંદગીમાં ગમે એવી એને ન ગમે એવી ઘટનાઓ બનતી જ રહે છે. આપણે ન ગમતી ઘટનાઓને પંપાળ્યા રાખીએ છીએ અને દુઃખી થતા રહીએ છીએ.

નવું વર્ષ શરૂ થાય છે. કંઈક નવા, કંઈક તાજા અને થોડાક હળવા થવાની તમારી કેટલી તૈયારી છે? આપણને એવું કહેવાતું આવું છે કે, ખરાબ થયું હોય એને ભૂલી જાવ. સાચી વાત છે. એની સાથોસાથ એ વાત પણ એટલી જ સાચી અને જરૂરી છે કે જે સારું થયું છે એને યાદ રાખો.

નવા વર્ષે બીજું કંઈ ન કરો તો કંઈ વાંધો નહીં, માત્ર એટલું નક્કી કરો કે હું મારી જિંદગીને ભારે થવા નહીં દઉં. આપણે આપણી જિંદગીને ભારે થવા દઈએ તો આપણે જ એની નીચે દબાઈ જઈએ છીએ. ભારને ભેગો થવા ન દો. રોજેરોજ દરરોજનો ભાર ખંખેરતા જશો તો ભાર વધશે નહીં. પોતાના સુખ માટે, પાતાની શાંતિ માટે, પોતાની સહજતા માટે દરેકે સજાગ રહેવું જોઈએ. જરાકેય ગાફેલ રહીએ તો જિંદગી આડાપાટે ચડી જાય છે. જિંદગીમાં યાદ રાખવા જેવું ઘણું હોય છે, એને યાદ રાખો તો ભૂલવા જેવું બધું આપોઆપ ભુલાઈ જશે.

❖❖❖

## મેં પ્રાર્થ્યું...



મેં પ્રાર્થ્યું કે -
પ્રભુ ! મારું દર્દ દૂર કરો
ને પ્રભુએ કહ્યું, ના.
દર્દ દૂર કરવાનું કામ મારું નથી;
તારું છે - તું જ દર્દને ત્યજી દે.

મેં પ્રાર્થ્યું કે -
પ્રભુ ! મારા વિકલાંગ બાળકને
સંપૂર્ણ બનાવો, અખિલ બનાવો.
ને પ્રભુએ કહ્યું, ના.
તેનો આત્મા સંપૂર્ણ છે, અખિલ છે અને
તેનું શરીર માત્ર ક્ષણજીવી છે.

મેં પ્રાર્થ્યું કે -
પ્રભુ ! મને ધૈર્ય પ્રદાન કરો.
ને પ્રભુએ કહ્યું, ના.
ધૈર્ય તો જીવનકષ્ટના અનુષંગે આવી
મળે છે, ધૈર્ય પ્રદાન થતું નથી,
ધૈર્ય તો પ્રાપ્ત થાય છે.

મેં પ્રાર્થ્યું કે -
પ્રભુ ! મને સુખ આપો.
ને પ્રભુએ કહ્યું, ના.
હું તમન આશીર્વાદ આપું છું,
સુખપ્રાપ્તિ તો તારા હાથની વાત છે.

મેં પ્રાર્થ્યું કે -
પ્રભુ ! મને યાતનામાંથી મુક્ત રાખો.
ને પ્રભુએ કહ્યું, ના.
યાતના તને દુન્યવી ચિંતાઓથી દૂર ખેંચી
લઈ જાય છે.
અને મારી નિકટ લાવે છે.

મેં પ્રાર્થ્યું કે -
પ્રભુ ! મારી ચેતના વિકસાવો.
ને પ્રભુએ કહ્યું, ના.
તારી ચેતના તું સ્વયં વિકસાવ;
પણ, હું તને ટપારીશ, વિકાસનાં
અવળાં-અવળચંડા-અળવીતરાં
ડાળી-ડાંખળાં કાપીશ;
જેથી તારી ચેતનાને સુરેખ-સુંદર
સુભગ ફળ પ્રાપ્ત થાય.

મેં પ્રાર્થ્યું કે -
પ્રભુ ! મને બધી જ સમૃદ્ધિઓ આપો
જેથી હું ભર્યુંભાદર્યું જીવન માણી શકું.
ને પ્રભુએ કહ્યું, ના.
હું તને જીવન આપીશ જેનાથી તું બધી
જ ચીજો ભોગવી શકે.

મેં પ્રાર્થ્યું કે -
પ્રભુ ! મને સહાય કરો, જેવો ને જેટલો,
પ્રભુ ! તું મને કરે પ્રેમ !
હું સૌને પ્રેમ કરું એવો જ એટલો; ને
પ્રભુએ કહ્યું, આ.. હા..
છેવટ ! તેં સત્ય પ્રાર્થ્યું ને પ્રમાણ્યું !

ભાવાનુવાદ - અજય પાઠક

# ગોડ બ્લેસ યુ

■ આશા વીરેન્દ્ર

મજબૂત બાંધો અને ટટ્ટાર ને મગરૂર ચાલને કારણે ડીસિલ્વા પાદરી કરતાં કોઈ ફોજી અફસર જેવા વધારે શોભતો. એમનાં વાણી-વર્તનમાં એવી કકડાઈ હતી કે કોઈ એમની નજીક આવવાની હિંમત ન કરતું, પણ એમાં એક અપવાદરૂપ હતી એમની ભાણેજ નેન્સી. નેન્સી એમની પાસે જીદ પણ કરી શકતી અને પોતાનું ધાર્યું કામ પણ કરાવી શકતી.



પાદરીની ગણતરી પોતાની ભાણેજને નન (સાધ્વી) બનાવવાની હતી. રોજ સાંજે મામા-ભાણેજનો ફરવા જવાનો ક્રમ હતો.

'નેન્સી આજે સાંજે આપણે ફરવા નથી જવાનું. ચર્ચના વરંડામાં બેસીને મારે તને બાઈબલના વચનો સમજાવવાં છે.'

'નો વે મામા, ફર્યા વિના તો ચાલે જ નહીં ચાલતા ચાલતા તમારે મને જે સમજાવવું હોય તે સમજાવજો, પણ વરંડામાં બેસીને તો નહીં, નહીં ને નહીં જ.

મામાને સમજાતું નહીં કે આ નટખટ છોકરી સામે એ આટલા નરમ અને પ્રેમાળ શી રીતે બની જતા હતા? જો ક્યારેક ગુસ્સે થઈને કંઈ કહેવા જાય તો નેન્સીની આંખોમાં આંસુ આવી જતાં, જે એનાથી સહન ન થતું. એ ઘણી વાર પૂછતી, 'મામા, તમે કેમ કદી દિલ ખોલીને હસતા નથી? આખો દિવસ ચર્ચમાં બેસીના થોથાં ઊથલાવ્યા કરવાનો તમને કંટાળા નથી આવતો?'

'મોઢું સંભાળીને બોલ છોકરી, જેને તું થોથાં કહે છે એમાં ઈશુની પવિત્ર વાણી સચવાયેલી છે. મેં તો મારું જીવન લોકોને ધર્મ પમાડવા માટે જ ખર્ચવાનો નિર્ણય કર્યો છે.'

'પણ ધર્મ આમ નિરસ અને અક્કડ રહેવાનું કયાં કહે છે? વળી મેં તમને કોઈ દિવસ મારી અને મારી મમ્મા સિવાય બીજી કોઈ સ્ત્રી સાથે વાત કરતાં પણ નથી જોયા. એવું કેમ?'

'સ્ત્રીઓનું તો મારી પાસે નામ પણ ન લઈશ. હું ચોક્કપણે માનું છું કે, આ પૃથ્વી પર સ્ત્રીઓ માત્ર ને માત્ર પુરુષોને પથભ્રષ્ટ કરવા માટે જ જન્મે છે. પોતાના કોમળ હૃદય અને મીઠી વાણીથી એ પુરુષને વશમાં કરી લે છે. હું માત્ર સાધ્વીઓ સાથે જ વાત કરું છું અને એ પણ ખપ પૂતતી જ.'

મામા પર પોતાની દલીલોની કંઈ અસર નથી થવાની એ જાણતી નેન્સી પછી આવી ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂકી દેતી. પણ એ કદી ડિસિલ્વાની જૂનવાણી અને ધર્મઝનૂની માન્યતાઓ સાથે સંમત ન થઈ શકતી. ફરવા નીકળે ત્યારે પાદરી ધર્મની ગહન વાતો સમજાવવાની કોશિશ કરતા પણ નેન્સી એવા વખતે સંધ્યાના આકાશના બદલાતા રંગો જોવામાં મશગૂલ થઈ જતી. મામાની વાત પર ધ્યાન આપવાને બદલે એ પતંગિયા પરનું સુંદર નકશીકામ જોવાનો આનંદ માણતી. એનું આવું વર્તન જોઈને ડીસિલ્વા નિરાશ થતા. એને સાધ્વી બનાવવાની ઈચ્છા પર એમને પાણી ફરી વળતું લાગતું.

એક દિવસ એમને ત્યાં ઘરકામ કરવા આવતી મેરીએ જરા અચકાતાં કહ્યું, 'પાદરી સાહેબ, તમે આખો દિવસ ચર્ચમાં જ બેસી રહો છો એટલે તમને બહારની દુનિયામાં શું ચાલી રહ્યું છે એ ખબર ક્યાંથી પડે? તમે નારાજ ન થાવ તો એક વાત કહું.'

'જે કહેવું હોય તે જલદી કહી નાખ.' મેરી સાથે વધુ વાત કરવાનું એને પસંદ નહોતું.

'તમારી ભાણેજ નેન્સી છે ને તે... છે ને, અમારી પાડોશમાં રહેતા એક છોકરાના પ્રેમમાં છે.'

'શું જે મનમાં આવે એ બક્યે રાખે છે?' તને ક્યાંથી ખબર?'

મેં મારી સગી આંખે બન્નેને જોયાં છે. રાત્રે તમારી બેન સૂઈ જાય પછી એ બેઉ નદી કિનારે જઈને બેસે છે. ખાતરી કરવી હોય તો આજે રાત્રે જજો. આમેય આજે પૂનમની રાત છે, તમને ચોખ્ખું દેખાશે.'

પાદરીનો રોષ ભભૂકી ઊઠ્યો. મારી ભાણેજ થઈને પ્રેમ કરે? એની આ હિંમત? એક મહાજ્ઞાની ધર્માત્મા હોવાના એના અહંકારે ફૂંકાડો માર્યો. રાત્રે દસ વાગ્યા પછી ઘરમાંથી નીકળતાં પહેલાં એમણે હાથમાં સોટી લીધી. 'સમજે છે શું એના મનમાં? આજે તો સીધી કરવી જ પડશે.'

જેવો એમણે દરવાજો ખોલીને બહાર પગ મૂક્યો કે, ચાંદની રાતનું સૌંદર્ય જોઈને અવાક થઈ ગયા. આજ સુધી આવા સમયે

એ કદી ઘરની બહાર નહોતા નીકળ્યા. આખો બગીચો ધવલ પ્રકાશમાં સ્નાન કરી રહ્યો હતો. રાતરાણી મીઠું મીઠું મહેકી રહી હતી. ઓહ, રાત્રિનો સમય આટલો મોહક, આટલો શીતળ હોય ! આજ સુધી પોતે એમ જ માનતા રહ્યા કે રાત્રિ વિદ્યાભ્યાસ માટે અને નિદ્રા માટે જ હોય. આજે એમની સામે પૂનમની રાત એક નવા અર્થ સાથે પોતાનો જાદુ પાથરી રહી હતી કે, રાત્રિ સમગ્ર સૃષ્ટિને ચાહવા માટે અને કુદરતને પ્રેમ કરવા માટે હોય.

નદીકિનારે પહોંચ્યા ત્યારે એમને એકબીજાને ટેકે બેસીને પૂનમની રાત્રિનું અનુપમ સૌંદર્ય માણી રહેલા બે ઓળા દૂરથી દેખાયા. શી ખબર કેમ, પણ આજે એ દૃશ્ય એમને બહુ ગમ્યું. એમનું મન કહેવા લાગ્યું કે, બાઈબલના ઉપદેશમાં એકમેકને ચાહવાની વાત તો લખાયેલી જ છે. પછી એ સ્ત્રી હોય કે પુરુષ, કશો ફરક નથી પડતો. ચાહવું એટલે બસ, ચાહવું.

બન્ને ઓળા નજીક આવ્યા ત્યારે એમણે જોયું કે, નેન્સીએ પેલા યુવાનનો હાથ એવી નજાકતથી પકડ્યો હતો, જાણે ફૂલોનો બૂકે પકડ્યો હોય. પાસે આવીને એમને જોયા ત્યારે નેન્સીએ કહ્યું, ‘મામા, આ છે ઑલિવર, અને બન્ને એકમેકને બહુ ચાહીએ છીએ. હું જાણું છું કે, તમને મારી વાત નહીં ગમે પણ...’ ડીસિલ્વાએ હાથમાં પકડી રાખેલી લાકડીનો ઘા કર્યો. આગલ વધીને ભાણેજના કપાળ પર ચુંબન કરતાં એમણે કહ્યું, ‘આજની ચાંદનીએ મને પ્રેમનો અર્થ સમજાવ્યો છે. હું તારી પણ જરાય ગુસ્સે નથી. હું ઈચ્છું છું કે, આ જ ચર્ચમાં તમારાં લગ્ન થાય અને જીસસનાં પ્રેમ અને કરુણા તમારા પર ઊતરે.’

એમણે બન્નેને એકીસાથે બાથમાં લીધાં અને કહ્યું, ‘ગોડ બ્લેસ યુ.’

*(ગાઈ દ મોપાસાંની ફ્રેંચ વાર્તાને આધારે)*

❖❖❖

# ઉછીના પ્રકાશ કરતાં ખુદનો અંધકાર સારો

**ગુરુએ કહ્યું, અંધકારમાં ખુદ માર્ગ શોધો. આવી મથામણ કરતાં કરતાં તારામાં એક નવો દીવો પ્રજ્વલિત થઈ જશે. અંધકારમાં પડવા-આખડવાથી, અસુવિધાઓની વચ્ચે જ તારો આત્મા પ્રકાશિત થશે.**

એક શિષ્યને પોતાના ગુરુના આશ્રમમાં ભણતાં ભણતાં ઘણો સમય વીતી ગયો હતો. તેનું ભણવાનું પૂરું થવામાં જ હતું. ચાર દિવસ પછી તેણે ઘરે જવાનું હતું. ત્રીજા દિવસે સંધ્યાકાળે જ્યારે તે પોતાન ગુરુ પાસે ભણીને ઊભો થયો ત્યારે લગભગ અંધારું થઈ ચૂક્યું હતું. તેને મંદિર જવું હતું. તેને થયું કે અંધારામાં મંદિરનાં પગથિયાં દેખાશે નહીં, એટલે તેને થયું ગુરુદેવ પાસે દીવો માંગી લઉં. તેણે ગુરુને કહ્યું, ગુરુદેવ ! અંધારાને કારણે મને રસ્તો સૂઝશે નહીં. હું મંદિરના પગથિયાં નહિ ચડી શકું. તમે અજવાળા માટે મને એક દીવો આપો. ગુરુએ તેના હાથમાં એક દીવો આપી દીધો, પરંતુ શિષ્ય જેવો પ્રથમ પગથિયું



ચડ્યો કે ગુરુએ દીવો ઓલવી નાખ્યો. શિષ્યને ગુરુના વર્તનથી આશ્ચર્ય થયું. તેણે કહ્યું, ગુરુજી આ તમે શું કર્યું ? આ અંધારામાં હું આગળ કઈ રીતે જઈ શકીશ ? ત્યારે ગુરુએ જવાબમાં આખું જીવનદર્શન શીખવી દીધું. તે એક પગથિયા પર પગ મૂકી દીધો છે ત્યારે તને આગળનાં પગથિયાં આપોઆપ મળી જશે. કોઈ અન્ય પાસેથી માગેલા ઉછીના પ્રકાશ કરતાં આપણો પોતાનો અંધકાર વધારે સારો. અંધકારમાં ખુદ માર્ગ શોધો. આવી મથામણ કરતાં કરતાં તારામાં એક નવો દીવો પ્રજ્વલિત થઈ જશે. અંધકારમાં પડવા-આખડવાથી, અસુવિધાઓની વચ્ચે જ તારો આત્મા પ્રકાશિત થશે. મેં આપેલા દીપકના સહારે તું પડીશ નહિ, પરંતુ તારો આત્મા ખોવાઈ જશે. એટલે મેં તને આપેલો દીવો બુઝાવી નાખ્યો. આ સાંભળીને શિષ્યના અંતર્મનના ચક્ષુ ખૂલી ગયા. તે ભયરહિત થઈને અંધકારમાં આગળ વધતો ગયો અને પોતાના લક્ષ્ય સુધી પહોંચી ગયો.

❖❖❖

# હિસ્સો



■ યોગેશ પંડ્યા

ટ્રેન માંડવગઢ સ્ટેશને ઊભી રહી. દક્ષા ડબામાંથી ઊતરી. પ્લૅટફૉર્મના દાદરા ચડીને બહાર આવી. આસપાસ જોયું તેની બાવરી આંખો તેનાં બાળકોને શોધી રહી હતી.

– મનમાં તો હતું કે બબલુ, ચિન્ટુ અને પિન્કી ''મમ્મીઈઈ...'' કરતાં હમણાં જ દોડી આવશે પણ ના, કોઈ હતું નહીં!

'અરે ?' તેના દિલને ધ્રાસકો લાગ્યો, ''આ લોકો આવ્યા જ નથી કે શું ?'' તેનું બેચેન મન બાળકોને મળવા ઝાવાં નાખવા લાગ્યું ને અચાનક તેની નજર સામે ગઈ.-

- પાર્કિંગમાં ઍક્ટિવાની સીટ ઉપર અધૂકડો બેઠેલો શરદ મોબાઈલમાં મસ્ત થઈને પડ્યો હતો!

ટ્રેન ક્યારે આવી, ઊભી રહી, ઊપડી... આટલાં બધાં પૅસેન્જર સ્ટેશનમાંથી બહાર નીકળ્યાં એનો પણ એને ખ્યાલ રહ્યો નહીં હોય ?

દક્ષા ચાલતી ચાલતી તેની પાસે પહોંચી કે અચાનક તેનું ધ્યાન ગયું. એણે મોબાઈલ ઝડપથી ખિસ્સામાં નાખ્યો અને બોલ્યો : ''લે, તું આવી ગઈ ?''

''હું ક્યારનીય આવી ગઈ છું પણ તમને તો ક્યાં કંઈ ખ્યાલ છે જ ?'' દક્ષા વ્યંગ્યમાં બોલી, ''તમે તો તમારા મોબાઈલમાં પડ્યા હતા. મારી તો વાટ ન હોય એમ જાણે...''.

''લે તુંય પણ શું વાત કરે છે ?' શરદે દલીલ કરી : ''અમથો આવ્યો હોઈશ અહીંયાં ?'' એમ કરતા તેણે દક્ષાના હાથમાં રહેલો એક થેલો લઈ લીધો અને ઍક્ટિવાની આગળ રહેલી જગ્યામાં મૂકી દીધો.

''બાળકો કેમ ન આવ્યાં ?'' અંદર ઘૂંટાતો પ્રશ્ન દક્ષાએ થોડા અધિકારભાવથી પૂછ્યો : ''કે પછી તમે લાવ્યા જ નહોતા ?'' ''ના રે ભૈ ! મેં તો ત્રણેયને કહ્યું કે ચાલ મમ્મીને તેડવા. પણ એકેય તૈયાર થયાં જ નહીં ને ? પણ એમાં મૂળમાં એવું છે કે નીલમે આજે મંચુરિયનનો પ્રોગ્રામ કર્યો છે એટલે પછી...''

દક્ષાને થયું : આજે મંચુરિયન ખાવું પડશે. આટલા દિવસથી હૉસ્ટેલનાં બળેલાં-જળેલાં રોટલા-દાળ ખાઈને આજે બિસ્કિટ જેવી ભાખરી અને શાક ખાવાનું ખૂબ મન હતું પણ...

–કદાચ નહીં લખ્યું હોય !

'આજે જ મંચુરિયન ?' તેણે ઍક્ટિવા સ્ટાર્ટ કરી રહેલા પતિને પૂછ્યું. શરદે કહ્યું: ''જો ભાઈ, બાળકોની ફરમાઈશ એની ફિયા પૂરી કરે, કરે ને કરે જ ! એમાં મારે કશું બોલવાનું નહીં. એ બધું બાળકો જાણે ને નીલમ જાણે !! હું તો ખાલી ચીજવસ્તુ લાવી દઉં...શાકભાજી લાવી દઉં.. કરિયાણું લાવી દઉં, એટલે મારી ફરજ પૂરી !! બાકીનું બધું, બધું જ નીલમ જ મૅનેજ કરે..સમજી ? ?!'

પંદર-વીસ મિનિટ પછી એ ઘરે પહોંચી. હજી તો શરદ બહાર ઍક્ટિવા પાર્ક કરતો હતો ને પોતે ફટાફટ અંદર આવી પહોંચી. પાટણના સ્પેશ્યલ દેવડાનું એક કિલોનું બૉક્સ તેણે બાળકો આગળ ધરી દીધું. પણ બાળકોને તો દેવડા જેવી મીઠાઈમાં ક્યાં રસ હતો જ ? તેઓ તો મંચુરિયન ઝાપટવામાં પડ્યાં હતાં...!!'

'એ છોકરાંવ..આ ખાવ તો ખરાં, પાટણની જાણીતી મસ્ત મીઠાઈ છે. દેવડા ! એક વાર ચાખો તો ખરાં, પછી જોજો, આખું બૉક્સ ખાલી થઈ જાય છે કે નહીં ?''

'એ નહીં ખાય દક્ષા...' શરદે હસીને કહ્યું : 'તું અમથી માથાકૂટ કરવી રહેવા દે, એને ભાવશે પણ નહીં... સમજી ?''

એને ચચરી ગયું. નણંદે પણ કહ્યું : ''ભાભી, આ લોકોને મીઠું નહીં પણ સ્પાઈસી જ ભાવે છે !''

''એણે નિરાશ થઈને ઉપરનું ઢાંકણ ઢાંકી દીધું. નણંદે તેને કહ્યું, ''ભાભી, જમવાનું તૈયાર જ છે. મંચુરિયનની એક ડિશ રેડી કરી નાંખું ? અમથાંય બપોરનાં નીકળ્યાં હશો, ભૂખ તો લાગી હશે.''

''ના, આપણે ત્રણેય સાથે.'' એણે કહ્યું. નીલમે કહ્યું : ''શરદભાઈએ તો સાંજે આવીને ભરપેટ નાસ્તો કર્યો છે. તેઓ તો જમશે જ નહીં. અને મારે ગુરુવાર છે. હમણાં આ લોકો પાસે વેફરનું એકાદ પડીકું મંગાવી લઈશ. એક તમારે જ જમવાનું છે...''

એ તાકી રહી.

રાત પડી. એણે બાળકોને બૂચકારી બૂચકારીને બોલાવ્યાં પણ બાળકોને તો જાણે પોતાની કશી પડી જ નહોતી. તેઓ કહે : 'ફિયા પાસે આજે ત્રણ સ્ટોરી સાંભળવાની છે. કાલની અને પરમ દિવસની એક મિસ

થઈ ગઈ છે.''

એ નિઃશ્વાસ નાંખીને સૂતી.

બાળકો તો ક્યારનાંય એમની ફિયાને લઈને આગળના રૂમમાં જતાં રહ્યાં હતાં. એ કદાચ હવે એમનો બેડરૂમ હશે. નણંદ એમને વાર્તા કહેતી હતી. થોડી વાર સુધી બાળકોના બોલાશના, હસી-મજાકના અને ખડખડાટ હાસ્યના ઠહાકા સંભળાતા રહ્યા. પણ હવે એ લોકો જંપી ગયા હતા. નણંદ પણ સૂઈ ગઈ હોય એમ લાગ્યું.

રાત હળવે હળવે સરતી હતી.

એણે આસપાસ જોયું. પતિદેવ ફળિયામાં જ નસકોરાં ગજવતા ઘોરતા હતા!

ચોમેર શાંતિ પથરાઈ ગઈ હતી. આવતલ શિયાળાની ઠંડીએ પોતાનું રાજ જમાવી દીધું હતું.

એ ધીમે પગલે ઊભી થઈ, અને પતિના ખાટલા પાસે આવી. પતિનો હાથ હળવેથી હાથમાં લીધો કે, શરદ જાગી ગયો. 'તું?' અને પછી આસપાસ જોતાં કહે, 'અરે પણ...'

'અરે, પણ શું?' તેણે સ્મિત કરીને કહ્યું: 'ચિંતા ન કરો. અહીંયાં કોઈ નથી. છોકરાંવને લઈને નીલમબહેન આગળના રૂમમાં જતાં રહ્યાં છે. આપણે..' તેની નજર બાજુના રૂમ તરફ ગઈ.

'અરે, એ સારું ન લાગે...' શરદે હાથ છોડાવી નાખતાં કહ્યું: 'નીલમને ખરાબ લાગે યાર!..'

'અરે પણ-'

'જો, દક્ષા, આપણી તો હવે ઉંમર થઈ ગઈ. અને નીલમ? જેની ઉંમર આ બધો ભોગ ભોગવવાની છે, એ તો બિચારી એ સુખ ત્યજી દઈને આપણાં બાળકો સાચવે છે. અને આપણે એક રૂમમાં ભરાઈને...?–ના, ના...એ સારું ન લાગે, સમજી?' અને એ પડખું ફરી ગયો.

એ ઊભી થઈ ગઈ.

ગળે કે પછી હૈયે; કશુંક અટકી ગયું, ખટકી ગયું.

એ ભસ દઈને ફરી પાછી સાંધામાચી ઉપર બેસી પડી.

અને પછી સૂઈ ગઈ.. પણ નીંદર આવે એમ નહોતું!

એ આંખ મીંચીને પડી રહી. ને બંધ આંખોમાં હૉસ્ટેલની રૂમ આખેઆખી ઊતરી આવી. રૂમ નં. ૨૦ની સોનલ અને અર્પિતા, રૂમ નં. ૨૧ની જ્યોતિકા, આનલ, ઊર્વિકા, રૂમ નં. ૨૨ ની રોમા, અક્ષિતા, ટ્વિંકલ અને મયૂરી...

– આ બધી છોકરીઓની ધાંધલ અને ધમાલ હજી તો ચાલતાં જ હોય. પોતાની રૂમમાં આ બધી જ છોકરીયું બેઠી જ હોય. નાસ્તા-પાર્ટી ચાલતી હોય. અંતકડી રમાતી હોય. શોરબકોર હોય. બસ ઍન્જોય જ હોય. એમાં ઘર સાંભરે એવો માહોલ થોડો હોય?? છતાં પણ ત્રણેય બાળકો તો ખૂબ સાંભરી જતાં. અને જ્યારે સાંભરી જતાં ત્યારે મન ઉદાસ થઈ જતું, હૈયું ગમગીન થઈ જતું. ક્યારેક રડવું પણ આવી જતું અને ત્યારે એ એકાંતમાં આંસુ સારી લેતી, રેડી લેતી અને હળવી થઈ જતી પણ એ ઉદાસીને એ જો ખંખેરી શકતી હોય તો એ આ છોકરીયુંની કંપની હતી એટલે જ સ્તો!!

– પણ એ જ છોકરીઓ આજે સવારે પોતપોતાના ઘરે જવા નીકળી ત્યારે દરેકની આંખમાં આંસુ હતાં: ''મૅડમ, હવે તો તમારી કંપનીની જ એવી સોબત થઈ ગઈ છે કે ઘરે જરા પણ નહીં ગમે. આ વૅકેશન કેમ જશે?

'અરે, તમે બધી જ પગલીઓ અને ગાંડીઓ છો. ઘરે મમ્મી છે, પપ્પા છે, ભાઈ છે, બહેન છે. બધું જ છે.''

''ઓહ નો મૅડમ... બધું જ છે પણ તમને નથી ને?''

''હા, એ તો છે જ.'' સ્વીકારવું પડ્યું હતું. દક્ષાને અને અહીં એને પણ અત્યારે લાગ્યું કે હોસ્ટેલ ભલે હતી પણ એમની કંપનીમાં હૉસ્ટેલ ઘર જેવી લાગતી. પણ ઘરે આવ્યા પછી એવું લાગે છે કે ઘર હૉસ્ટેલ જેવું લાગે છે. જાણે તમારા વગરની સુમસામ હૉસ્ટેલ!!!

★★★

– અહીં જાણે પોતાનું કોઈ જ નહોતું! ખુદ બાળકોય નહીં, પતિની ઓછી આવકવાળી નોકરી. ને એમાં મહેસાણાની કન્યા છાત્રાલયની હૉસ્ટેલમાં ગૃહમાતાની જાહેરખબર આવી. સાસુ જીવતાં હતા. એમણે જ કહ્યું કે, તું નોકરી કરતી હો તો શરદનો હાથ છુટ્ટો રહે. બાળકોની ચિંતા

## શક્ય છે...!!!

પીરસતાં થાળી જરીક દાળ છલકી જાય,
ગુસ્સે થવાને બદલે ત્યારે એ મલકી જાય!
છાની પીડાને પારખી શકે,
ઘૂંટાતી વેદાનાને ચાખી શકે!
લાગણી અવ્યક્ત જાણી શકે,
જગજિતની ગઝલ માણી શકે!
મૌનની લિપિને જે ઉકેલી શકે,
સહજસ્પર્શે ભીતર જે ઉલેચી શકે!
આનંદમાં પૂર્ણતઃ ખીલી શકે!
ઉદાસીને એક ખભે ઝીલી શકે!
અજાણી કેડી પર ચાલી શકે,
ભેરુનો હાથ પણ ઝાલી શકે!
સઘળું મન વણબોલ્યે કળી શકે,
શક્ય છે...
મને એક જણ (એવું)
મળી શકે!!!

નહીં કરતી. નીલમ છે ને ?

– અને નોકરી કરવાનું તે તેનેય ગમેલું. કુંવારી હતી ત્યારે એક સપનું તેણેય સેવી રાખેલું. અને આ તક હાથમાં આવી હતી. ટ્રસ્ટી સસરાના જૂના મિત્ર હતા.

– ગોઠવાઈ ગયું.

ચાર વર્ષ થઈ ગયાં. સાસુ તો વરસદાડામાં જ ઉપર ચાલ્યાં ગયાં પણ નણંદે સંભાળી લીધેલું. લગ્નભંગ થયા પછી એમને બીજાં લગ્ન નહોતાં જ કરવાં. ખૂબ સમજાવેલી પણ ના માની. પછી જવા દીધું. બાળકો ફૈબાને જ ઓળખવા લાગ્યાં. મમ્મીને તો ક્યારેય યાદ પણ નહોતાં કરતાં !

★★★

– બીજે દિવસે નીલમે સાફસૂફીનું કામ કાઢ્યું. રસોડું દક્ષાએ ગોઠવ્યું. પણ જાણે બધું અસ્તવ્યસ્ત થઈ ગયું. બાળકોને ન તો ખાંડનું ડબલું જડે કે ન ટૉમેટો સૉસ ! ન મળ્યો નાસ્તાનો ડબો કે ન મળી બૉર્નવિટાની બૉટલ ! દેકારો થઈ ગયો ઘડીક વારમાં.

'ફિયા...' ત્રણેએ બૂમ પાડી : 'નાસ્તાનો ડબો કયાં ? અથાણાની બૉટલ કોણે મૂકી દીધી ? ટૉમેટો સૉસ ક્યાંય મળતો જ નથી. ફિયા.. પ્લીઝ બોલો ને, ખાંડનો ડબો કયાં મૂક્યો ? શાક બહુ તીખું લાગે છે.''

નીલમ, દક્ષા સામે જોઈને હસી : ''તમને ખ્યાલ ન હોય ને ભાભી ? આ લોકોની બધી ફિક્સ જગ્યા જ હોય. એમાં સ્હેજ પણ આડાઅવળું થાય એટલે પત્યું. દેકારો મચી જાય.''

- એને હૈયે ચચરી ગયું : ''હા, મને તો ક્યાં કંઈ ખબર જ હોય ? હું તો જાણે આ ઘરનો હિસ્સો જ મટી ગઈ છું ને !! હું હોઉં કે ના હોઉં...શું ફેર પડે છે ?!

ત્યાં જ શરદે દાઝ્યા ઉપર ડામ દીધો : ''રસોડામાં તો તું કાંઈ હલાવતી જ નહીં હો ! તમે તો કશી ખબર જ ન હોય કે, કઈ વસ્તુ ક્યાં મૂકવાની અને ક્યાંથી લેવાની છે ! એ લોકોને સ્હેજ પણ ફેરફાર થાય એટલે હલ્લો બોલાવશે.''...

'હા, વાંધો નહીં.'' કરતી એ બહાર નીકળી ગઈ. અને વળગણીએ સુકાતા કપડાને લઈને અંદર આવી. સરસ મજાની ઘડી કરીને સંકેલીને કબાટમાં મૂક્યાં. પણ એ તો એને ખબર નહોતી કે કોના ખાનામાં કોનાં કપડાં મૂકવાનાં ? અંદાજ આવ્યો એમ મૂકી દીધાં અને બીજે દિવસે સવારે જ ડખો થયો :

- ફિયા મારું પૅન્ટ ક્યાં ?

- ફિયા, મારી કેપ્રી ક્યાં મૂકી છે ?

- ફિયા મારું ટીશર્ટ કોણે સંતાડીને મૂકી દીધું ?

- ફિયા, મારા અન્ડરગાર્મેન્ટ્સ ક્યાં છે ?

- ફિયા, આ બધું કોણે ડિસ્ટર્બ કરી નાખ્યું ?

'ચિન્ટુ આગઝરતી આંખે દક્ષા સામે તાકી રહ્યો. પછી કહે : 'આ બધો ગોટો તેં જ કરી નાખ્યો હતો ને ? સાચું બોલ...''

- એ અવચાક બની ને ચિન્ટુ સામે તાકી જ રહી.

- મમ્મીઈઈઈ... અચાનક બબલુએ રાડ પાડી : મારું સફેદ ટીશર્ટ તેં ક્યાં સંતાડી દીધું છે ? યાર, મારે અત્યારે ક્રિકેટમાં જવાનું છે... તને એટલીય ખબર નથી પડતી ?'

'એ આવી. બે જ મિનિટ. કાઢી આપું...'' કરતી દક્ષા દોડીને ગઈ. પણ છોકરાંવ કહે : 'તું તો આઘી જ રહેજે મમ્મી. તને કશું નહીં આવડે. ફિયાને આવવા દે. એ જ કાઢી આપશે.''

એને ધક્કો લાગ્યો. એ ત્રણેયના ચહેરા સામે તાકતી દૂર હટીને ઊભી રહી ગઈ. બે મિનિટ પછી નીલમ આવી. હસીને બોલી: ''તમને ખ્યાલ ન હોય ને ભાભી ? આ લોકોનાં ફિક્સ ખાનાં છે. તમે બધાં આડાંઅવળાં મૂકી દીધાં હશે. આ લોકો પાજી છે પાજી..''

એ ધીમે ધીમે પગલે બહાર જતી રહી અને હીંચકા ઉપર બેસી પડી. એને યાદ આવ્યુંઃ કુંવારી હતી ત્યારે ત્રણેય ભાઈ-બહેનોનાં અને મમ્મી-પપ્પાનાં કપડાં પોતે જ ઘડી કરીને ગોઠવતી. અને, બધાં એને જ પૂછતાં પણ એ પોતાનું ઘર હતું. હવે આ ઘર કદાચ નણંદનું બની ગયું છે. પોતે ધીમે ધીમે ધીમે... ઘરનો છુટ્ટો પડી રહેલો હિસ્સો બનતી જાય છે !!!

સાંજે પતિદેવ થેલી લઈને બહાર નીકળતા હતા. કે તેને થયું હમણાં કહેશે : 'ચાલ સાથે...'

- પણ એવો કોઈ આગ્રહ કે લાગણી પતિ તરફથી ઉદ્ભવ્યાં જ નહીં. એને બદલે તેણે બૂમ પાડી : 'નીલમ...'

''હા, મોટા ભાઈ...'' નીલમ અંદરથી બહાર દોડી આવી.

''નીલમ, શું શાક લાવું ? તું કહે એ લેતો આવું. અને હા, દિવાળી માટે જે કંઈ કરિયાણું, ગંધિયાણું, સૂકામેવા કે ચીજવસ્તુ લેવાનું હોય એ લિસ્ટ બનાવી જ નાખજે. એટલે એ પણ પતી જાય. પછી ગિરદી થઈ જશે. અને હા, યાદ આવ્યું : તું આ ત્રણેયને લઈને બજારમાં જા અને ફટાકડા લઈ આવ. આ ત્રણેય તોફાની મારી પાસે સરખાં ચાલશે નહીં. એટલે તને કહું છું...''

''હા, મોટા ભાઈ એ પ્લાનમાં જ છે.'' નીલમે હસીને ભાઈને જવાબ આપ્યો. પોતે સાંભળી રહી માત્ર ! અને આમ પણ બીજું કરી શકે એમ પણ ક્યાં હતી ?

- તેને થયું કે, જાણે પોતે કોઈ અજાણ્યા ઘરમં આવી ચડી છે. ખોટી રીતેય આવી ચડી છે. પોતાની કોઈ જરૂરિયાત પણ અહીંયાં ક્યાં છે ? ધર્મશાળામાં રાતવાસો

કરવા આવી ચડેલા મુસાફર જેવી છે કદાચ. અહીંયાં આ લોકો પાંચેપાંચ એકમેકમાં ઓગળીને પછી ફરતું કૂંડાળું કરીને બેઠાં છે અને પોતે એ કૂંડાળામાં પ્રવેશવાનો નાહક અને મિથ્યા પ્રયત્ન કરી રહી છે ?!!

આમ ને આમ દસેક દિવસ વીતી ગયા. પરમ દિવસે વૅકેશન ખૂલી જતું હતું. ટિકિટ કન્ફર્મ થઈ ગઈ હતી. પરમ દિવસે સવારે દસની ટ્રેન હતી. એને હતું કે શરદ તો નહીં, પણ કદાચ નીલમ તો બાળકોને આગ્રહ કરીને કહેશે જ કે, ચાલો બાળકો, મમ્મીને મૂકતાં આવીએ..''

- પણ નીલમ ઘરકામમાં જ વ્યસ્ત હતી. એણે આગલા દિવસે સાંજે નણંદને સહેતુક કહ્યું : ''કાલે જાઉં છું. વૅકેશન પરમ દિવસે ખૂલી જાય છે...''

નીલમ અભરાઈ ઉપર વાસણ ગોઠવતાં ગોઠવતાં યાંત્રિકપણે કહેતી હતી : 'બસ ? હમણાં રોકાવું નથી ?...'' પછી કૈંક વિચારીને કહે, ''અરે, પણ હા, વૅકેશન તો ખૂલી ગયું છે તો પછી જવું જ પડશે તમારે. કેમ ?''

''હા, મારે હવે જવું જ જોઈએ.. આખરે એક દિવસ તો ત્યાં જવાનું જ છે, તો પછી.. આજ જાઉં કે કાલે, શું ફરક પડે છે ?''

શરદ મૂકવા આવ્યો હતો. મૂંગા મૂંગા બંને સ્ટેશન ઉપર ટ્રેનની રાહ જોતાં ઊભાં રહ્યાં. પંદરેક મિનિટ વેઈટ કર્યા પછી ટ્રેન આવી. એ ટ્રેનમાં ઝડપથી ચડી બે મિનિટનો હોલ્ટ હતો. બારી પાસે જગ્યા હતી. એ બેઠક ઉપર ગોઠવાઈ. ત્યાં જ વ્હિસલ વાગી.

- એણે બારીમાંથી હાથ બહાર કાઢીને શરદને 'આવજો' કહ્યું. પણ શરદનું ધ્યાન તો ક્યાં હતું જ ? એ તો મોબાઈલમાં વ્યસ્ત થઈ ચૂક્યો હતો!!

દક્ષાની પાતળી પાંપણને છેદીને બે અશ્રુબિંદુ બહાર ધસી આવ્યાં. ટ્રેન ધીમે ધીમે ચાલતી થઈ. - સ્ટેશન ધીમે ધીમે છૂટતું જતું હતું.

❖❖❖

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા**

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા આયોજીત**

## કોકીલાબેન અંબાણી હૉસ્પિટલ ખાતે હેલ્થ ચેકઅપ યોજના

**સભ્ય મિત્રોના સ્વાસ્થ્યની જાળવણી માટે સભા તરફથી ફુલબોડી કેમ્પ ચેક અપનું આયોજન કરેલ છે. આ યોજના ૩૧-૩-૨૩ સુધી રહેશે.**

| હેલ્થ ચેકઅપ પેકેજ | | જેન્ટ્સ | લેડીઝ |
|---|---|---|---|
| | હૉસ્પિટલના રેગ્યુલર ભાવ | ૨૨,૮૫૦ | ૨૫,૯૫૫ |
| | ડિસ્કાઉન્ટ ૬૬% | ૬૬% | ૬૬% |
| | મેમ્બરના ફાઈનલ ભાવ | ૭૮૦૦ | ૮૮૨૪ |

**અગત્યની માહિતી**

(૧) આ યોજના ઝાલાવાડી સભાના સભ્ય તેમજ પરિવાર માટે છે

(૨) હેલ્થ ચેકઅપ (ફુલ બોડી) કરાવવા ઈચ્છતા વ્યક્તિએ નીચે જણાવેલ નંબર ઉપર કન્વીનરને પોતાનું નામ, મોબાઈલ નં તેમજ તમારી અનુકુળ તારીખ Whatsapp દ્વારા જણાવવાની રહેશે.

(૩) આપનો Whatsapp Message આવ્યા પછી ૨૪/૪૮ કલાકમાં અંબાણી હૉસ્પિટલમાં આપના નામનું બુકિંગ થઈ જશે અને હૉસ્પિટલમાંથી આપને કન્ફર્મેશન કૉલ આવી જશે.

(૪) નિર્ધારિત દિવસે સવારે ૮.૦૦ વાગ્યે સાથે અંબાણી હૉસ્પિટલ પહોંચવાનું રહેશે અને ઉપર મુજબ રકમ 1st Floor, billing Counter ઉપર ભરવાથી આપનું ચેકઅપ ચાલુ થશે.

(૫) ભૂખ્યા પેટે બ્લડ ટેસ્ટ બાદ તુરંત જ આપને નાસ્તો, ચહા/કૉફી આપવામાં આવશે અને ત્યારબાદ બાકીના ટેસ્ટ થશે.

(૬) ફુલ બોડી ચેકઅપ લગભગ ૧૨.૦૦ વાગ્યા સુધી ચાલશે અને ત્યારબાદ ભોજન લઈને આપ જઈ શકો છો નાસ્તો તેમજ ભોજન પેકેજમાં સામેલ છે.

(૭) ચેકઅપમાં કયા ટેસ્ટ થશે તેનું લીસ્ટ કન્વીનર પાસેથી Whatsapp દ્વારા મેળવી શકો છો. આ લિસ્ટ સિવાયના અન્ય બ્લડ ટેસ્ટ અગર જો આપને કરાવવા હોય (આપના ડૉક્ટરની સલાહ/સૂચના મુજબ) તો તેમાં આપને ૫૫% ડિસ્કાઉન્ટ મળશે.

(૮) અન્ય કોઈ રેડિયોલોજી ટેસ્ટમાં આપને ૨૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

(૯) અગર આપે છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ ક્લેઈમ ન લીધો હોય તો આપની મેડીક્લેઈમ પોલીસીની રકમના ૧% આપને આપની મેડીક્લેઈમ કંપની પાસેથી મળશે. (દા.ત. ૫ લાખની પૉલિસી હોય તો રૂા. ૫૦૦૦/- મળશે.)

**સંપર્ક**

**મુકેશભાઈ આર. શાહ (ચશ્માવાળા) – ૯૮૧૯૧૮૩૩૨૫ દિલીપભાઈ એ. શાહ – ૯૩૨૪૩૩૬૩૫૬ શ્રી વિજયભાઈ જે. શાહ – ૯૮૬૯૦૨૨૧૦૭**

## બોરીવલીના સેવાભાવી, નામાંકિત


# ડૉ. ચંદ્રવદન વોરાનું નિધન

દર્દીઓની સારવાર કરવાથી જેમને સદાય અપાર સુખ મળ્યુ તેવા અત્યંત ઋજુ - સૌમ્ય સ્વભાવના, સદાય પ્રસન્ન રહેતા બોરીવલીના ડૉ. ચંદ્રવદન કે. વોરાનું ૧૩ ડિસેમ્બરે નિધન થયું છે.

અપૂરતા પોષણથી, ભૂખમરાથી, રોગથી પીડાતા ગરીબ દર્દીઓની કરુણાસભર હૈયે આજીવન સેવા કરવાનું વ્રત તેમણે લીધું હતું. ડૉ. જોગલેકરની સાથે મળી અશ્વિનીકુમાર મેડિકલ રીલીફ સોસાયટીની સ્થાપના કરી. પરમાર્થના કામ, માંગલ્યના કામ માટે તમે જ્યારે પ્રવૃત્ત થાવ છો ત્યારે આખી સૃષ્ટિ તમને સહાય કરતી હોય છે એ ન્યાયે સમાજના શ્રેષ્ઠીઓ મફતકાકા-દીપચંદભાઈ ગાર્ડી -ઉમેદભાઈ દોશી અને ચંદ્રકાંતભાઈ ભણશાળી જેવા દાતાઓ સતત તેમની ઝોળી છલકાવતા રહ્યા. સેવા અને કરુણાના કાર્યોએ વેગ પકડ્યો. દહીંસરથી પણ ૩૦ કિલોમીટર દૂર ગામડાઓમાં રહેતા બીમાર દર્દીઓની - ક્ષયથી પીડાતા દર્દીઓની સારવાર શરૂ કરી દર્દીઓને દવા-દુધનો પાવડર - બિસ્કીટ આપતા રહ્યા તેમના માટે દંતયજ્ઞ, નેત્રયજ્ઞ, રક્તદાન, અપંગ વ્યક્તિઓને વ્હીલચેરનું દાન અને એમ્બ્યુલન્સની સેવા આપી. તેમના જીવનનું આ મહત્વનું મિશન રહ્યું. પ્રોફેશનલ ફોરમને અન્વયે ઝાલાવાડી સભાના જરૂરિયાતમંદ દર્દીઓને રાહત દરે દવા આપી. બોરીવલી સાંસ્કૃતિક કેન્દ્ર, બોરીવલી મેડિકલ બ્રધરહુડ, લાયન્સ ક્લબ ઓફ બોરીવલી જેવી સંસ્થાઓ સાથે સતત જોડાયેલા રહ્યા. અત્યંત સરળ સેવાભાવનાથી છલોછલ આ નિરાભિમાની ડૉક્ટરે પોતાની અનોખી આભા ઉભી કરી હતી.

પિતાએ અપનાવેલા માનવતાના અને કરૂણાના રાહ પર ચાલતા બન્ને સંતાનો ડૉ. આગમ વોરા તથા ડૉ. નિગમ વોરા કોવિડ કાળની તેમની પ્રશસ્ય કામગીરી માટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા સન્માનિત થયા છે. સી. કે. વોરાના તમામ કાર્યોમાં સહભાગી તેમના પત્ની ઉષાબેન વોરા, પુત્રવધૂઓ ડૉ. બીજલ - ડૉ ભાવિનીએ સમાજમાં અનોખું ઉદાહરણ સ્થાપિત કર્યુ છે.

ડૉ. સી. કે. વોરાની - એક સાલસ-માનવતાવાદી ડૉક્ટરની ખોટ સદાય અનુભવાશે. વ્યક્તિ તરીકે સદેહે ભલે એ આપણી વચ્ચે નથી તેમની સેવાકાર્યોની સુવાસ સદાય મહેકતી રહેશે.



સહીને તાપ આપે છાંય એવું વૃક્ષ બનવા દે
મને નિષ્પ્રાણ તત્વોની ધબકતી નાડ બનવી દે

**■ સંધ્યા શાહ**

તમે ચાલ્યા જશો
છતાં થોડાક અહીં પણ રહી જશો
જેમ રહી જાય છે
પહેલી વર્ષા પછી
હવામાં ધરતીની ભીની સુગંધ
પરોઢના ઉજાસમાં
થોડોક ચંદ્ર
તમે ચાલ્યા જશો પણ
થોડુંક અમથું સ્મિત
આંખોની સહજ ચમક
અહીં રહી જશે...
તમે ચાલ્યા જશો પણ
રહી જશે
પ્રાર્થના જેવી પવિત્ર અને
અદમ્ય તમારી ઉપસ્થિતિ
છંદની જેમ ગૂંજતો
તમારો અહીં હોવાનો અભાસ
તમે ચાલ્યા જશો
છતાં થોડાક અહીં પણ રહી જશો.

અમરતા અને મૃત્યુ
બંને આ દેહમાં જ વસે છે
મોહને કારણે મૃત્યુ મળે
અને સત્યાચરણ દ્વારા અમૃત!
**- શંકરાચાર્ય**

તે જ કર્મ કર્મ છે,
જે પ્રભુને રાજી કરે.
તે જ વિદ્યા વિદ્યા છે,
જે બુદ્ધિને પ્રભુમય બનાવે.
**- શ્રીમદ્ ભાગવત**

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

લોનાવલા : મિલનભાઈ
9860125136
પંચગીની : નિરવભાઈ
9819012468

માથેરાન તથા સંસ્થાના
અન્ય કામ માટે સભાના મેનેજર
શ્રી પ્રદીપભાઈ તુરખિયાનો
સંપર્ક કરવો. 9867748120

પત્રિકા જાહેરખબર
દેવલાલી :
આશાબેન
9819956529

સુરેન્દ્રનગર અતિથિ ભવન
સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ
9099350644 / 9426756100
મુંબઈ - મિલનભાઈ તુરખિયા
9860125136 / 7208472884

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM ● Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશાં સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ

છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- ઉષાબેન ચંદ્રવદન વોરા તરફથી ડો સી. કે. વોરા (બોરિવલી) ની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે હસ્તે આગમ, નિગમ, બીજલ તથા ભાવિની
- લીંબડી નિવાસી (હાલ - પવઈ) શ્રી ઈન્દ્રવદન સુખલાલ શ્રોફ ૨૫-૧૨-૨૦૨૨ જન્મદિવસ નિમિત્તે હસ્તે રાજુભાઈ, અ.સૌ. રૂપા રાજુભાઈ તથા અમિશ્રી રાજુભાઈ શ્રોફ.


# સંથારો.....

જે ઘરમાં ડાઈનિંગ ટેબલ પર
તમે ન જાવ ત્યાં સુધી કોઈ નાસ્તો ન કરે,
એ જ ઘરમાં તમે જયાં હો
ત્યાં નાસ્તો પહોંચી જાય ત્યારે
સમજવું કે -
સંથારો કરવાનો સમય થઈ ગયો છે.

તમે જયાં રોજ બેસતા હો,
વાંચતા લખતા હો એ જગ્યાએ
સુશોભનની વસ્તુઓ ગોઠવાવા લાગે,
ક્યારેક પૂછવામાં આવે :
આટલી બધી જગ્યા તમારે શું કરવી છે ?

જૂતાંના કબાટમાંથી
તમારાં જૂતાંને આવે પગ
અને ઓટલા ઉપર આમતેમ રવડવા લાગે
અથવા કોઈ આવીને પૂછે :
તમારા કબાટમાં આટલી વસ્તુઓ
મૂકવા દેવામાં શો વાંધો છે ?
ત્યારે સમજવું કે સંથારો શરૂ થઈ રહ્યો છે...

આજે શું બનાવું ?
એવું પૂછવાને બદલે નાનકડો કોમળ
અવાજ આવીને કહે કે ગઈ કાલની
દાળઢોકળી ચાલશે ને ?
બહુ બધી પડી છે...જરા ગરમ કરી દઈએ !!
અને તમે બોખું બોખું હસતાં કહી ઊઠો :
'હા..હા.. ચાલશે ને !
રાંધેલું એમ કાંઈ નાખી થોડું દેવાય ?
અને -
આમે ય હવે મારાથી ક્યાં કઈ ચવાય છે ?'
તમે એમ પણ ન કહી શકો કે -
'આ ગાય હમણાં જ ઓટલા પર નિસાસો નાંખીને
ગઈ...'
કદાચ એવું કહેવા હોઠ ફફડાવો
એ પહેલાં જ જવાબ તૈયાર હોય :
'તમે જ આ ગાય-કૂતરાને હેળવી દીધાં છે...'



સવારે ઊઠ્યા પછી તમને પ્રશ્ન થાય કે-
આમાં હું કયાં બેસું ?
કારણ વિના જ ઊંઘ આવવા લાગે,
ને સૂવું કયાં ? એવો પ્રશ્ન થાય ત્યારે
સમજવું કે સંથારો શરૂ થઈ ગયો છે...

હવે બહાર બાંકડે બેસીને
સૂર્યોદય અને સૂર્યાસ્તની
લીલા જોવાનો સમય આવી ગયો છે.
મધ્યાહ્નના તડકાછાયા પ્રમાણે
ખાટલાને આઘોપાછો કરવાની સમજ કેળવવાનો સમય
પાકી ગયો છે.

ડ્રોઈંગરૂમમાં
'આડી આવે છે' એમ કહીને
તમારી આરામખુરશી બહાર વરંડામાં
ઢાળી દેવામાં આવે ત્યારે-
આરામ શબ્દને ભૂલીને ખુરશીમાં અમથા પડ્યા રહેવાની
ટેવ આપોઆપ પડવા માંડે ત્યારે-
સમજી લેવાનું કે દખણાદી દિશાએથી વાયરો
આવવા માંડયો છે..


ધીમે ધીમે આંખ રહે ન આંખ,
કાન રહે ન કાન,
જીભ રહે ન જીભ,
સ્પર્શની ભાષા સંપૂર્ણપણે ભૂલી જવાય
ને શ્વાસ-ઉચ્છવાસ
જાતે જ બંડ પોકારે ત્યારે-
સમજવું કે હવે હાથવેંતમાં સંથારો....
અને જીવ સઘળી તાકાત એકઠી કરીને
એને બાથ ભીડવા દોડે ત્યારે-
જાણવું કે એણે જ બરાબરનો ભરડો
લઈ લીધો છે...
એ પછી નથી હોતી જરૂર કે હામ
સંથારાનો અર્થ સમજવાની...!!!

– હર્ષદ ત્રિવેદી

# સાહિત્ય વૃત્ત

## કવિનો શબ્દ

**સુરેન્દ્રનગરના વતની ગુલામ મોહમ્મદ શેખની એક સુંદર કૃતિ 'ઘેર જતાં' ની સમીક્ષા**




**કવિ ચિત્રકાર ગુલામ મોહમ્મદ શેખને સાહિત્ય અકાદમી એવોર્ડ**


કલમ અને પીંછી દ્વારા પોતાના ભાવવિશ્વને આલેખતા ચિત્રકાર, સર્જક શ્રી ગુલામ મોહમ્મદ શેખનું આ આત્મકથનાત્મક પુસ્તક છે. દેશવિદેશના અનેક માન અકરામો મેળવનાર આ વિશ્વપ્રવાસીને હૈયે વસેલા ઘરના સંભારણા અહીં બળકટ શબ્દોમાં વ્યક્ત થયા છે. જન્મથી જડાયેલા, ખોળેલાં ને મળેલા ઘરની સાથે સંકળાયેલી અનેક તીખી-મીઠી - કડવી - વેદનાસક્તિ સ્મૃતિઓ - માતા-ભાઈ ને પરિવારજનો જીવંત શબ્દચિત્રો - કશુંય ચોર્યા વગર, કોઈ ધારણવગર નહી. નિખાલસતા એ જીવનની આપદાઓની આ કથા ને આદિમ આવેગો, લોહચુંબકની જેમ ખેંચતી અને ને અસ્તિત્વને ઓગાળતી સ્મૃતિઓનો પાશ લેખકની જેમ વાચકને પણ જકડી લે છે.

'ઘર છોડ્યા પછી પાછા જવાની ઈચ્છા કરવી તે પગમાં મૂળ ઊગાડી જાતને જૂની માટીમાં રોપવા જેવું છે' જે જમીનમાં, જે હવામાં બાળપણ વ્યતીત થયું છે તેની સ્મૃતિઓ લેખકને ઝાંખરાની જેમ વળગી પડે છે. ઝાલાવાડની સૂકી ધરાને વર્ણવતા લેખક કહે છે 'આવળ બાવળની આછેતરી ઝાડીઓ, રસ્તે આવતા ગામડે બેઠેલી સૂનમૂન ઝુંપડીઓ અને અતિવૃષ્ટિથી ઉઝરડાયેલી ગાભણી જમીન જોતાં મારા માથામાં વેદનાના ટશિયા ફૂંટે છે.'

ઘર છૂટ્યા પછીનુ વિખુટું પડી ગયેલું ઘર લેખકને અરધી રાત્રે ઝબકાવી દે છે. ઢળતી સાંજની સાથે ઘેરાતી કાળાશ, તારોડિયું આકાશ, નદીનો સુકો રેતાળ પટ, પાંદડાઓનો ખખડાટ, જિન્નાત અને જાતજાતના જીવોનો આભાસ... મનના ભાઠામાં બળતી સ્મૃતિઓની જ્વાળા લેખકને ઈષ્ટદેવતાની જેમ જીવાડે છે તો રંજાડે પણ છે.

સીધી લીટીની આપકથાને બદલે કલમના લસરકાએ ઉજાગર થયેલો અતીત, સુરેન્દ્રનગર, વડોદરા અને ડલહાઉસીના ઘરની સાથે સંકળાયેલી જીવનની ઘટનાઓ, બહુ જ સહજતાથી આલેખાયેલી કજીયા, ક્લેશની કે જોહુકમીપણાની વાતોની સાથે અજાણી છોકરી પ્રત્યેનું આકર્ષણ, સામાજીક વૈમનસ્ય અને વાસ્તવ લેખકની તીવ્ર સંવેદનશીલતાનો પરિચય કરાવે છે. 'ગોદડી'માં વ્યક્ત થયેલી અનુભૂતિ આસ્વાદ્ય બની છે. માતૃભાષા પ્રત્યેનો પોતાને વિવશ કરી દેતો સ્નેહ, મિત્રોનો સાથ, સ્નેહપૂર્ણ દાંપત્ય... બધું જ બધું... વ્યક્ત..અવ્યક્ત...હૃદયને બેચેન કરી દેતું આલેખન, લેખકે પોતે જ દોરેલું 'લાંબા ગાળે ઘેર પાછા ફરતા'નું કળાત્મક મુખપૃષ્ઠ - ત્રણ સંસ્થાનું સહિયારું પ્રકાશન ગુજરાતી ભાષાના નવા સ્વરૂપનો ઉઘાડ કરે છે.

**– સંધ્યા શાહ**



# ગુલામ મોહમ્મદ શેખ

**ગુલામ મોહમ્મદ શેખ આંતરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ચિત્રકાર છે, કવિ છે. વડોદરામાં સુરેશ જોષીની મૈત્રીમાં કવિતા તરફ વળ્યા. 'અથવા' (૧૯૭૪), 'અથવા અને' (૨૦૧૩) એમના કાવ્યસંગ્રહો છે. આ ઉપરાંત બીજાં પુસ્તકો પણ તેમણે આપ્યા છે.**

**ગુલામ મોહમ્મદ શેખ આધુનિકતાવાદી અછાંદસ ગુજરાતી કવિતાના બળૂકા કવિ છે. એમના કાવ્યસર્જનને ચિત્રકારની વિલક્ષણ દૃષ્ટિનો લાભ મળ્યો છે.**

**૧૯૮૩માં એમને 'પદ્મશ્રી' એવોર્ડ પ્રાપ્ત થયો અને ૨૦૧૪માં 'પદ્મભૂષણ' અને ૨૦૨૨માં એમને એમના આત્મકથનાત્મક નિબંધોના પુસ્તક 'ઘેર જતાં' માટે સાહિત્ય અકાદમી એવોર્ડ પ્રાપ્ત થઈ રહ્યો છે.**

**શ્રી ગુલામ મોહમ્મદ શેખને વંદન સહ અભિનંદન.**

## વેવિશાળ

| રોનક / ભૂમિ | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **રોનક — ભૂમિ**<br>શ્રી ભાવેશભાઈ ચંદ્રકાન્તભાઈ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ -મીરારોડ)<br>શ્રી મનસુખભાઈ મગનલાલ છેડાની સુપુત્રી રતાડીયા ગણેશવાલા કચ્છ (હાલ - સાંતાક્રુઝ) | ૫૦૧ | ૫૦૧ |
| **વૈભવ — ઈશા**<br>શ્રી અશોકભાઈ પાંડુરંગભાઈ યેંગુલેના સુપુત્ર થાણા નિવાસી (હાલ - થાણા)<br>શ્રી અભયકુમાર ઈંદુલાલ શાહની સુપુત્રી સુંદરીયાના નિવાસી (હાલ - ગોરેગાવ) | ૫૦૧ | ૫૦૧ |
| **જય — જિનાલી**<br>શ્રી નિતિનભાઈ કેશવલાલ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - પાર્લા)<br>શ્રી પરેશભાઈ રમણિકલાલ બગડીયાની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - ઘાટકોપર) | ૫૦૦ | ૫૦૦ |

## પ્રભુતામાં પગલાં

| | | |
|---|---|---|
| **દેવાંશ - નિધિ**<br>શ્રી નિમિષભાઈ હિંમતલાલ સંઘવીના સુપુત્ર જોરાવરનગર નિવાસી (હાલ - બોરીવલી)<br>શ્રી મિલનભાઈ ચંપકલાલ શાહની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - સાયન) | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **ડૉ દિવ્યશાલી (U.S.A.) - ડૉ. આયુષિ (U.S.A.)**<br>શ્રીમતી રક્ષાબહેન સંજયભાઈ પારેખના સુપુત્ર પારડી નિવાસી (હાલ -મુંબઈ)<br>શ્રીમતી ડૉ. રશ્મિબેન ડૉ જયેશભાઈ શાહની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ-દુબઈ - મલાડ) | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **સ્મિત - નિધિ**<br>શ્રી ધર્મેન્દ્રભાઈ કાંતિલાલ ગોપાણીના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - મુલુંડ)<br>શ્રી હર્ષદભાઈ ભીખાલાલ મહેતાની સુપુત્રી ગઢડા નિવાસી (હાલ - દહિંસર) | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **ઋષભ - યેશા**<br>શ્રીમતી નયનાબેન રશ્મિકાંતભાઈ જયંતિલાલ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - કાંદિવલી)<br>શ્રીમતી વીણાબેન હરેશભાઈ વાડીલાલ ગાંધીની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - ભાયંદર) | ૫૦૧ | ૫૦૧ |

## સમાચાર સંકલન

**ગોપાણી પરિવાર....મુંબઈનું યોજાઈ ગયેલ સ્નેહમિલન**

ચર્ચગેટ થી વિરાર અને મુંબઈ વી.ટી થી કલ્યાણ સુધીના વિસ્તારમાં વસતા ગોપાણી પરિવારના ૯૦ કુટુંબોનું એક સ્નેહ-સંમેલન તા. ૨૭-૧૧-૨૨ ને રવિવારની સાંજે યોજવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા. કુળદેવી અંબાજી માતાની આરતી-પ્રસાદ સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. કોરોના કાળ તેમજ ૨૦૨૨ ના વરસમાં પરિવારે ગુમાવેલા સભ્યોને યાદ કરીને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલી આપી. ઓરકેસ્ટ્રા મનીષાબેન એન્ડ પાર્ટીએ ગીત-સંગીત, ડાન્સ-ગરબા અને સનેડાની ધુમ મચાવી સભ્યોને રસ તરબોળ કરી દીધાં હતાં, દરેક સભ્યોએ ચા, સ્ટાર્ટર સાથે ઠંડા જ્યુસની મજા લીધી.

પરિવારના તપસ્વી ભાઈ-બહેનોનું બહુમાન તથા ધોરણ ૧થી ૧૨ સુધી ભણતાં બાળકોને દાતાશ્રી સ્વ. અમુલખભાઈ મોહનલાલ ગોપાણી પરિવાર તરફથી રશ્મિનભાઈના હસ્તે ઈનામો આપી નવાજવામાં આવેલ.

પરિવારના વયોવૃદ્ધ સભ્ય શ્રી જયંતિભાઈ મનસુખલાલ ગોપાણી (ઉ.વ. ૯૨) નું શાલ ઓઢાડી તેમજ હાર પહેરાવીને બહુમાન કરવામાં આવેલ.

પરિવારના દરેક કુટુંબને ફુલ સાઈઝ બે ટોવેલનો સેટ ભેટમાં આપવામાં આવેલ. જેનું આયોજન કમિટી સભ્યોશ્રી વિનોદભાઈ ટી. ગોપાણી, શ્રી લલિતભાઈ એમ. ગોપાણી, શ્રી પિયુષ એચ. ગોપાણી, શ્રી હર્ષદભાઈ સી. ગોપાણી, શ્રી નિલેષ પી. ગોપાણી, શ્રી કલ્પેશ ડી. ગોપાણી, શ્રી રાજેષ જે. ગોપાણી તેમજ શ્રી ભાવિન બી. ગોપાણી દ્વારા કરવામાં આવેલ.

ઉત્તમ સ્વાદિષ્ટ ભોજન - આઈસ્ક્રીમ લઈ આવતા વરસે ફરી મળવાના કોલ સાથે રાત્રિના ૧૦ વાગતા સહુ વિદાય થયા હતાં.

# અંત :સ્ત્રોતા

■ ચુનીલાલ મડિયા



મધરાતનો ગજર ભાંગી ગયો હતો. શેરીઓમાં સોપો પડી ગયો હતો. પાણીશેરડે જળ જંપી ગયાં લાગતાં હતાં. પણ વરસોથી અકથ્ય અજંપો વેઠી રહેલ જાનબાઈની આંખમાં નીંદર નહોતી. સાંગામાંચી જેવા ખાટલા પર તેઓ આમથી તેમ પડખાં ફેરવતાં હતાં. ઘડીક વાર પાંપણ ભારે થતી હતી, પોપચાં બિડાતાં હતાં અને એકાએક ભૂતકાળની કોઈક ભયંકર યાદ તાજી થતાં તેઓ ઝબકીને જાગી જતાં હતાં. ફરી આંખ ઘેરાતી હતી, ફરી પાંપણ બિડાતી હતી અને ફરી એમનું અજાગ્રત મન અતીતની પરકમ્માએ ઊપડી જતું હતું.

કાગાનીંદર જેવી અર્ધસુષુપ્ત અવસ્થામાં જ ડેલીને બારણે સાંકળ ખખડતી સાંભળી અને જાનબાઈ ઝબકીને જાગી ગયાં. 'કોણ ?' માથા પર મલીર ઢાંકીને ખાટલા-માંથી ઊભાં થતાં જાનબાઈએ પૂછ્યું.

'ઉઘાડો !...ખડકી ઉઘાડો ઝટ, માથે મોટો ભાર છે.' બહારથી અધીરો અવાજ આવ્યો.

'એ...આ દીવે વાટ સંકોરીને આવી !' મોરવાયેથી મીઠા તેલનો દીવો વધારે સતેજ કરતાં જાનબાઈએ ઉત્તર આપ્યો. પછી મનમાં વિચાર્યું: 'કોણ હશે આટલું અસૂરું ?... સાદ તો ક્યાંક સાંભળ્યો હોય એવો લાગે છે... કોઈ મહીમહેમાન ?... પણ આટલાં અસૂરાં તો કોણ મહેમાન આવે ?... હાથમાં મોઢિયો દીવો લઈને જાનબાઈ ઝડપભેર ખડકી તરફ ગયાં. આશંકા અને જિજ્ઞાસાના મિશ્ર ભાવો સાથે એમણે ડેલીનો તોતિંગ આગળિયો ઉઘાડ્યો અને આવનારના મોં સામે દીવો ધરીને કુતૂહલભરી નજરે તાકી રહ્યાં.

પણ આગંતુકને અત્યારે ઔપચારિક આવકાર મળે ત્યાં સુધી બહાર થોભવાનો સમય નહોતો - સલામતી પણ નહોતી. એ તો, બારણું ઊઘડતાં જ ઝડપભેર અંદર ધસી આવ્યો, પોતાની મેળે જ ખડકીનું બારણું વાસી દીધું ને માથે આગળિયો પણ ભીડી દીધો. આવનારની આવી વિચિત્ર વર્તણૂકથી જાનબાઈ ડઘાઈ ગયાં. ફરી એમણે આ અજાણી વ્યક્તિના મોં સામે દીવો ધરીને ઓળખાણ પાડવાનો પ્રયત્ન કર્યો, પણ એમાં નિષ્ફળ જતાં આખરે પૂછી જ નાખ્યું: 'કોણ ? કોણ તમે ?'

આવનાર માણસ આફતોથી ઘેરાયેલો હોવા છતાં આ પ્રશ્ન સાંભળીને હસી પડ્યો અને સામો પ્રશ્ન કર્યો: 'બસ ? ભૂલી ગયાં ? સાદ તો ન ઓળખ્યો પણ આટલાં વરસમાં અણસાર પણ સંચોડો ભૂલી ગયાં ?'

જાનબાઈ ઝીણી નજરે આવનાર માણસનો અણસાર અવલોકી રહ્યાં. વધી ગયેલી સેંથકની દાઢી વચ્ચેથી એની મુખરેખા ઓળખવી મુશ્કેલ હતી પણ સ્નેહ નીતરતી ચમકીલી આંખ તરફ થોડી વાર તાકી રહેતાં વરસો જૂની પિછાણ તાજી થઈ અને તુરત જાનબાઈના અંગેઅંગમાં એક કમ્પારી પસાર થઈ ગઈ.

ધ્રૂજતે અવાજે પૂછ્યું: 'તમે વાહણના બાપુ તો નહીં ?'

'અંતે ઓળખ્યો ખરો !' આવનાર ફરી વાર ધીમું હસ્યો.

'પણ તમે તો તાલુકાની જેલમાં હતા ને ? ઓચિંતા અહીં ક્યાંથી ?'

'જેલમાંથી ભાગી છૂટ્યો છું.'

'હેં ?' જાનબાઈથી ચીસ પડાઈ ગઈ: 'ભાગી છૂટ્યા- ?'

'હળવે...હળવે સાદે બોલો.' આવનારે સૂચના આપી. 'કોઈ સાંભળી જાશે તો મારો સગડ નીકળશે.'

'અરે રે ! હું કેવી અભાગણી કે સગા ધણીનેય ઓળખ્યા નહીં ને 'કોણ છો તમે ?' કરીને ઊભી રહી !' જાનબાઈએ ક્ષમાયાચક સ્વરે કહ્યું.

'બાર બાર વરસના વિજોગ પછી ક્યાંથી ઓળખાઉં ? મારા દીદાર પણ સંચોડા બદલી ગયા છે...એમાં તમારોય શો વાંક ?' કહીને થાકીને લોથ થઈ ગયેલો દેવાયત માચી ઉપર જ બેસી ગયો. જાનબાઈ વરસો જૂની આદત પ્રમાણે પતિના પગ પાસે, નીચે જમીન પર જ બેઠાં અને દેવાયતના પગ દાબતાં દાબતાં પૂછ્યું:

'પણ તમે જેલમાંથી ભાગી આવ્યા શું કામ ? સરખી વાત તો કરો !'

'જેલ જિરવાણી નહીં.'

'જિરવામી નહીં ? બાર બાર વરહ લગણ તો -'

'જીરવી જોઈ,' દેવાયતે કહ્યું, 'પણ હવે વધુ જિરવાય એમ નહોતું. ઘંટી પીલીપીલીને પંડ્યમાં કો'ક રોગ ગરી ગ્યો તો -' આકરી જાત-તોડ્ય...ને એમાં વળી જેલના

રોટલા...કાયા ક્યાંથી કામ કરે ?' 'અધમણ અધમણનાં દળણાં દળતાં દળતાં આંખે અંધારાં આવી જાતા'તાં...'

'આવે જ ને ! હવે અવસ્થાય કાંઈ નાની છે ?' જાનબાઈએ પતિના મોં તરફ તાકી રહીને કહ્યું. 'માથા ઉપર સમ ખાવાનેય એક કાળો મોવાળો ક્યાં કળાય છે ?'

'ને પાછી જનમટીપની જેલ... નહીં આરો કે નહીં અનળગો !' દેવાયતે ઉદ્ગાર કાઢ્યો.

'જનમટીપમાંથી તો કાંઈક કપાણું'તું એમ સાંભ્યું'તું ને ? પોણા પોણા વરસ ગણીને સજામાં ઘટાડો થ્યો'તો ને ?'

'તોય હજી બીજાં છ વરસ બાકી રેતાં'તાં...પાકાં છ વરસ !'

'હજી છ વરસ વધારે ભોગવવાનાં હતાં ? અરે ભગવાન ! કરમમાં લાંબા વિજોગ લખ્યા હોય એ ખોટા કેમ કરીને થાય ?' જાનબાઈએ આર્ત અવાજે કહ્યું. પછી જરા વાર રહીને ઉમેર્યું, 'પણ બાર બાર વરસ ખેંચી કાઢ્યાં એમ બીજાં છ વરસ પણ-'

'ખેંચાય એમ જ નહોતું,' દેવાયતે વચ્ચે જ ઉત્તર આપી દીધો. 'ડિલ આખું તૂટતું'તું...હાડકેહાડકું કળતું'તું.'

'ઘરના ઘડેલા રોટલા ન જડે પછી હાડકાં તો કળે જ ને ! ડિલ ક્યાંથી કહ્યું કરે ! કરમમાં વીતક માંડ્યાં હશે !' નિસાસો નાખીને જાનબાઈ ઊભાં થયાં અને પાણિયારે કળશો ભરવા ગયાં. પુત્રને પયઘૂંટ પાતાં હોય એટલા વાત્સલ્યથી જાનબાઈએ પાણી પાતાં પાતાં કહ્યું: 'લ્યો આ ઢોલિયો ઢાળું... થાક્યાપાક્યા આવ્યા છો તી બે ઘડી લાંબો વાંસો કરો.'

'મથરાત થઈ ગઈ તોય હજી ઢોલિયો ઢાળ્યો જ નથી ?' દેવાયતે કુતૂહલથી પૂછ્યું.

'કિયે સુખે ઢોલિયો ઢાળવો મારે ? આ સેજ ઉપર કિયે સુખે મને નીંદર આવે ?' ઢોલિયા ઉપર ધોળીફૂલ ધડકી બિછાવતાં જાનબાઈએ ઉમેર્યું, 'તમને તાલુકે લઈ ગયા તે દીનો ઢોલિયો તો આ ખૂણામાં ઊભો કરી મેલ્યો છે. હું તો આ પાગરણ ઉપર પડી રહું છું.'

સાંભળીને દેવાયતનું હૃદય દ્રવી ઊઠ્યું. બોલ્યો: 'ભારી કષ્ટ વેઠ્યાં તમે તો -'

'તમ કરતાં ઓછાં,' જાનબાઈએ જવાબ આપ્યો, 'તમે તો અમ સારુ થઈને જાત નિચોવી નાખી. પારકું પાતક પોતા ઉપર ઓઢી લીધું. ગનો કર્યો વાહણે ને કબૂલાત કરી તમે !'

'વાહણ કાંઈ પારકું માણસ થોડું હતું ?' દેવાયતે કહ્યું. 'પેટનાં જણ્યાં ભૂલ કરી બેસે તો માબાપે ભોગવી લેવી પડે.'

'વાહણ પેટનો જણ્યો ખરો, પણ મારો પોતાનો.' જાનબાઈએ પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવ્યું. 'તમે મર એને સગા દીકરાથીય સવાયો ગણો. પણ અંતે તો ઈ મારો આંગળિયાત જ ને ?'

'આંગળિયાત હોય કે અંગનો હોય. મારે મન તો વાહણ દીકરો જ.'

'ઈ તો તમારા મનની એટલી મોટપ. બાકી વાહણનો સાચો બાપ તો પાણશિંગાનો દુદો આયર જ ગણાય, ને ! દુદો આયર દેવ થ્યા કેડે તમારે આંગણે મેં હેલ્ય ઉતારી ને ભેગો વાહણને આંગળીએ લેતી આવી.'

થોડી વાર આ દંપતી ભૂતકાળનાં સુખદ-દુખદ સંસ્મરણોમાં ડૂબકી મારી ગયાં. બંનેની ચિત્તનદીઓનાં વહેણ જુદી જુદી દિશાઓમાં વહેતાં હતાં. છતાં અંતે એમના સમરસ અને સંવાદી જીવન-વહેણની જેમ એ એક જ સંગમસ્થાને આવી મળતાં હતાં. તુરત દેવાયતને યાદ આવ્યું કે પત્નીએ વાહણને 'આંગળિયાત' કહીને બાપ-દીકરા વચ્ચે જુદાઈનો - જરાક જ જુદાઈનો – ભાવ સૂચવ્યો છે. પોતાના પ્રસન્ન, પ્રેમ પ્લાવિત દામ્પત્યમાંથી જુદાઈની આવી જરાસરખી લાગણી પણ સહન ન થતાં દેવાયતે કહ્યું:

'ઈ આંગળિયાત તો મારી આંખનું રતન. એને સુખે હું સુખી, એને દુ:ખે હું દુ:ખી.'

'એટલે તો તમે વાહણને સુખી કરવા આટઆટલાં દુ:ખ વોરી લીધાં ને !' પત્નીએ સમર્થન કર્યું. 'ગીગા કણબીને કુવાડી તો વાહણે મારી'તી પણ ખૂનનું તહોમત તમે જ માથે લઈ લીધું.'

'લઈ જ લેવું પડે ને ! છોકરે તો જુવાનીના તોરમાં કણબીને ઝાટકે દીધો, પણ મેં સંધુંય માથે ઓઢી ન લીધું હોત તો આજે મારી જગાએ વાહણ જનમટીપમાં પડ્યો હોત.'

આ પ્રસંગ હજી ગઈ કાલે જ બન્યો હોય એમ જાનબાઈની આંખ સામે આખી ઘટના તાદૃશ થઈ ગઈ. દેવાયતે પોતાની નવી પરણેતરના આંગળિયાત પુત્ર વાહણને હોંશે હોંશે પરણાવેલો. કંકુની પૂતળી સમી વાહણની વહુ સોનલ ઝીંઝાવદરમાં આવી ત્યારે ગામ આખાએ એકી અવાજે કહેલું: 'આવાં દેવાંશી રૂપ તો જન્મારામાં ક્યાંય દીઠાં નહોતાં.' આવાં દેવાંશી રૂપે ગીગા નામના એક નાદાન કણબીને દઝાડેલો.

કહેવાય છે કે ગીગો આ રૂપરૂપના અંબારમાં અંજાઈ જતાં એણે કશુંક અટકચાળું કરેલું. એ અંગે વાહણના કાનમાં કેટલાક ભાઈબંધોએ ભંભેરણીનું ઝેર રેડેલું. ઊગતી જુવાનીના અવિચારીપણામાં વૈરભાવનું ઝનૂન ભળ્યું, ને વાહણે લાગ ગોતીને ગીગા કણબીને કુહાડીને ઝાટકે માર્યો... ફોજદાર તપાસ કરવા આવેલા એ કારમી રાતના ભણકારા તો જાનબાઈની સ્મૃતિમાં કોઈ ભંયકર દુ:સ્વપ્નની જેમ

આજ સુધી વાગ્યા જ કરતા.

દેવાયતે અજબ દિલાવરી ને દૂરંદેશીથી હિંમતભર્યો નિર્ણય કરી નાખેલો અને દીકરા પરનો આરોપ પોતે ઓઢી લીધેલો. 'મલક આખામાં ક્યાંય સાંભળ્યું છે કે ગનો એક જણ કરે ને સજા બીજો ભોગવે ?' બાર વરસ પહેલાંનો એ બનાવ યાદ આવતાં જાનબાઈનું હૃદય વલોવાઈ ગયું.

'મેં કર્યું ઈ બરોબર જોઈ-વિચારીને જ કર્યું'તું, દેવાયતે જવાબ આપ્યો, 'હું ગમે તેમ તોય ખાઈ-પી ઊતરેલો, ને વાહાણ હતો જવાનજોધ. એને હજી જંદગાની જોવાની બાકી હતી. લબરમૂછિયા છોકરાને જનમટીપ પડી હોત તો ઈનો આખો અવાતર રોળાઈ જાત.'

નીરવ રાત્રિમાં મૌન પથરાયું. જાનબાઈનું હૃદય મૂગું મૂગું રડતું હતું અને દેવાયતને એ અશ્રુત રુદનની અનુભૂતિ થતી હતી. આવું નિઃશબ્દ વાતાવરણ જાનબાઈથી જિરવાય એમ નહોતું. તેઓ એકાએક બોલી ઊઠ્યાં: 'અરે ! વાતુમાં ને વાતુમાં વાળુ કાઢવાનું તો સંચોડું ભૂલી જ ગઈ ! ભૂખ્યા થયા હશો સારીપટ. લ્યો, દૂધ-રોટલો કાઢી આવું-'

'રેવા દિયોને દાખડો. ટાઢે પહોરે સંચાર થાશે તો કો'કને વેમ આવશે.' દેવાયતે ફરી પોતાની દહેશત કહી સંભળાવી. પછી ઉમેર્યું: 'સવારે સહુ ભેગાં બેહીન શિરાવશું... વાહણ ઊંઘી ગયો છે ?'

'ઊંઘી ગયો હોય તો હું એને ઉઠાડ્યા વિના રહું ખરી ?' જાનબાઈએ કહ્યું: 'વાહણ તો સરકારમાં રિયો છે. ગામમાં પસાયતું કરે છે. આખી રાત રોનપેરો ભરીને મળસ્કે ઘેરે આવશે.' સાંભળીને દેવાયત ચમકી ઊઠ્યો. પત્નીના શબ્દો સાંભળીને જાણે કે દાઝી ઊઠ્યો હોય એમ એણે પૂછ્યું:

'પસાયતો ? વાહણ પસાયતો થયો છે ?'

'હા. હજી હમણાં જ નોકરી નોંધાણી છે.' જાનબાઈએ સંપૂર્ણ સ્વસ્થતાથી જવાબ આપ્યો: 'ભાદરે છેલ મારી તંયે ગાંડરાં-બકરાં સોત ઝીણોમોટો સંધોય માલ તણાઈ ગયો એમાં આપણું ખાડું ભાંગી ગયું. પછી સરખાઈ આવી જ નહીં ને વાહણ નિમાણો થઈને બાર બાર મહિનાથી ઘેરે નવરો બેઠો'તો. હમણાં વળી એક મકરાણી પસાયતાની જગા ખાલી થઈ એમાં પોલીસપટેલે વાહણને વીસુમાં બે ઓછા રૂપિયાનો મહિનો બાંધી દીધો.'

સાંભળીને દેવાયત તો ઠંડોગાર થઈ ગયો. માત્ર આટલું જ બોલી શક્યો: 'તંયે તો હું આંહી ખોટે ઠેકાણે આવી ઊભો !'

'કાં ? કાં ?' આમ કાં બોલો ?' જાનબાઈ ચોંકી ઊઠ્યાં.

'વાહણ તો સરકારનો નોકર ગણાય. સરકારનો પસાયતો ઊઠીને સરકારના જ કેદીને કેમ કરીને સંઘરે ?'

'પણ ઘર તો મારું છે કે વાહણનું ?' પત્નીએ સધિયારો આપ્યો. 'હું તમને સંઘરીશ. કોઈને ગંધ શેની જાય કે તમે આ ઘરમાં સંતાણા છો ?'

'ના, ના. એવું જોખમ નો ખેડાય.' દેવાયતે ભય બતાવ્યો, 'વાહણનો માંડ કરીને બંધાણો ઈ રોટલો ટળી જાય -'

'કાલ ટળતો હોય તો મર આજ ટળે !' જાનબાઈએ મક્કમ અવાજે સંભળાવી દીધું. 'રુપરડી તો રોકડી અઢારની વાત છે કે વધારે ?'

'ના, ના. મને અહીંથી નીકળી જાવા દિયો ઝટ. ઠાલાં મોફતનાં પોલીસનાં ધાડાં આવશે તો તમારે કઠણાઈ થઈ પડશે. હું જાઉં ઝટ...'

'એમ તી જાવાતાં હશે ?' જાનબાઈએ યાચક અવાજે પૂછ્યું. 'આટલે વરસે ઓચિંતા આંગણે આવ્યા ને પંડ્યને ઘેરેથી જ ભૂખ્યે પેટે પાછા જાશો ?'

'હું તો વાહણ ને એનાં છોકરાંનું મોઢું જોવા અવ્યો'તો. પણ હવે કો'ક વાર ફરીથી આંટો આવી જાઈશ, જો જીવતો રિયો તો.' ઢોલિયા પરથી ઊભા થતાં દેવાયતે કહ્યું, 'અટાણે તો હાલી નીકળવા દિયો-'

'વાહણને હું અબઘડી બરકું છું. વવ-છોકરાં મેડા ઉપર ઊંઘી ગયાં છે પણ ઘડીક વાર સહુને ઉઠાવીશ.' પત્નીએ પતિને સમજાવવા પ્રયત્ન કર્યો. 'પણ પેલા પરથમ તમે દૂધ-રોટલો ખાઈ લ્યો ઝટ.'

'પણ મારે વાંકે વાહણને બચારાને -'

'વાહણનું તો કરમમાં માંડ્યું હશે ઈમ થાશે...તમતમારે વાળુ કરી લ્યો. હવે ના ભણે ઈને મારા સમ છે... ઊઠો ઝટ, ઊઠો...'

જાનબાઈના આગ્રહને વશ થઈને દેવાયત ઢોલિયા પરથી ઊભો થયો ને અચકાતો અચકાતો પત્નીની પાછળ રાંધણિયામાં ગયો. જાનબાઈએ હોંશે હોંશે કાંસાની થાળીમાં મજાનો મઢો રોટલો મૂક્યો. દોણીમાંથી તાંસળી ભરીને દૂધ પીરસ્યું. કોઠલો ઉઘાડીને ગરમરના અથાણાની ચીર કાઢી. જેલના રસોડાનાં કાચાંપાકાં ભાખરાં વડે પેટ ભરનાર દેવાયત માટે આજનો ભોજનથાળ મનભાવતો હતો. પત્નીની અમીભરી આંખમાંથી વરસતા ભાવ તો ભોજન કરતાંય વધારે મિષ્ટ હતા. દેવાયતે માંડ અરધો રોટલો ખાધો હશે ત્યાં તો ખડકીને બારણે સાંકળ ખખડી.

જાનબાઈ ચોંકી ઊઠ્યાં. સાદ પાડ્યો: 'કોણ ?'

'માડી, હું વાહણ !' શેરીમાંથી અવાજ આવ્યો.

દેવાયતના હાથમાં રોટલાનું બટકું થંભી ગયું. 'એ...આવી, હો ગગા !' કહીને જાનબાઈ ઊભાં થયાં... ડેલીનો આગળિયો

ઉઘાડવા જતાં મનમાં ગણગણ્યાં: 'અબળ આજ વાહણ અધરાતે ઘેર આવ્યો !'

એક હાથમાં બેટરી, બીજા હાથમાં છાપું ને ખભે બ્રિજલોડ બંદૂક લઈને પસાયતાના વેશમાં વાહણ ઓસરીમાં આવ્યો. જાનબાઈ તરફ જોઈને એ ભયભીત અવાજે બોલ્યો:'મા...મા ! મારા બાપુ તાલુકેથી જેલ તોડીને ભાગ્યા-'

'આંયાંકણે રાંધણિયામાં જ છે...રોટલો ખાય છે -'

'હેં ?' વાહણનો સાદ ફાટી ગયો. પૂછ્યું: 'કયુંકના આવ્યા છે ?'

'થોડીક વાર થઈ' કહીને જાનબાઈએ સામું પૂછ્યું: 'પણ તને કોણે વાવડ દિધા ?'

'ગેટ ઉપર ટેલિફોન આવી ગયો, તાલુકા ફોજદારનો...ને આ ચોપાનિયામાંય છપાણું છે.'

'સાચોસાચ ?'

'હા. આમાં લખે છે કે ભાગતાં ભાગતાં જેલના એક ચોકિયાતનું ઢીમ ઢાળતા આવ્યા છે.'

'તારું મોઢું જોવા આવ્યા છે, ગગા !' જાનબાઈએ હરખભેર કહ્યું, 'તું ઠીક ટાણાસર આવી પૂગ્યો.'

'પણ ટેલિફોનમાં કિયે છે કે આપણા ઝીંઝાવદરની સીમ લગણ મારા બાપુના સગડ નીકળે છે ને સગડે સગડે સિપાઈની ઘીસત આવે છે... વાંસોવાંસ -'

'વાંસે ઘીસત ચડી છે ?'

'હા, અબઘડીએ આવી પૂગી સમજો !' વાહણે કહ્યું. 'પગેરું કાઢતાં શી વાર લાગે ?' ઓસરીમાં મા-દીકરા વચ્ચે થયેલી આટલી વાતચીત સાંભળ્યા પછી રાંધણિયામાં રોટલો ખાઈ રહેલ દેવાયતનો જીવ હાથ ન રહ્યો. એક હાથમાં રોટલાનું બટકું ને બીજા હાથમાં દૂધની તાંસળી લઈને એ ઓસરીમાં ધસી આવ્યો ને પૂછ્યું:

'શું કીધું ? ઘીસત આવે છે ?'

કેદીના વેશમાં પણ પિતાને ઓળખી જતાં વાહણ એના પગમાં પડી ગયો. ગદ્‌ગદિત સ્વરે બોલવા લાગ્યો: 'બાપુ !...બાપુ !' દેવાયતે વાહણના માથા પર હાથ મૂકીને આશીર્વાદ ઉચ્ચાર્યા: 'જીવતો રે દીકરા !' અને પછી પૂછ્યું: 'પણ તને કોણે કીધું કે મારી વાંસે વહાર ચડી છે ?'

'તાલુકેથી ટેલિફોન -'

'શું ? શું ?' દેવાયતને આ અંગ્રેજી શબ્દ જ સાવ અપરિચિત લાગ્યો.

જાનબાઈએ સમજણ પાડી: 'તમે ગયા પછી નવી ભાતનાં ભૂંગળાં નીકળ્યાં છે, એમાં ગમે એટલે આઘેથીય સામું માણસ હરુભરુ વાતચીત કરી શકે.'

'સાચોસાચ ?'

'હા, બાપુ !' વાહણે કહ્યું, 'પોલીસપટેલ હારે તાલુકા ફોજદારે વાતચીત કરી લીધી કે દેવાયતના ખોરડા ઉપર નજર રાખજો.'

સરકારે કારહા પણ કાંઈ જેવાતેવા કર્યા છે !' જાનબાઈ બોલ્યાં.

જાનબાઈએ પુત્રની સામે સચોટ પ્રશ્ન ફેંક્યો: 'તારો પંડ્યની માંયલો તને શું કિયે છ ? જે બાપે દીકરા સારુ થઈ પોતાનો અવતાર બાળી નાખ્યો એને એક રાતવાસો દેવા જેટલીય તારા પેટમાં દયા નથી ?'

'પણ રાતવાસો રેશે કેમ કરીને, મા ?' વાહણે બીતાં બીતાં કહ્યું. 'પોલીસની પલટણ આખી સીમને ઘેરી લેશે એમ લાગે છે.' વાહણે ભય બતાવ્યો.

'પલટણ આવી પૂગે ઈ મોર્ય જ હું ભાગી નીકળું તો ?' દેવાયતે પૂછ્યું.

'નથી ભાગવું ! તમે રોટલો તો ખાઈ લ્યો પૂરો !' જાનબાઈએ ઉગ્ર અવાજે કહ્યું: 'થાશે થાવાનું હશે એમ...પીરસેલ ભાણેથી ઊઠો તો અપશકન -'

'હવે આવે ટાણે તી શકન કે અપશનક જોવાતાં હશે ! મને સીમ સોંસરવો નીકળી જવા દિયો.' દેવાયતે કહ્યું, 'રાતોરાત ગર્યમાં ઊતરી જાઈશ... પછે ગર્ય તો માનું પેટ... ગમે એટલી ઘીસત વાંસે ચડે તોય ગોતી ન શકે.'

'નથી જાવું ગર્યમાં.' જાનબાઈએ સંભળાવી દીધું. વચ્ચે વાહણ બોલવા ગયો:

'પણ મા -'

'ભલે ચડી ઘીસત !'

ફરી વાહણ વચ્ચે બોલ્યો: 'પણ મા, મારી નોકરી -'

'નોકરી કાલ જાતી હોય તો આજ ભલે જાય.' જાનબાઈએ એક જ વાક્ય વડે વાહણને મૂંગો કરી દીધો.

હવે દેવાયત બોલ્યો: 'તમે ખોટી ધડ્ય કરો મા, ને ઝટપટ જાવા દિયો.'

'તમે ઘડીક મૂંગા રિયો !' જાનબાઈએ પતિને હુકમ ફરમાવી દીધો. પછી પોચટ સ્વભાવના પુત્રને પૂછ્યું: ગગા વાહણ ! તમને બાપ કરતાં નોકરી વધારે વાલી લાગે છે ?'

'પણ...પણ' કરીને વાહણે ગારા ચાવવા માંડ્યા. 'પોલીસપટેલે મને કીધું કે -'

'પોલીસપટેલ તો ગમે એમ કિયે,'

'અબઘડીએ પલટણ આવી પૂગશે ને ઘર આખામાં -'

'એની ફિકર તું કરજે મા. તારા બાપુને ગમે એમ કરીને હું સંઘરી દઈશ.' જાનબાઈએ સમજાવ્યું. 'કમોદની કોઠી અરધિયાણ ખાલી થઈ ગઈ છે એમાં ઉતારી દઈશ...જિંદગી આખી એમાં પડ્યા રિયે તોય કોઈને વેમ નો આવે.'

'એવાં જોખમ ખેડવાં રેવાં દિયો !' દેવાયતે કહ્યું. 'ઠાલી મારે વાંકે તમ ઉપર આપદા આવી પડશે. મારે હવે જીવવું કેટલું ને વાત કેટલી ?' દેવાયત બોલતો હતો ત્યાં

જ દૂર દૂરથી મોટર-ખટારાના ધમકારા કાને પડ્યા અને વાહણ ચોંકી ઊઠ્યો.

'મોટરું આવી પૂગી કે શું?' કરતોકને એ ઢોલિયાની ઈસ પર ચડી ગયો ને જાળિયામાંથી વગડા તરફ નજર કરીને બોલી ઊઠ્યોઃ 'હા... આ આંબલિયાળી વાડી પાસે ઉજાસ કળાય!' અને પછી ભયભીત અવાજે ચીસ પાડીઃ બાપુ!'

'હું જાઉં છું' દેવાયત બોલ્યો.

'પણ કેની કોર જાશો આવી કાળી રાતે?' પત્નીએ પૂછ્યું.

'ચોખૂટ ધરતી પડી છે!' દેવાયતે અજબ આત્મશ્રદ્ધાથી કહ્યુંઃ 'જહાધારને માર્ગેથી ગર્યમાં કનકાઈમાતા દીમનો ઊતરી જાઈશ. સાસણનું જંગલ અજાજૂડ પડ્યું છે. નાંદીવેલાની બોખ્યુમાં નિરાંતે પડ્યો રૈશ તો જિંદગી આખી કોઈ નામ નૈ લ્યે.'

વાહણને આવી વાતચીતમાં બહુ રસ નહોતો. એ તો ઢોલિયાની ઈસ ઉપર ઊભો ઝીણી નજરે જાળિયાની બહાર જ જોઈ રહ્યો હતો. થોડી વારે ઓચિંતો એ બોલી ઊઠ્યોઃ 'આ ખટારાની બત્તીના શેરડા ઝબક્યા! મસાણખડી લગણ આવી પૂગ્યા લાગે છે!...હવે?'

'હવે ઝટ નીકળી જાવા દિયો મને, નીકર ટાણું નહીં રિયે તો ઝલાઈ જાઈશ.' દેવાયત અધીરો થઈ ગયો.

'કેમ કરીને જાવા દઉં?' જાનબાઈ બોલ્યાં, 'મારો જીવ નથી હાલતો. આ ગઢપણમાં તમે કેમ કરીને -'

'ગઢપણ છે એટલે જ આટલી ઉતાવળ કરવી પડે છે.' દેવાયતે કહ્યું, 'પંથ લાંબો કાપવાનો છે. ને ઝલાઈ જાઉં તો જેલમાં જ દેહ છોડવો પડે ને અવગતે જાવું પડે.'

દેહ છોડવાની અને અવગતે જવાની અમંગળ વાતો સાંભળીને જાનબાઈનું હૈયું હાથ ન રહ્યું. તેઓ કરગરી ઊઠ્યાંઃ

'મને કોચવો મા, આવાં વેણ બોલીને કાળી રાતે મને કોચવો મા.'

પત્નીને સાંત્વન આપવા દેવાયતે કહ્યુંઃ'હજી તો મારે દામાકંડમાં ખોળિયું પલાળવું છે ને તળસીશામની ઝાંખી કરવી છે. સિપાઈ-સપરાં મારો કેડો મેલશે પછી તો હું એ...ઈ.. ને નિરાંતે તળસીશામને પગથિયે માળા લઈને બેસી જાઈશ. તમે સહુ વરસોવરસ જાતરાને મસે નીકળતાં રેજો તો આપણા મોં-મેળા થાતા રેશે.'

દેવાયતનાં આવાં દિવાસ્વપ્નો જાનબાઈને શાતાદાયક લાગતાં હતાં - પણ પુત્રને તો એ કંટાળો જ પ્રેરતાં હતાં. પોતાની ધીરજનો અંત આવતાં વાહણ બોલી ઊઠ્યોઃ

'બાપુ, હવે ઝટ કરો!... આ તેલની ગાડીને આંબતાં વાર નહીં લાગે ને ઠાલાં મોફતનાં ઘડીક સારુ થઈને ઘેરાઈ જાશો.'

જાનબાઈનું કલ્પાંત ચાલુ હતુંઃ 'અરે રે! તમે તો રોટલોય પૂરો નો ખાધો! હું અભાગણી તમારે આંગણે આવી ને -'

'વાહણ! એલા વાહણ હે...એ!' ખડકી બહારથી વાહણના નામનો પોકાર થયો.

'એ... આવ્યો!' વાહણે જવાબ આપ્યો. વાહણે જવાબ આપ્યો. પછી જાનબાઈને કહ્યુંઃ 'પોલીસપટેલ સાદ કરે છે...ઘીસત આવી પૂગી લાગે છે!'

આવી પૂગી ? જાનબાઈનો અવાજ તરડાઈ ગયો.

વાહણે પિતાને સલાહ આપીઃ 'બાપુ, હવે તમે દખણાદી દશ્યાએ ભીમોરાને ઝાંપેથી નીકળી જાજો, હો! ઓતરાદે ઝાંપે તો નાકું બાંધી દીધું હશે... લ્યો હવે હું જાઉં.'

ખડકી તરફ જતા વાહણની આડે ઊભાં રહીને જાનબાઈ બોલ્યાંઃ 'રેવા દે, ગગા! રેવા દે; આવી નોકરિયું કરવા તારે નથી જાવું.' પણ તુરત દેવાયતે જાનબાઈને વધારે બોલતાં વાળી લીધાં. કહ્યુંઃ

'વાહણનો મારગ રોકો તો મારા સમ છે...બચરવાળનો રોટલો રઝળી પડશે...આપણે તો હવે પાકાં પાન.'

બહાર નીકળતાં નીકળતાં પણ વાહણ પાછો વળીને પિતાને એક વધારે સૂચના આપતો ગયોઃ

'બાપુ! તમે હવે ખડકીમાંથી નો નીકળતા... વાડાની વંડી ઠેકીને ઠૂમરને ખોરડેથી પાધરા કણબીપામાં -'

'હો...હો...' દેવાયતે કહ્યું.

વળી વાહણને પિતાની સલામતી અંગે એક વધારે વિગત સૂઝી, તે ખડકીમાંથી પાછો વળીને કહેતો ગયોઃ 'મસીદની પછીતે ગઢની રાંગમાં ગળકબારી છે.'

'મારી જોયેલી છે... તારે કહેવું નો પડે,' દેવાયતે હસતાં હસતાં પુત્રને વિદાય આપી, 'તું તારે જા હવે...જો, જાવા ટાણે કોચવા મા... લૂઈ નાખ, નીકર હું પંડ્યે કોચવાઈ જાઈશ.'

ભારે પગલે વાહણ બહાર ગયો. જાનબાઈ મૂંગા મૂંગાં જઈને ખડકી વાસી આવ્યાં. પાછાં આવીને એમણે મોં પર મલીર ઢાંકી દીધું. પણ ગળામાંથી નીકળી ગયેલું આછરું ડૂસકું મલીર ઢાક્યા છતાં થોડું છતું થયા વિના રહે એમ હતું!

'અરે, તમે તો આપણા વાહણ કરતાંય વધારે પોચાં નીકળ્યાં!' દેવાયતે પત્નીને ઠપકો આપ્યો. 'જાવા ટાણે મને હૈયારી દેવાને બદલે હીબકાં ભરો છો!' જાનબાઈએ માંડ માંડ અટકાવી રાખેલું રુદન હવે અટકી શકે એમ નહોતું. એમનાથી ઠૂઠવો જ મુકાઈ ગયોઃ

'મેં અભાગણીએ તમારું જીવતર રોળી નાખ્યું...'

'ખબરદાર આવું કાંઈ બોલ્યાં છો તો!' દેવાયતે પ્રેમભર્યો ડારો દીધો. પોતે આગળ કશું બોલવા જાય એ પહેલાં તો બહારથી

ધડબડ ધડબડ અવાજો સંભળાવા લાગ્યા.

'ઘીસત તો સાચે જ આવી પૂગી...'

જાનબાઈએ રડતાં રડતાં પૂછ્યુંઃ 'તમે હવે કેમ કરીને ગામ સોંસરવા નીકળશો ?'

'દખણાદી દશ્યેથી...વાહણે મસીદની ગળકબારી ચીંધી છે ને !'

'આ ઘરમાં તમારાં અંજળપાણી નહીં જ લખ્યાં હોય !' જાનબાઈથી બોલાઈ ગયું.

'આ ભવમાં નહીં લખ્યાં હોય તો આવતે ભવે ફરી દાણ ભેગાં થાશું,' વાડા તરફ જતાં જતાં દેવાયત બોલ્યો.

'પણ આ ભવમાં હવે આ આયખું કેમ કરીને પૂરું કરશું ?' કહીને ફરી જાનબાઈ રડી પડ્યાં.

'આપણાં બેયનાં જીવતર કડવાં ઝેર.' બહાર પોલીસની હરફર તથા હાકલા-પડકાર વધતા જતા હતા. પતિ હવે પાછલે બારણે જઈ જ રહ્યા છે એ જાણીને જાનબાઈએ છેલ્લો પ્રશ્ન પૂછ્યોઃ 'તયેં શું હવે જીવ્યા-મૂવાનાં જુવાર જ ?'

'ના, ના. તમને છેલ્લાં જુવાર તો આ જીભેથી કેમ કરીને કેવાય ?' દેવાયત બોલ્યો. આવતી શવરાતે જૂનેગઢ આવજો, વાહણને ને વવ-છોકરાંને લઈને. ભવનાથને મેળે ભેગાં થઈ જાશું.'

'સાસોચાચ ?' પુનર્મિલનની આશાએ જાનબાઈનું રુદન અટકાવી દીધું. 'હા હું કોક ભજનમંડળીમાં મંજીરા લઈને બેઠો હઈશ. ઓળખી કાઢશો ને ?' દેવાયતે પૂછ્યું.

'આવડા જીવતર આખામાં તમારી સાચી ઓળખ ન કરી શકી એ હું હવે મબલખ મેળામાં તો કેમ કરીને ઓળખીશ ?' જાનબાઈએ મર્મભર્યો પ્રશ્ન કર્યો.

'હું પંડ્યે જ નજર રાખીને બેહીશ...ડુંગરની તળેટીમાં... તમને ગમે ત્યાંથી ગોતી કાઢીશ,' આટલું કહીને દેવાયત વાડા તરફ આગળ વધતાં બોલ્યોઃ 'લ્યો, જાઉં તયે -'

ફરી વાર રડતાં રડતાં જાનબાઈએ આડે ઊભીને પતિનો મારગ આંતર્યોઃ 'મને નોધારીને મેલી જાવ મા -'

'અરે ! જાનબાઈ જેવી જોગણી ઊઠીને આમ રોવા બેહશે તો તો દેવાયતનું પડખું લાજે,પડખું !' કહીને ઝડપભેર દેવાયત પાછલે બારણે ચાલ્યો ગયો. જાનબાઈ શૂન્ય આંખે, પતિને જતા જોઈ રહ્યાં. જાણે કે એક હર્યું ભર્યું સોનેરી શમણું આવીને ઊડી ગયું હોય એવી હતાશા તેઓ અનુભવી રહ્યાં. થોડી વારે સ્વસ્થ થતાં, ઢોલિયાની ઈસ પર ચડીને જાળિયામાંથી જોવા લાગ્યાં.

'અરે ! દશ્ય ભૂલ્યા કે શું ?' દેવાયતને ડાબે હાથે વળવાને બદલે જમણી બાજુ જતો જોઈને જાનબાઈ જાળિયામાંથી બોલી ઊઠ્યાંઃ 'જમણા જાવ મા, નાકાં વાળ્યાં હશે...ડાબા...કણબીપા કોર્ય...દખણાદે ઝાંપેથી જાવ...કહું છું, જમણા જાવ મા, સામે જમડા ઊભા છે...સુતારની શેરીમાં વળી જાવ ઝટ...ગઢની ગળકબારીએથી નીકળો... પાછા વળો, પાછા...' જાળિયામાંથી બહાર જોતાં જોતાં જાનબાઈ અધ્ધર શ્વાસે આટલાં વચનો બોલી ગયાં.

પતિને આટઆટલી આજ્ઞાઓ આપી છતાં એમાંથી એકેયનું પાલન થતું ન જણાયું ત્યારે એમણે આવેશભરી બૂમો જ પાડવા માંડીઃ 'કઉં છું કે પાછા વળો, ઘીસત ઘેરી લેશે... એ નથી જાવું, પાછા ઘરમાં આવતા રિયો, ઘરમાં...' જાનબાઈની એક પણ આજ્ઞાનું પાલન ન થયું અને બહાર શોરબકોર વધતો જણાયો ત્યારે તો, ઠીક ઠીક આઘે નીકળી ગયેલા પતિને ઉદ્દેશીને જાનબાઈએ બેફામપણે ચીસો જ પાડવા માંડીઃ 'એ...પાછા ન વળો તો તમને વાહણના સમ ! ઊંધે મારગે જાવ મા તમને માતાની આણ્યા !'

જાળિયામાંથી દેવાયત દેખાતો બંધ થયો કે તુરત જાનબાઈ ઢોલિયામાં ઢળી પડ્યાં. જખ્મી થયેલા નાના બાળકની જેમ પડ્યાં પડ્યાં કણસતાં હતાં ને વચ્ચે વચ્ચે મનશું ગણગણતાં હતાંઃ 'ગયા ! ગયા ! ધરાર ગયા ! કોઈનું ન માન્યા !... મા વરુડીની આણ્ય ઉથાપીને ગયા...' થોડી વારે આઘાતની કળ વળતાં જાનબાઈ વિચારવા લાગ્યાંઃ 'ગલઢે ગઢપણ આંખનું કાચું એમાં દશ્ય ભૂલી ગયા હશે ?... કે જાણીજોઈને અવળા હાલ્યા હશે ? કેટકેટલું કીધું પણ એકેય વેણ ગણકાર્યું જ નહીં... બેય પગ તો લોહીથી કચકચી હાલ્યા છે એમાં કેમ કરીને ધોડશ ?...સામે સરકારી જમડા નાળ્યું - જજાર્યું નોંધીને ઊભા હશે એમાં નાકાં કેમ કરીને વળોટશે ?'

ઢોલિયા પર પડખું ફેરવતાં જાનબાઈ એકાએક ચમકી ઊઠ્યાં. કશુંક યાદ આવતાં મનમાં બોલી રહ્યાંઃ 'અરે, હું અભાગણી કિયે સુખે આ ઢોલિયા ઉપર પડી છું ! ઢોલિયાનો પોઢનારો તો પરાણે હાલી નીકળ્યો...' અને એમણે ફરી પાછો ઢોલિયો બે પાયે ખૂણામાં ઊભો કરી દીધો. અને તુરત ખડકી ઉપર સાંકળ ખખડવાનો અવાજ આવ્યો. સાંકળ ખખડવાથી ભડકી ઊઠવાને બદલે જાનબાઈ આનંદમાં આવી ગયાં. હર્ષાવેશમાં જવાબ આપ્યોઃ 'એ...ઉઘાડું.' અને પછી મનશું બોલ્યાંઃ 'પાછા આવ્યા લાગે છે !... અંતે મારું કહેવું માન્યા ખરા !...લે, પાછો ઢોલિયો ઢાળી રાખું !' ફરી પાછો ઢોલિયો ઢાળીને - આ વેળા તો અદકેરા ભાવથી ઢોલિયો ઢાળીને - જાનબાઈ ખડકી ઉઘાડવા ગયાં.

પણ દેવાયતને બદલે વાહણે ભારે પગલે ઓસરીમાં પ્રવેશ કર્યો.

'કાં પાછો આવ્યો, ગગા ?= માતાએ પૂછ્યું. પણ પુત્ર મૂંગો જ રહ્યો. 'કાંઈ

(અનુસંધાન પાના નં ૩૨ થી)

બોલતો કાં નથી, ગગા ?'

જવાબમાં વાહણ 'મા-' એટલું કહીને અટકી ગયો.

'તારા બાપુ ગામ બારા નીકળી ગ્યા ને હેમખેમ ?'

'ના, ઝલાઈ ગયા.' વાહણ બોલ્યો.

'હેં ?'

'હા. દખણાદા હાલવાને બદલે ઓતરાદે ઝાંપેથી નીકળ્યા.'

'હું જાળિયામાં ઊભી ઊભી વારતી'તી, પણ માન્યા જ નહીં...' જાનબાઈ બોલ્યાં: 'પછી તો ઘીસતે ઘેરી લીધા હશે !'

'ના, ના, ઘીસત તો હજી તો સારીપટ આઘી હતી.' વાહણે સ્ફોટ કર્યો: 'પણ બાપુ પંડ્યે જ સામા હાલીને ચોકી ઉપર આવી પૂગ્યા.'

'શું વાત કર છ !' જાનબાઈ માટે આ સમાચાર કલ્પનાતીત હતા. વાહણે અહેવાલ આપવા માંડ્યો: 'બાપુએ બેય હાથ ઊંચા કરીને પટેલને કીધું કે મને પકડી લ્યો !'

'એમ કેમ કર્યું હશે ભલા ?'

'પોલીસપટેલની મોઢે કે'તા'તા કે મારા વાહણનો આમાં કાંઈ વાંક ગનો નથી... એનો રોટલો ભાંગજો મા -'

'અરે રે ! તારે સાટુ થઈને જ -'

'ને મને ભલામણ કરતા ગયા કે ભવોભવ જેને પેટે જલમવાનું મન થાય એવી દેવાંશી જનેતા તને સાંપડી છે, એનું ગઢપણ જતન કરીને જાળવજે -'

'અરર...મારી ચિંતામાં બચારા જીવ આખો અવતાર ઊભા સુકાણા !' જાનબાઈને મોઢેથી ઉદ્‌ગાર નીકળી ગયા. કુતૂહલથી પૂછ્યું: 'પછી ? પછી શું બોલ્યા ?'

'પછી તો ઘીસતનાં ધાડાં આવી પૂગ્યાં ને કડી પહેરાવી દીધી...પણ ખટારામાં ચડતાં ચડતાં વળી પાછા પટેલને ભલામણ કરતા ગયા કે મારા વાહણનો આમાં કાંઈ વાંકગનો નથી... એને કોઈ કનડશો મા -'

પણ આટલા સમાચારથી જાનબાઈથી જિજ્ઞાસા તૃપ્ત થાય એમ નહોતી. ખભેથી બંદૂક ઉતારવા અંદરના ઓરડામાં જતા વાહણને માતાએ ફરીફરીને પૂછ્યું: 'બીજું કાંઈ બોલ્યા ?'

અંદર જતાં જતાં વાહણે ઉત્તર આપ્યો: 'હા. ખટારો ઊપડ્યા પછી આઘેઆઘેથી કહેતા ગયા કે તારી માને હવે ઝાઝેરાં જુવાર કહેજે... ને કહેજે કે હવે તો આવતે ભવ ભેગાં થાઈ શું.'

સાંભળીને સંતપ્ત દશામાં પણ જાનબાઈએ પરમ તૃપ્તિ અનુભવી. ઓસરીમાં એકલાં પડતાં, પતિના આખરી શબ્દો ફરીફરીને વાગોળી રહ્યાં અને પછી મનશું ગણગણ્યાં: 'આવતે ભવ ભેગાં થાઈ શું ? ના, ના, ભવોભવ...ભવોભવ...' અને પછી, ઢાળી રાખેલા રંગીત ઢોલિયા ભણી અખૂટ આશાભરી નજરે તાકી રહ્યાં. ❖

---

## નાની વાત

નાની વાત હતી. થોડો ગુસ્સો, થોડો સ્વાદ, થોડો શોખ. જીવન સારું હતું. ચારિત્ર્ય શુદ્ધ હતું અને ભક્તિસાધનાની પાછળ પણ સતત પ્રયત્ન હતો. દિલની જાગૃતિ હતી. સંયમ, પૂજા ને વ્રત; પાઠ, બોધ ને તપ એમાં સારી સફળતા મળી હતી. જીવન પવિત્ર બન્યું હતું. ભગવાન નજીક લાગતો હતો.

પણ એમાં એ નાની વાત આડે આવતી હતી. સંયમ સાચો હતો, પણ હજી, કોઈ વાર ગુસ્સે થવાતું; ઈન્દ્રિયદમન સતત હતું, પણ હજી કોઈ વાર સ્વાદને ખાતર ખવાતું ને સગવડને ખાતર આળસ કરાતી. સાધના ઊંચી હતી, પણ હજી કોઈ વાર પૈસાનો સ્પર્શ ગમતો, ખુશામતના શબ્દો મીઠા લાગતા, મનમાં ગર્વના વિચારો ચાલતા. નાની વાતો હતી, પણ એમને લીધે પૂરી સફળતા મળી નહોતી, સાચી મુક્તિ મળી નહોતી. ભગવાન નજીક લાગતો હતો; પણ સાવ પાસે આવ્યો નહોતો, પ્રાપ્ત થયો નહોતો.

નાની વાતો હતી પક્ષીના પગમાં સૂક્ષ્મ પાતળી દોરી બાંધી છે. દોરી ઝીણી છે, સહેલાઈથી તોડી શકાય એમ છે; પણ એ ન તૂટે ત્યાં સુધી પક્ષી ઊડી શકવાનું નથી. પછી પગમાં રૂની દોરી હોય તોય શું અને લોઢાની શૃંખલા હોય તોય શું ?

પાણી ઊકળે તે માટે સો ડિગ્રીની ગરમી જોઈએ. એમાં એક ઓછી આવે તો બળતણ બળે અને ગરમી થાય, પણ પાણી ન ઊકળે. બાકી હતું તે થોડું હતું પણ તે ન આવ્યું એટલે પાણીની વરાળ ન થઈ. પછી પાણી ગરમ રહે તોય શું અને ઠંડુ રહે તોય શું ?

પરીક્ષામાં પાસ થવા અમુક માર્ક જોઈતા હતા. એમાં એક ઓછો આવ્યો એટલે નાપાસ થવાયું. પછી એક માર્ક ખૂટ્યો તોય શું અને દસ ખૂટ્યો તોય શું ?

નાની વાતો હતી. એક માર્ક, ઉષ્ણતામાનની એક ડિગ્રી, રૂની એક ઝીણી પાતળી દોરી. નાની હતી, પણ એ નાની વાતને લીધે મુખ્ય વાત રહી જતી.

નાની વાતો હતી. સહેજ ગુસ્સો, સહેજ પરિગ્રહ, સહેજ આળસ, પણ જેને લીધે મોટામાં મોટી વાત રહી જાય, જેને લીધે માનવ-જીવનની સાધના અધૂરી રહે, જેને લીધે ભગવાન જેવા ભગવાન દિલને ન મળે -એ શું નાની વાત કહેવાય ?

## એક અપીલ



**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ લોનાવલા સેનેટોરિયમના નવિનીકરણનું કાર્ય** દરેક દાતાઓના સહકારથી શરૂ થઈ ગયું છે. જે સંબંધી નીચે મુજબ **વિભાગના નુતનીકરણ દાતા** કરવા માટે અપીલ કરવામાં આવે છે.

**• ભોજન કક્ષ • સ્વાધ્યાય રૂમ • ઈન્ડોર સ્પોર્ટસ રૂમ**

આપના સહકાર અને પ્રતિસાદ ની અપેક્ષા.

સંસ્થાને અપાતું ડોનેશન 80G હેઠળ કરમુક્ત છે.

**આપનો ચેક Zalawadi Sabha Charitable Foundation ના નામનો લખવો**

**શ્રી પંકજભાઈ સંઘવી – ૯૮૨૦૦૪૦૭૧૯**
**શ્રી ભરતભાઈ ગેડીવાળા – ૯૩૨૨૨૪૪૬૧૪**
**શ્રી નરેન્દ્રભાઈ ગાંધી – ૯૮૨૦૦૭૬૪૬૦**

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા – મુંબઈ

### સભાની પત્રિકાના આજીવન ગ્રાહક જોગ

### આજીવન ગ્રાહકને KYC માટે અપીલ No.1

ઝાલાવાડી સભાની માસિક પત્રિકાના આજીવન ગ્રાહક કે જેઓ ઝાલાવાડી સભાના સભ્ય ન હોય અને ફક્ત પત્રિકાના ગ્રાહક હોય તેમને જણાવવાનું કે પત્રિકાના પેપર-પ્રિન્ટીંગ વિ.ની કોસ્ટ ઘણી વધી ગઈ હોવાથી. સભાના તા. ૧-૧૨-૨૦૨૨ ની કાર્યવાહક સમિતીની મિટીંગમાં નક્કી થયા મુજબ વિનંતિ કરીએ છીએ કે પત્રિકાના આજીવન ગ્રાહક આગામી ૧૦ વર્ષ માટે રૂા. ૧૫૦૦/- (એક હજાર પાંચસો) નો ચેક તથા નીચે જણાવેલ વિગત સભાને મોકલી આપે. જેથી ગ્રાહકનો રેકોર્ડ Update કરવા આજીવન ગ્રાહકની KYC મંગાવીયે છીએ.

(૧) આજીવન ગ્રાહક નંબર (૨) પુરૂં નામ તથા સરનામું (૩) મોબાઈલ નંબર (૪) ઈમેલ આયડી (૫) આધાર કાર્ડની ઝેરોક્સ (૬) જન્મ તારીખ (૭) ગ્રાહકનો ફોટો (૮) મુળવતન

ઉપરોક્ત આજીવન ગ્રાહકના વધારાની રકમ આપશ્રી નીચે આપેલ બેંક Details માં NEFT કે RTGS દ્વારા Direct બેંકમાં પણ ભરી શકો છો. ભરેલ રકમની Transaction ID અને ઉપરોક્ત વિગત WhatsApp No. 9819956529 ઉપર મોકલી આપશો. જેથી તેની રસીદ આપને તુરંત મોકલી શકાય.

આપના સહકારની અપેક્ષા સાથે.

**Bank of India** : Kalbadevi Branch
A/c No. 002410100027896 | IFSC Code : BKID0000024

– માનદ મંત્રીશ્રી

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા – મુંબઈ

### આજીવન અથવા વાર્ષિક સભ્યોને પત્રિકા કુરિયરથી મોકલવા યોજના બાબત

ઝાલાવાડી સભાની માસિક પત્રિકા પ્રત્યેક મહિનાની ૧૧મી તારીખે મુંબઈ GPO માં પોસ્ટ દ્વારા સમયસર અને દરેક સભ્યને એક સાથે જ મોકલવામાં આવે છે. ઘણીવાર એવું બને છે કે અમો GPO માં પત્રિકા પહોચાડી દઈએ છીએ પરંતુ આપના વિસ્તારની સ્થાનિક પોસ્ટ ઓફિસની બેદરકારીને લઈને પત્રિકા મોડી મળે છે અથવા નથી મળતી.

ઉપરોક્ત પત્રિકા ન મળવાની ફરિયાદને દૂર કરવા સભાએ જાન્યુઆરી-૨૦૨૩ થી કુરિયર યોજનાની નવી શરૂઆત કરી છે. જે સભ્યોએ કુરિયરથી પત્રિકા જોઈતી હોય તેઓ બે વર્ષની નીચે જણાવેલ રકમ ભરી આ યોજનામાં જોડાઈ શકે છે.

**કુરિયર ચાર્જીસ (બે વર્ષ માટે)**

ફક્ત મુંબઈ - રૂા. ૮૦૦/- ગુજરાત - રૂા. ૧૨૦૦/-
મહારાષ્ટ્ર - રૂા. ૧૦૦૦/- ભારતમાં અન્ય સ્થળે રૂા. ૧૫૦૦/-

પત્રિકા આપને દર મહિનાની ૧૧ તારીખે કુરિયર દ્વારા મોકલવામાં આવશે. કુરિયર યોજનામાં જોડાવા માટેની માહિતી **WhatsApp No. 8850830865** નંબર ઉપર આપવાની રહેશે. બે વર્ષની કુરિયરની રકમ નીચે જણાવેલ બેંક A/c. માં જમા કરાવવાની રહેશે.

**Jayam Printers** : Indian Overseas Bank
A/c No. 038802000001161 | IFSC Code : IOBA0000388

### મેમ્બરશીપ I-Card અને પત્રિકા એડ્રેસમાં ફેરફાર અથવા પત્રિકા ન મળવા સંબંધી તથા સેનેટોરિયમ બુકિંગ અને બુકીંગ કેન્સલેશન સંબંધી

સભ્યોની જે કાંઈ ઈન્કવાયરી જેમકે પત્રિકા ન મળતી હોય અથવા એડ્રેસમાં ફેરફાર કરવા અને મેમ્બરશીપને લગતાં કોઈપણ કામકાજ માટે તથા મેમ્બરશીપ I-Card ન મળ્યું હોય તો **WhatsApp No. 8850830865** નંબર ઉપર ફક્ત મેસેજ કરવો. આ નંબર ઉપર વાત થઈ શકતી નથી. આપની જે કાંઈપણ ઈન્કવાયરી હોય તેનો પાંચ કામકાજના દિવસોમાં જવાબ આપવામાં આવશે. અને તેનું શું નિવારણ કરેલ છે તેની જાણ WhatsApp દ્વારા કરવામાં આવશે.

આ ઉપરાંત સેનેટોરિયમ બુકીંગ તથા બુકીંગ કેન્સલેશન અને રિફન્ડ સંબંધી જે કાંઈપણ કામકાજ હોય તે **WhatsApp No. 9326858989** ઉપર મેસેજ કરવા વિનંતિ.

આપની દરેક ફરિયાદને દૂર કરવા માટે અમારા પ્રયત્નો ચાલું છે અને તેમાં આપના સાથ-સહકારની અપેક્ષા.

**માનદ્ મંત્રીશ્રી**
**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા**

# મુક્ત થઈ જા



■ પારૂલ કંદર્પ દેસાઈ

બૉમ્બે સેન્ટ્રલથી ટ્રેનમાં બેસીને મીતાએ હાશ અનુભવી. બધાંને તેનું પ્રેઝન્ટેશન ગમ્યું હતું અને તેની પ્રપોઝલ સ્વીકારાઈ ગઈ હતી. ત્રણ દિવસથી બૉમ્બે હતી. ઘરથી દૂર. હવે તેને ઘર યાદ આવતું હતું. આજે વિન્ડોચૅર તેની નહોતી એ ખબર હતી તોય તે બારી પાસે બેસી ગઈ. ચાલતી ટ્રેને ઊંધાં ચાલતાં દશ્યો જોવાનું તેને ગાંડપણ હતું. એટલે તો તે ફ્લાઈટ કરતાં ટ્રેનની મુસાફરી પસંદ કરતી હતી. જોઈએ કોણ આવે છે! તે રિક્વેસ્ટ કરશે અહીંયાં બેસવા માટે. બારીમાંથી આવતા ઠંડા પવનને કારણે દુપટ્ટો માથા પર એ રીતે વીંટાળી લીધો કે માત્ર ચહેરાનો થોડોક ભાગ જ દેખાય. બોરીવલી ટ્રેન ઊભી રહી. તે પ્લૅટફૉર્મ પર થતી ચહલપહલને રસથી જોઈ રહી. એકદમ પાસેથી જ અવાજ સંભળાયો. 'એક્સ્યુઝ મી, મેડમ, આપનો સીટનંબર કયો છે? પરિચિત અવાજ સાંભળીને વીંછીએ ડંખ માર્યો હોય એમ ચોંકી ગઈ ને ચહેરો ફેરવ્યો. તો એ જ.

'મીતા, તું?' સામેના ચહેરા પર આશ્ચર્યની રેખાઓ અંકાઈ.

'તું... તમે... રાજ!?' બંનેનું હૈયું એક થડકારો ચૂકી ગયું. આ રીતે ઓચિંતા મળી જવાનો આનંદ બંનેના ચહેરા પર સ્પષ્ટ વંચાતો હતો. બંને એકબીજા સામે એ રીતે જોઈ રહ્યાં જાણે તેઓ ટ્રેનમાં નથી. આજુબાજુ કોઈ માણસો નથી. વીસ વર્ષ પહેલાંના એ ટાપુ પર બંને પહોંચી ગયાં જ્યાંથી એકવાર...

ટ્રેને ગતિ પકડી લીધી હતી. પાછળથી એક અવાજ આવ્યો. 'એક્સ્યુઝ મી.' ત્યારે જ બંનેનું ધ્યાન ગયું. રાજન મીતાની બાજુની સીટ પર બેસી ગયો. 'આ વિન્ડોસીટ તમારી છે ને?' મીતા ઊભી થવા ગઈ.

'બેસી રહે. તું સાથે હોય ત્યારે વિન્ડોસીટ ક્યારેય મારી હોય છે?' બંને હસી પડ્યાં. પહેલાંની જેમ જ. 'યાદ છે બારી પાસે બેસવાના આપણા ઝઘડા!'

'હા,' વચ્ચેનાં વર્ષો સુકાયેલાં પાંદડાંની જેમ ખરી પડ્યાં. અપડાઉન કરતાં હતાં ત્યારની એ વાત. 'પછી આપણે વારા કાઢતાં હતાં, બારી પાસે બેસવાના.'

'અને તારો કલાક હંમેશાં અડધો કલાકમાં પૂરો થઈ જતો હતો. તું અંચઈ કરતી હતી મારી સાથે!'

'અંચઈ તો...' મીતાના મનમાં આવ્યું પણ તેણે પૂછ્યું, 'બૉમ્બે કશું કામ હતું?'

'એક બિઝનેસ મિટિંગ હતી.'

'મારે એક પ્રોજેક્ટ હતો. તું ફ્લાઈટના બદલે ટ્રેનમાં...' મીતાને યાદ હતું. રાજન કહ્યું હતું. 'એક વખત તો હું આકાશમાં જ ઊજતો હોઈશ.'

મીતા ઉડાવતી, 'પગ જમીન પર રાખજે.'

'તેં કહ્યું હતુંને પગ જમી પર રાખજે!' રાજને હસીને કહ્યું. તેને થયું કેટલી સરળતાથી વાતોની શરૂઆત થઈ ગઈ હતી. પહેલાંની જેમ જ. તે કશું ભૂલી નથી. આગળ તે કશું કહેવા જાય ત્યાં જ મીતાનો ફોન રણક્યો. 'મમ્મી ટ્રેનમાં જ છે, બેટા. બસ, બે કલાકમાં તારી પાસે! તું શું કરે છે અત્યારે? દાદા દૂધ પિવડાવે છે વાહ, મારો ડાહ્યો દીકરો!' ફોન પર વાત કરતી મીતાને રાજન જોઈ રહ્યો. આગળ બે લાંબા ચોટલાવાળી અને જીન્સ પહેરતી છોકરીને જાણે શોધી રહ્યો. ચહેરો થોડો ભરાવદાર થયો હતો, પણ આજેય એટલી જ આકર્ષક દેખાતી હતી. ચહેરા પર એ જ રમતિયાળ સ્મિત. કોઈ જગ્યાએ વિષાદની કોઈ રેખાઓ નથી. દુપટ્ટામાંથી છટકીને થોડાક વાળ બારીમાંથી આવતા પવનને કારણે આગળ આવી જતા હતા. મીતાને ચશ્માં આવી ગયાં હતાં. ચશ્માંમાં એ વધારે પ્રભાવશાળી લાગતી હતી. રાજનથી બોલાઈ ગયું. 'આઇ લવ યુ, મીતા, સ્ટીલ આઈ લવ યુ!' મીતાએ ફોન મૂકી પ્રશ્નાર્થ નજરે રાજન સામે જોયું. મીતાએ સાંભળ્યું નથી એ જોઈ રાજનને હાશકારો થયો. તેણે પૂછ્યું. 'ચશ્માં ક્યારે આવ્યાં? સરસ લાગે છે. સમજદાર લાગે છે.'

'એમ?' મીતાના ચહેરા પર આછો વ્યંગ હતો. 'પહેલાં નહોતી લાગતી?'

'ના, ના, તું તો પહેલેથી જ સમજદાર હતી. મારી સમજ ઓછી પડી!' રાજનના અવાજમાં પ્રમાણિકતા હતી. ઘડીભર બંને વચ્ચે મૌન છવાઈ ગયું. શિયાળાને કારણે સવાર હજુ જાણે આળસ મરડીને બેઠી થતી હોય એમ ધીમે-ધીમે બધું જાગતું જતું હતું. ચારેકોર ગાઢ ધુમ્મસનું સામ્રાજ્ય વ્યાપેલું હતું. અચાનક સૂરજ બહાર આવ્યો અને ધુમ્મસ અદશ્ય. મીતાએ રાજનની સામે જોયું. બંનેના ચહેરા ચમકી ઊઠ્યા.

★★★

શિયાળાની આવી જ એક ધુમ્મસઘેરી સવારે મીતાએ રાજનને કહ્યું હતું. 'આમ જ ટ્રેન ચાલ્યા કરે ને રસ્તો ખૂટે જ નહીં તો ?'

રાજને મીતાનો હાથ પકડી લીધો હતો અને તેની આંખોમાં સીધું તાકતાં પૂછ્યું હતું, 'સાચું કહે છે ?' મીતો માત્ર આંખો નમાવી હા પાડી હતી. આકાશમાં સૂરજે આવીને ધુમ્મસને વિખેરી નાખ્યું હતું. પછી તો થોડો સમય બંને આસમાનમાં ઊડતાં હતાં. ધીમે-ધીમે મીતાને રાજનના ડોમિનેટિંગ સ્વાભાવનો પરિચય થતો ગયો. એની ઈચ્છા વિરુદ્ધ કશું પણ મીતા કરે એટલે એની દલીલો શરૂ. એક વખત રાજને મિત્રો સાથે પિકનિક પર જવાનું ગોઠવ્યું હતું. મીતાને એ જ સમયે એક સેમિનારમાં જવાનું હતું. રાજે કહ્યું હતું, 'સેમિનાર તો આખી જિંદગી આવ્યા કરશે. આવો મજાનો સમય ફરી નહીં મળે.' મીતા માની ગઈ હતી. એકવાર રાજન ફાલસા કલરનો ડ્રેસ લઈ આવ્યો. મીતા અકળાઈ ગઈ હતી, 'તને ખબર છે મને આછો ગુલાબી રંગ વધારે ગમે છે !' પછી તો આવા બનાવો વારંવાર બનવા લાગ્યા હતા. બંને વચ્ચેની ખાઈ વિસ્તરતી જતી હતી. એકવાર રાજ ફિલ્મની ટિકિટ લઈ આવ્યો. મીતાને એ સમયે કાકાને ત્યાં એક ફંક્શનમાં જવાનું હતું. 'તારમે મને પૂછવું તો જોઈએ ને ?'

'એમાં પૂછવાનું શું ? મને મૂડ આવ્યો એટલે લઈ આવ્યો !'

'તારો મૂડ, તારી અનુકૂળતા, તારી ઈચ્છા - આમાં મારું શું છે રાજ ?'

'તારે કાકાને ત્યાં જવાનું આટલું બધું મહત્ત્વનું છે ?' રાજને અકળાઈને કહ્યું હતું.

'આપણી સાથે આપણો પરિવાર પણ જોડાયેલો છે. રાજ, તેમની લાગણીઓને પણ માન આપવું જોઈએ.' મીતાએ રાજને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો.

'નો વે, હું તો મારી રીતે જીવીશ. તું ફિલ્મ જોવા આવે છે કે નહીં ?'

મીતાએ મક્કમતાથી ના પાડી હતી.

'મને તો એવું હતું કે તારા માટે હું સૌથી વધારે મહત્ત્વનો છું. તું તો મને સાવ છેલ્લો મૂકે છે ?' મીતાની સામે જ ફિલ્મની ટિકિટ ફાડી નાખી. પગ પછાડતો રાજન ચાલ્યો ગયો હતો. તેને હું કે મીતા હંમેશની જેમ તેને મનાવવવા આવશે.

મીતા મનાવવા નહોતી ગઈ. તેને થયું હતું કે આખી જિંદગી આ રીતે કેમ જિવાય ! રિઝલ્ટ આવ્યું એટલે આગળ અભ્યાસ કરવા બૅન્ગલોર જતી રહી હતી.

ooo

'ચાય... કૉફી... ?' બોલતો ફેરિયો આવ્યો અને રાજને કહ્યું. 'બે સ્ટ્રૉન્ગ કૉફી.'

'ના, મારી ચા.' મીતાએ કહ્યું.

રાજન આશ્ચર્યથી જોઈ રહ્યો.

'કૉફીના કપની વરાળમાંથી સ્ટ્રૉન્ગ કૉફીની જે ફ્લેવર આવતી હોય... અહાહા... એની તોલે તારી ચા ન આવે.' મીતા કહેતી અને રાજનને પણ કૉફી પીવા લલચાવતી. એ મીતા આજે ચા... રાજનના મનમાં ન સમજાય એવો આનંદ વ્યાપ્યો. કદાચ મને યાદ કરવા...ત્યાં જ મીતાએ કહ્યું, 'તને નવાઈ લાગે છે ને પણ કરણે મને ચાની ટેવ પાડી દીધી, પણ તું ક્યારથી કૉફી પીવા માંડ્યો ?'

રાજનને દૂર ફેંકાઈ જવાનો અનુભવ થયો. મીતાને માટે પોતાના સિવાય કોઈનું આટલું મહત્ત્વ હોય એ આજે પણ સહન થતું ન હતું. તેને મીતાને કહેવાનું મન થયું કે મારા જીવનના અદશ્ય ખૂણામાં સતત તારી હાજરી તીવ્રતાથી અનુભવી છે.

તે કશું કહેવા જાય એ પહેલાં મીતાએ પૂછ્યું, 'સ્નેહાએ તારાં લગ્નનાં સમાચાર આપ્યા હતા. કેમ છે તું ?'

'એકદમ ટનાટન !' રાજન વધારે પડતા ઉત્સાહમાં આવી બોલ્યો. એણે મોબાઈલ કાઢ્યો. 'આ શાલિની અને આ મારી દીકરી જુહી.' બંનેના લાંબા વાળનો ચોટલો આગળ હતો.

રાજન ઝીણી નજરે મીતાને જોઈ રહ્યો. ક્યાંય એના ચહેરા પર ઈર્ષ્યાનો ભાવ દેખાય છે ! પણ તે તો આનંદથી બોલતી હતી. 'વાહ, આઇ ઍમ હૅપ્પી ફૉર યુ. તને જેવી જોઈતી હતી તેવી પત્ની મળી ગઈ.'

રાજનને ગળે કશુંક અટવાયું હોય એવું લાગ્યું. એ બોલવા ગયો પણ અવાજ ન નીકળ્યો. તેણે મનમાં જ કહ્યું : હા, પણ એ મીતા નથી.

મીતાએ દુપટ્ટો કાઢ્યો અને એમાંથી ખુલ્લા કાળા, ઘાટા વાળનો ઢગલો તેના ખભા પર પથરાઈ ગયો. રાજન વિસ્મય અને આઘાતથી મીતાના આ નવા રૂપને જોઈ રહ્યો. એના લાંબા, ભરાવદાર અને સુંવાળા વાળ રાજનને બહુ ગમતા. તારા લાંબા વાળ... તે વાક્ય પૂરું ન કરી શક્યો.

'અરે ધોવાની. ગૂંચ કાઢવાની, ઓળવાની કેટલી બધી જફા ! એકવાર કપાવી જ નાખ્યા !'

'તને કરણે ના ન પાડી ? આવા સરસ વાળ...'

'તે ક્યારેય ના ન પાડે. તેને હું જે કરું એ બધું ગમે.'

'બહુ ખુશ છે તેની સાથે ?'

'લે, ફોટો જોઈને તું નક્કી કર !' મીતાએ રમતિયાળ લહેકામાં કહ્યું. ગૅલરીમાં જઈને તેની આંગળી એક પછી એક ફોટા પર ફરવા લાગી અને ઘડીક તો તે જાણે રાજનની હાજરી ભૂલી ગઈ. ફોટો જોતાં-જોતાં તેનો મરક-મરક થતો ચહેરો જોઈ રાજનને ઈર્ષ્યા થઈ. કેટલી બધી વાતો

કરવાની છે. કેટલું બધું પૂછવાનું છે તેને !

'મીતા...' અકળાઈને તેણે કહ્યું.

'એક મિનિટ' મીતાએ એક ફોટો સિલેક્ટ કરીને રાજનને બતાવતાં કહ્યું, 'જો રાજ, આ મારો સંસાર ! સાસુ-સસરા, જેઠ-જેઠાણી. આ જેઠનો દીકરો, આ બંને મારાં અને આ સેલ્ફી લે છે એ મારા પતિદેવ !'

'એટલે તું સંયુક્ત કુટુંબમાં રહે છે ?' રાજનને આશ્ચર્ય થયું.

'એની જ તો મજા છે. એકબાજુ મમ્મી માટે ભજનોની સીડી વાગતી હોય, પપ્પા યોગ કરતા હોય, મોટા ભાઈ અને કરણ મોટેથી હસી-હસીને વાતો કરતા હોય, એની સાથે રસોડામાં વાસણોનો અવાજ અને આ બાળકોનો કલબલાટ, એવું લાગે જાણે વિવિધ પક્ષીઓનો કલરવ સંભળાય છે.' મીતાના ચહેરા પર રણઝણતું સ્મિત હતું.

'સાથે આ દોડધામ, આટલાં ઍવૉર્ડ, તું આ બધું મૅનેજ કેવી રીતે કરે છે ? શાલિની તો અમને બંનેને સંભાળતાં જ થાકી જાય છે.'

મીતા ખડખડાટ હસી પડી. 'હું તેમને ક્યાં સંભાળું છું, તે લોકો મને સંભાળે છે !'

એક, નિર્દોષ અને નરવું હાસ્ય. રાજને અનુભવ્યું કે આમાં ક્યાંય બનાવટ નથી.

'તને ક્યારેય મારો અભાવ ન સાલ્યો ?' એવો રાજનનો પ્રશ્ન એ હાસ્યમાં વહી ગયો. તેણે વાતને બદલવા કહ્યું, 'તારાં લગ્નમાં હું...'

'ન આવી શક્યો એમ જ કહેવું છે ને ? કંઈ વાંધો નહીં.'

'ના, એમ નથી કહેવું, હું આવ્યો હતો તારાં લગ્નમાં.'

'અરે, તો મળ્યો કેમ નહીં ! તને કરણનો પરિચય કરાવત ને !'

રાજન કહેવા ગયો કે તારો હાથ બીજાના હાથમાં મુકાતાં ન જોઈ શક્યો, પણ ત્યાં જ ફરી રિંગટોન અને મીતા એમાં વ્યસ્ત.

'આને કંઈ કામકાજ નથી કે ?'

એના વિચારોની ગતિ સાથે હરીફાઈ કરતી ટ્રેન ધમધમાટ દોડતી હતી. શિયાળાની ઠંડક પર સૂર્યનો પ્રભાવ વધવા લાગ્યો છે. હમણાં સુધી રાહત આપતો તડકો હવે આકરો લાગે છે. સુરત આવ્યું. અહીંયાં તો ટ્રેન થોડીવાર ઊભી રહેવાની હતી. તેણે મીતાને કહ્યું 'ચાલ, નીચે ઊતરીએ, થોડા પગ છુટ્ટા થશે.'

'પછી તું પહેલાંની જેમ બારી પાસેની મારી જગ્યા પડાવી નહીં લે ને ?' મીતાએ ઊભા થતાં તોફાની સ્વરે કહ્યું. રાજનને લાગ્યું સમય જરાય આગળ વધ્યો નથી. બધું ત્યાંનું ત્યાં જ છે.

નીચે ઊતરતાં જ સામે વડાપાંઉની લારી જોઈ મીતા આનંદથી બોલી ઊઠી, 'વડાપાંઉ ખાઈએ ?'

'વડાપાંઉ ? આર યુ ક્રેઝી ?'

'યસ. આઈ ઍમ ઍન્ડ માય ફૅમિલી ટુ !' મીતાએ લારી પાસે જઈને ઑર્ડર કર્યો.

'તને ખબર છે ને કે મને તો આ રીતે લારી પરનું ખાવાનું નથી ગમતું ?' રાજન એકદમ ગુસ્સે થઈને બોલ્યો અને તને પણ. એટલે તો તું મારા માટે કશોને કશો નાસ્તો બનાવીને લાવતી હતી, યાદ છે ને ?'

'એ સમયે કેટલું બધું એવું કરતી હતી જે તને ગમતું હતું !' મીતાએ વડાપાઉની પ્લેટ રાજનને આપતાં કહ્યું, 'લે ખાઈ તો જો. હજુ અમદાવાદને તો કેટલી બધી વાર છે. ટેકો રહેશે.' તેણે લારીવાળાને ચાર વડાપાંઉ પૅક કરવાનું કહ્યું. 'મારા ઘરમાં બધાંને સુરતના આ વડાપાંઉ બહુ ભાવે. ત્યાં જઈને માઈક્રોવેવમાં ગરમ કરી દઈશ. બધાં એટલા પ્રેમથી ખાશે !'

રાજનને થયું આ મીતાને તો ઓળખતો જ નથી.

ટ્રેનમાં પાછાં આવી રાજન ટ્રેનમાં કશું શોધવા લાગ્યો. મીતા થોડીવાર જોઈ રહી પછી પર્સમાંથી પાણીની બૉટલ કાઢી તેની સામે ધરી. રાજન છોભીલું હસ્યો. 'મેં મૂકી તો હતી અંદર...!'

'સાવ એવો ને એવો જ રહ્યો !' મીતા અચરજથી બોલી, 'જરાય બદલાયો નથી !'

બહુ જ બદલાઈ ગયો છું મીતા ! પાણીનો ઘૂંટ ગળે ઉતારતાં રાજને વિચાર્યું. હમણાં વડોદરા આવી જશે. હજી તો મીતાને કેટલું બધું કહેવાનું છે. ક્યારે તે કહી શકશે કે શાલિનીને તારી જગ્યા ક્યારેય ન આપી શક્યો. આ કૉફી, આ ટ્રેનની મુસાફરી, લાંબા વાળવાળી શાલિનીને પસંદ કરવી - આ બધું તને એક રીતે સાથે રાખવાનાં ઝાવાં છે.

વડોદરા નજીક આવતું ગયું એમ રાજનની બેચેની વધવા લાગી. 'મીતા...!' રૂંધાયેલા કંઠે તે બોલી ઊઠ્યો. મીતા આ અવાજ સાંભળી ચોંકી ગઈ.

'ક્યારેય માફ કરી ન શકાય એટલો મોટો ગુણો કર્યો હતો મે ? મને મળ્યા વિના જ બૅન્ગલોર જતી રહી ?' રાજનનો અણધાર્યો સવાલ આવીને મીતાના ચહેરા પર પથ્થરની જેમ અથડાયો.

મીતાએ ઊંડો શ્વાસ લીધો. 'સાચું કહું તો તને મનાવતાં-મનાવતાં થાકી ગઈ હતી. હું રાહ જોતી હતી કે એકવાર તું મને મનાવવા આવે !'

'મારા ગુસ્સાને તો તું જાણતી હતી !'

'તોય મનના એક ખૂણામાં એવી શ્રદ્ધા હતી કે તું આવશે, પણ આપણા પ્રેમ કરતાં તારો ઈગો વધારે મહત્ત્વનો નીકળ્યો !' મીતા બોલતી રહી. 'બહુ પીડા થાય છે ગમતી વ્યક્તિથી જુદા પડવાનું આવે ત્યારે.

સાચું કહું તો એ દિવસોમાં મનથી હું હારી ગઈ હતી. અચાનક કરણનો પ્રવેશ થઆએ માર જીવનમાં. સૂરજનો પ્રખર તાપ નહીં, પણ સતત પ્રજ્વલિત રહેતા અખંડ દીવાની જેમ તેણે મારા ખૂણેખૂણાને અજવાળ્યા કર્યો છે.' મીતાના શ્રદ્ધાથી ચમકતા ચહેરાને રાજન જોઈ રહ્યો. 'ક્યારેક એવું બને રાજ કે વર્ષોના પરિચય છતાં સાથે ન રહી શકાય અને થોડી ક્ષણોનો પરિચય જીવનભરનો સાથ બની જાય!' મીતાએ રાજના હાથ પર હાથ મૂકતાં કહ્યું, 'હવે વીતેલાં વર્ષોના તાણાવાણા ઉખેડવાનો, એ બધું યાદ કરવાનો શો અર્થ છે ? આપણે બંને ખુશ છીએ આપણા સંસારમાં તો જે થયું એનો અફસોસ શા માટે ?'

રાજન કશું બોલી ન શક્યો.

'કેમ કશું બોલતો નથી ? શું વિચારે છે ?'

'થાય છે કે ટ્રેન આમ જ ચાલ્યા કરે...' રાજનથી બોલાઈ ગયું.

મીતા કશું બોલી નહીં, સહેજ હસી.

'કેમ કશું બોલી નહીં ? ?'

'મને થાય છે કે જલદી વડોદરા આવે અને મારાં છોકરાંઓને મળું. ત્રણ દિવસે ઘેર જાઉં છું.'

ટ્રેનમાં ચહલપહલ થવા લાગી. જાણે પહેલા ઊતરવાની સ્પર્ધા હોય એમ લોકો ઝડપથી સામાન ઉતારી ચાલવા લાગ્યા. મીતા ઊભી થઈ ને બૅગ ઉતારવા ગઈ. રાજને એના હાથમાંથી બૅગ લઈ લીધી.

'રાજ, ગમ્યું મળવાનું. આવજે.' મીતાએ ભીડમાં ધીમે-ધીમે આગળ ચાલતાં કહ્યું.

'બસ આટલું જ ! રાજને તેની પાછળ ચાલતાં કહ્યું.

મીતા ટ્રેનનાં પગથિયાં ઊતરી ગઈ. 'ફરી ક્યારે મળીશું ?' રાજનના અવાજમાં અધીરાઈ આવી ગઈ. તે કૂદકો મારી નીચે આવી ગયો. 'તારો ફોન નંબર ? આમ જ છૂટાં પડી જવાનું !'

રાજનના હાથમાંથી બૅગ લેતાં મીતાએ સામેથી આવતા કરણ સામે હાથ હલાવ્યો.

'તું છૂટો ક્યાં પડ્યો છે, હજી ત્યાં જ ઊભો છે, કેમ ? રાજ, મુક્ત થઈ જા !'

ટ્રેનની વ્હીસલ વાગી. રાજનની આંખો તરલ થઈ ગઈ. મીતાએ તેને ધક્કો મારીને ઉપર ચડાવ્યો. ટ્રેન ચાલવા લાગી. કરણ આવી ગયો હતો. રાજનને થયું, એકવાર મીતા પાછળ જુએ. પણ તે તો કરણ સાથે આગળ વધી ગઈ હતી.

❖❖❖


## સમસ્ત દોઢીવાળા પરિવાર

**(બૃહદ મુંબઈ)**

**(મુળ વતન – થાનગઢ અને વાંકાનેર) ના**

# સમૂહ નિવેદ્ય

**રવીવાર : ૨૯/૦૧/૨૦૨૩**

**બૃહદ મુંબઈમાં વસતા દોઢીવાળા પરિવારના તમામ કુટુંબીજનોને જય માતાજી..**

આપણા કુટુંબની પરંપરા મુજબ આ વર્ષે મહા સુદ આઠમ (તા. ૨૯/૦૧/૨૦૨૩ ને રવિવાર) ના રોજ આપણા કુળદેવી અંબાજી માતાના નિવેદ્ય આપણે આપણા બૃહદ મુંબઈમાં વસતા દોઢીવાળા પરિવારના એકસાથે સમુહમાં કરવાનું નક્કી કરેલ છે. આ પ્રસંગનો ઉદ્દેશ્ય, આપણે બધા એકબીજા સાથે હળી મળી શકાય, નવી પેઢીને એકબીજાનો પરિચય થાય અને કૌટુંબિક પરંપરા આગળ વધારાય.

નિવેદ્યબાદ સ્વરુચી ભોજનના આસ્વાદ માણવાની પણ વ્યવસ્થા છે. આ માટે આપના તરફથી કોઈ સૂચના અથવા કોઈ વિચાર હોય તો આપને

**શ્રી પિયુષભાઇ દોઢીવાળા (૯૩૨૪૫ ૪૫૧૩૯)**

***અથવા***

**શ્રી રાજેન્દ્રભાઇ દોઢીવાળા (૯૭૬૬૭ ૪૦૧૦૪)**

**નો સંપર્ક કરવા વિનંતી.**

આપના પરિવારના કેટલા સભ્ય હાજર રહેશે તે આપ શ્રી પિયુષભાઈ અથવા શ્રી રાજેન્દ્રભાઈને ઉપર જણાવેલ નંબર પર વોટ્સ અપ દ્વારા જણાવવા ખાસ વિનંતી જેથી કાર્યક્રમના આયોજનમાં સુગમતા રહે.

કાર્યક્રમની આગળની વિગત (સ્થળ અને સમય) આપને વોટ્સ અપ દ્વારા જણાવવામાં આવશે.

આપના સાથ અને સહકારની અપેક્ષા સાથે...

**દોઢીવાળા પરિવારના કાર્યકર્તાઓ.**

Advt.

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૧૦-૨૦૨૨ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| શ્રી વસંતલાલ નાનાલાલ સંઘવી પરિવાર - સાયન | ૫,૦૦,૦૦૦/- |
| શ્રીમતી મનિષાબેન મિનેશભાઈ શાહ - મુંબઈ | ૫,૦૦,૦૦૦/- |

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**કુ. તૃપ્તિ અને કુ. પ્રિતિ જશવંતલાલ શાહ સ્વધર્મી સહાય યોજનામાં તા. ૬-૮-૨૦૧૯ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| શ્રી મયંકભાઈ જશવંતલાલ શાહ - વિલેપાર્લા | ૧૦,૦૦,૦૦૦/- |

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ લોનાવાલા સેનેટોરિયમ નુતનીકરણ યોજનામાં**
**તા. ૨૫-૧૦-૨૦૨૨ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| શ્રી અનિલભાઈ વૃજલાલ શેઠ - વિલેપાર્લા | ૩,૦૦,૦૦૦/- |
| શ્રીમતી શારદાબેન જયંતિલાલ તલસાણીયા | ૫૦,૦૦૦/- |

## શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા આયોજીત

### નિઃશુલ્ક મેમોગ્રાફી ટેસ્ટ

કેન્સર શબ્દ જ આજે ભયાનક લાગે છે ત્યારે વિચાર તો કરો કેન્સર થયેલ વ્યક્તિની શું હાલત હશે ? તે વ્યક્તિનો પરિવાર કેટલી માનસિક અને આર્થિક પરિસ્થિતિ-યાતના માંથી પસાર થતો હોય છે. આજે વિજ્ઞાન પણ દર્દીને છેલ્લા સ્ટેજમાં બચાવવામાં અસમર્થ છે ત્યારે શું આપણાં બધાની કેન્સર થયેલ વ્યક્તિ પ્રત્યે ફરજ નથી ? ઘણાં ભાગમાં કેન્સરની બાબતમાં ઘણી મોડી એટલે કે Last Stage માં ખબર પડે છે અને ત્યારે દર્દીને બચાવવાના કોઈ ચાન્સ રહેતાં નથી. માટે જરૂર છે પાણી પહેલા પાળ બાંધવાની ! સ્ત્રી વગરના ઘરસંસારનો તમે વિચાર તો કરો ! માતા વગરના બાળકોનો વિચાર પણ કર્યો છે ? વિચાર કરતાં જ ગભરાટ થશે. તમારા ઘર સંસાર, બાળકો, પરિવાર વગેરેના સુખી સ્વપ્નને પરિભૂત કરવું હોય તો જરૂર છે ૫૦ વર્ષની દરેક સ્ત્રીએ મેમોગ્રાફી કરાવવાની.

મેમોગ્રાફી બ્રેસ્ટ કેન્સરનો એક સાદો ટેસ્ટ છે તેની કોઈ આડઅસર નથી. મેમોગ્રાફી કરવાથી કેન્સર આવવાની શક્યતા અથવા કેન્સરના ચિન્હો હશે તો તમે જાણી શકશો. તેમ જ તેના ઉપચાર કરાવવાથી મહાભયાનક કેન્સરની બિમારીથી બચી શકશો અને હા, રીપોર્ટ નોર્મલ આવશે તો તમે નિશ્ચિંત પણે જીવી શકશો. આજે તમે નજર કરશો તો ખબર પડશે કે આપણાં સમાજની ઘણી દીકરીઓ કેન્સરના રોગોનો ભોગ બની છે. પોતાના નાના બાળકો, પરિવારને છોડીને કાયમ માટે ચાલી ગઈ છે. માટે બહેનો હવે જાગૃત થવાનો સમય આવી ગયો છે. તમે આજે શિક્ષણને જરૂરી ગણો છો તે પ્રમાણે જ વિશેષ જરૂરી છે બ્રેસ્ટ કેન્સરના ટેસ્ટની (મેમોગ્રાફી). ઝાલાવાડી સભા માનવસેવા સંઘ સાથે મળીને નિઃશુલ્ક મેમોગ્રાફી ટેસ્ટની યોજના સભ્ય બહેનો માટે અમલમાં મુકી છે. નીચે જણાવેલી કાર્યકરોમાંથી કોઈને પણ ફોન કરીને અપૉઈંટમેન્ટ મેળવવાની રહેશે

**Meghnaben - M. 9323134104 | Reenaben - M. 9969068856 | Bhavitaben Dhrumit - M. 9820247235**

# MATRIMONIAL



| | | |
|---|---|---|
| **NAME** | : | **SIDDHARTH RAJIV SHAH** |
| DOB/Time | : | 5th May 1994 / 02.05 AM |
| Weight / Height | : | 5'7" / 65 Kgs |
| Birth Place | : | Mumbai |
| Religion | : | Zalawadi Dasha Shrimali Sthanakvasi Jain |
| Native Place | : | Muli (Dist. Surendranagar) |
| Address (US) | : | Sunnyvale, CA |
| Email ID | : | shahsid104@gmail.com |
| Education | : | Master's in Computer Science, State University New York at Buffalo, USA |
| | : | Bachelor's in Computer Science, D J Sanghvi College of Engineering, Mumbai |
| Profession | : | Working with Facebook (Meta) as a Software Engineer, California |
| Visa Status | : | H1B (Work Visa Approved) |
| Hobbies | : | Outdoor activities / Reading / Travelling / Watching movies |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Grand Father | : | Shri Dineshbhai Ratilal Shah : Cell (+91) 9324054570 |
| Grand Mother | : | Smt. Madhukanta Dinesh Shah |
| Father | : | Rajiv Dinesh Shah (B.Sc.) |
| Occupation | : | Diamond Jewellery Business; Cell + (91) 9004738218 |
| Email | : | rajivdineshshah@yahoo.com |
| Mother | : | Lina Rajiv Shah (Home Science) Housewife; Cell + (91) 9322073236 |
| Sister | : | Dr. Avisha Sheth, DPT; Cell : + 1 (317) 681-4622 |
| Brother-in-law | : | Dr. Arpit Sheth, DPT; Cell : + 1 (909) 509-1441 (Currently residing in Alexandria, Virginia, USA) |
| Residential Address | : | Kailash Kiran No. 2, Block No.3, Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077. |

## PATERNAL BACKGROUND

| | | |
|---|---|---|
| Uncle | : | Sanjeev Dinesh Shah |
| Aunty | : | Neepa Sanjeev Shah Ghatkopar (East) |

## MATERNAL BACKGROUND

| | | |
|---|---|---|
| Nana | : | Late Shri Pratapraí Kantilal Shah |
| Nani | : | Smt. Ranjanben Pratap Shah |
| Mama | : | Late Ashish Pratap Shah |
| Mami | : | Dr. Sejal Ashish Shah (Andheri (West) |
| Masi | : | Parul S. Samdarshi California, USA |

**Visiting India From 9th February to 4th March 2023**

Advt.

## BIODATA

IISHREE VASUPUJYASWAMI NAMAH II    II SHREE ASHAPURA MAA NAMAH II



**Name: HARDIK KIRTIKUMAR LATHIA**

DOB : 27th May 1993
Height : 5'·10"
Caste & Religion : Dashashrimadi Stanakvasi Jain
Native Place : Jetpur (Rajkot District)
BirthTime & Place : Dombivli 2:55Pm

**PERSONAL DETAIL**

Education : Bachelor of Management Studies (K. J. Somaiya College)
Proffession : Sales Head At Prabhav Developer

**FAMILY DETAIL**

Grand Father : Kantilal Jagjivan Lathia
Father : KirtiKumar Kantilal Lathia
Mother : Late.Rekha KirtiKumar Lathia
Business : Ashapura Estate Agency (Ghatkopar)
Kaka : Prashant Kantilal Lathia Prabhav Developer) M: 9867685033
Mosal : Late.Bharat Dipchand Mehta/ Priti Mehta – M: 9322652591/9152988082 Malad (Halvad) Masi – Raksha Shah- 9702798903

**CONTACT DETAIL**

New Address : 1302 Flat no, 13th Floor, Omkar CHS, Near Neelkanth Regent Tower, Pant Nagar, Ghatkopar ( East)
Contact Info : Kirti Bhai Lathia -9833166704/9372592981 hardiklathia@hotmail.com

Advt.



## શાહ પરિવારની શાન

### ચિ. સમ્યક રાજેશકુમાર શાહ

(હાલ અમદાવાદ)

**શ્રીમતિ આશાબેન રાજેશકુમાર શાહના સુપુત્ર ચિં.સમ્યકે ધો-૧૨ સાયન્સમાં ૯૮.૮૦ પર્સન્ટાઈલ મેળવી ગર્વમેન્ટ મેડીકલ કૉલેજ -સુરતમાં એડમીશન મેળવેલ છે.** સંત-સતીજીની કૃપાદષ્ટિ, દાદાશ્રી અંબાલાલભાઈના આર્શીવાદ, આશાબેનની હૂંફ અને હિમ્મત, રાજેશકુમારની પ્રેરણા અને માર્ગદર્શન, શાહ પરિવાર અને વસાણી પરિવારની સદ્ભાવના અને શુભભાવથી સમ્યકે અથાગ પરિશ્રમ ઊઠાવી સ્વબળે વિકાસની કેડી કંડારી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરેલ છે.

અંતરમાં ધરબાયેલુ, પ્રાણોમાં પૂરાયેલું, શમણાઓમાં સજાવેલું શ્રેષ્ઠ ડૉક્ટર બનવાનું તારુ સ્વપ્ન સાકાર થાય. સેવા, પરમાર્થના કાર્યમાં તારી કારકિર્દી ઉજ્જ્વળ બને એ જ અમારા સહુના અંતરના આર્શીવાદ સહ શુભેચ્છાઓ.

શુભેચ્છકો : દાદાશ્રી અંબાલાલભાઈ, દાદી સ્વ. મંજુલાબેન
માતા-પિતા - આશાબેન, રાજેશકુમાર
સ્વ. હેમલતાબેન ધરમચંદ વસાણી પરિવાર (નાના-નાની)

Advt.

## તપશ્ચર્યા નિર્વિઘ્ન પૂર્ણ કર્યા બદલ હાર્દિક અભિનંદન

| ૫૪ ઉપવાસ | ૧૧ ઉપવાસ (ઉ.વ. ૧૨) |
|---|---|
|  |  |
| **નલિની પ્રવિણચંદ્ર શાહ** | **આહન હિરેન શેઠ** |
| બોરિવલી (વેસ્ટ) | અંધેરી (વેસ્ટ) |

## મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.



## અભિનંદન...

### અ.સૌ. રક્ષાબેન ચંદ્રકાંત તુરખીયા

(લીંબડીવાળા)

**શ્રી બૃહદ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ ધાર્મિક બોર્ડ દ્વારા લેવાયેલ પરીક્ષામાં શ્રેણી નં. ૨૧ મા ૯૫% માર્કસ સાથે બોર્ડમાં સર્વપ્રથમ આવેલ છે.**

***ધાર્મિક ક્ષેત્રે ખુબ પ્રગતી કરે તેવી શુભકામના તુરખીયા તથા ગાંધી પરિવાર તરફથી અભિનંદન***

**ચંદ્રકાંત જયંતિલાલ તુરખીયા**
**પુત્ર ચિ. જીગર, પુત્રવધુ ચિ. નમ્રતા,**
**પૌત્ર ચિ. હિદાન**

સી/૫૦૪, હાઈલેન્ડ હારમની, મહાવીરનગર,
દહાણુકરવાડી, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭.
**Mob. No. 9930481565**

Advt.

## ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ તા:
૨૫-૦૫-૧૯૪૨

ગમન તા:
૧૩-૧૨-૨૦૨૨

### સ્વ. મહેશ મંગળદાસ મણિયાર

પિતા વિનાનુ ઘર શું છે એનો અનુભવ કરવો હોય તો માત્ર
એક દિવસ અંગુઠા વિના ખાલી આંગળીઓના ઉપયોગથી
આપના દરેક કામ કરી જુઓ... પિતાની કિંમત સમજાઈ જશે
અગણિત ઉપકાર આપના સદાય રહીશું ઋણી તમારા આપના
આશીષ અમારી શક્તિ છે.
આપનો આત્મા પરમ શાંતિ પામે એજ પ્રાર્થના અમારી

**શ્રદ્ધાંજલી અર્પણ કરનાર**

પત્ની : લાક્ષિકા મહેશ મણિયાર
પુત્ર : રોહન મણિયાર
પુત્ર-પુત્રવધૂ : કેયૂર - પંક્તી મણિયાર
પૌત્રી : નાયશા - શિયોના મણિયાર

તથા સમસ્ત મણિયાર પરિવાર

Advt.



।।શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ:।।

## લબ્ધી ઘી સેન્ટર

(હોલસેલ તથા રિટેલ)

**Mob. : 9820881678 / 7021022561**

જામખંભાળિયાનું શુદ્ધ દેશી ઘી મળશે.
2 Kg. / 5 Kg. / 15 Kg. પેકિંગમાં ઉપલબ્ધ

## વલોણાનું દેશી ઘી

ગાયનું શુદ્ધ દેશી ઘી મળશે.

**ફ્રી હોમ ડિલિવરી**

શિયાળામાં બારેમાસ ભરવાનું શુદ્ધ ઘી મળશે.

**શિયાળુ ઘી**

દેરાસર તથા ભોજનશાળા માટે હોલસેલ ભાવે ઘી મળશે
ન્યુ બ્રાચ : અરિહંત ઘી સેન્ટર
યોગીનગર, બોરીવલી (વેસ્ટ)

ADVT


**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar,**
**Mumbai - 400 002.**
**7208472884 • 7208481791**
**7208472744**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2022-23 - 2023-24 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18%

Our Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST

**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/- (Size = 171 x 199 mm)

**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/- (Size = 171 x 234 mm)

**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-

**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-

**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-

SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-

**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance last Date of Advertisement on or before 25th Every month**

**(Inclusive of GST)**
**Please send Artwork in JPEG Format Only**

## BIODATA

**Personal Details**

**NAME : DR. PARTH RAJESH SHAH**

Date of Birth : 04-01-1994

Native Place : Wadhwan City (Nathabhavan Family)

Gender : Male Height : 5' 9"

Religion : Zalawad Visha Shrimali Sthanakwasi Jain

Hobbies : Music, Cricket, Reading & Travelling

Education : (1) M.B.B.S From N.H.L. Municipal Medical College (V.S. Hospital, Ahmedabad)

(2) M.D. (Internal Medicine) From OHIO, U.S.A.

(3) Persuing Fellowship (Super Specialist) in Pulomonary and Critical Care At Michigan, U.S.A.

E-mail : parth.shah4194@yahoo.com M.: +1(330) 623 4084

Residence : (1) H/403, Maple Tree Garden Homes, Nr. Surdhara Circle, Sal Hospital Road, Thaltej, Ahmedabad - 380 054.

(2) U.S.A. - Troy, Michigan



**Family Details :**

| | | | |
|---|---|---|---|
| Grand Father | : | Late Prabhudas Narotamdas Shah (Nathabhavan) | |
| Grand Mother | : | Late Gunvantiben Prabhudas Shah | |
| Father | : | Rajesh Prabhudas Shah<br>Investment & Insurance Advisor Ex-Admn Officer<br>New India Assurance Co. Ltd. M. : 98256 98023 | |
| Mother | : | Minaxi Rajesh Shah M. : 99256 56573 | |
| Sister | : | (1) Palak Kalpesh Rupani - B.E. (EC) Toronto, Canadam | M. : +14169935443 |
| | | (2) Khushali Darshan Shah - B.E. Computer, Ahmedabad | M. : 9924952079 |
| Son in Law | : | (1) Kalpesh Prafulbhai Rupani, B.E. (Electrical) Canada | M. : + 1508 414 5880 |
| | | (2) Darshan Kiranbhai Shah, B.E. (Computer) Ahmedabad. | M. : 9727542687 |
| Uncle | : | (1) Dr. Harshad Prabhudas Shah Eye Surgeon, Ahmedabad | M. : 70461 32221 |
| | | (2) Dilip Pradbhudas Shah, B.E. (Electrical) Ahmedabad. | M. : 9898423103 |
| Faiba | : | (1) Jyoti Hemantkumar Shah, Ahmedabad | M. : 7016843276 |
| Nana | : | Late Girdharlal Sakerchand Shah (Bodeli) | |
| Mama | : | (1) Jitendra Girdharlal Shah - Ahmedabad | M. : 9825727042 |
| | | (2) Dr. Ashok Girdharlal Shah (M.S.) Ortho Ahmedabad. | M. : 9824236202 |
| | | (3) Mukesh Girdharlal Shah - Ahmedabad | M.: 9879171962 |
| Masi | : | (1) Kokilaben Savailal Gandhi (Bombay) | M. : 8286909666 |
| | | (2) Sarojben Mahendrabhai Doshi | M. : 95373 97034 |

**Visiting India on 1st Week of January - 2023 From Short Period**

Advt.

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ

ઝાલાવાડી વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન



જન્મતારીખ
૦૩-૦૩-૧૯૩૬

અરિહંતશરણ
૧૩-૦૧-૨૦૨૨

## શ્રી કાંતિલાલ વખતચંદ ગોપાણી

(બોટાદ નિવાસી હાલ મુલુંડ મુંબઈ)

હૃદય અમારા રડી પડે છે, જોઈ તસવીર આપની
હૈયુ માનવા તૈયાર નથી, કે હયાતી નથી આપની
સદાય હસતો ચહેરો રાખી, ઓચિંતી લીધી વિદાય
જીવન એવુ જીવી ગયા, અને મૃત્યુ પણ શોભાવી ગયા
વારંવાર યાદ આવે છે, તસવીર જોઈ આપની
આપની યાદ ક્યારેય પણ ભુલાય તેમ નથી
પુણ્ય આત્મા ને પ્રભુ શાંતિ આપે એજ પ્રાર્થના

### આપના વ્હાલા પરિવારજનો

| | |
|---|---|
| ધર્મપત્ની | : મંગળાબેન કાંતિલાલ ગોપાણી |
| પુત્ર-પુત્રવધુ | : ધર્મેન્દ્ર - નયના |
| પૌત્ર - પૌત્રવધુ | : સ્મિત - નિધી |
| પૌત્રી | : ચિ. આશકા |

**તથા સ્વ. કાંતિલાલ હરીલાલ શાહ પરીવાર**

Advt.

# પ્રથમ માસિક પુણ્યતિથિએ



જન્મ
૨-૫-૧૯૪૩

અરિહંતશરણ
૧૩-૧૨-૨૦૨૨

# ડૉ. ચંદ્રવદન કાંતિલાલ વોરા

જેમના વ્યવહારથી સંબંધ મહેકી ઉઠે
જેમની સૌમ્ય વાણીથી હૃદય પુલકિત થઈ ઉઠે
માનવમાત્ર પ્રત્યેની જેમની અનુકંપાથી માનવતા મહેંકી ઉઠે
તેવા અમારા શિરછત્રની વિદાયથી
અમારી આંખો સજળ છે.
તમારા આશિષથી અમે સફળ થયા
તમારી શક્તિથી અમે સક્ષમ બન્યા
તમારા સંસ્કારોથી અમે ઉજળા બન્યા

આપનો પરોપકારી -પવિત્ર આત્મા જ્યાં હોય ત્યાં શાશ્વત શાંતિ પામે
એ જ પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના

## આપના સદૈવ ઋણી સ્વજનો

ઉષા ચંદ્રવદન વોરા

ડૉ. આગમ - ડૉ. બીજલ
ડૉ. નિગમ - ડૉ. ભાવિની

નૈષધ - આશ્કા
નૈતિક - મહેક

**સ્વ. ધીરજબેન કાંતિલાલ વોરા**
**સ્વ. ગુણવંતીબેન ચંદ્રકાંત વોરા**

Advt.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ
તા. ૨૬.૦૨.૧૯૩૫

અરિહંતશરણ
તા. ૦૬.૦૧.૨૦૨૨

## સ્વ. શ્રી નવીનચંદ્ર હિંમતલાલ મોદી

**વિરમગામ નિવાસી હાલ ઘાટકોપર**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેમની શક્તિ હતી.
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેમની ભક્તિ હતી.
આપનો લાગણીશીલ સ્વભાવ, નિ:સ્વાર્થ પ્રેમ,
સદા હસતો ચહેરો, કુટુંબ પ્રત્યેનો પ્રેમ,
સદાય અમને પ્રેરણા આપતા રહેશે.

**આપના દિવ્ય આત્માને પરમ શાંતિ મળે,**
**એવી અમારી પરમાત્માને પ્રાર્થના !**

**આપના વહાલા પરિવારજનો**

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધૂ | : | ભાવેશ - સ્વાતિ, ડૉ પિયૂષ - ડૉ રીટા |
| દીકરી-જમાઈ | : | મમતાબેન રોહિતકુમાર કોઠારી |
| પૌત્ર-પૌત્રી | : | ડૉ. નિકુંજ - ડૉ. ઝીલ (નીલ) ચિંતન-ધ્વનિ (ક્વિા) |
| | | ક્રિમીષા - ધવલકુમાર, ડૉ. શેફાલી |
| દોહિત્ર-દોહિત્રી | : | કવિતા રાજુભાઈ (દર્શન - નિહાર) |
| | | હેમાલી મિતેષભાઈ (સમ્યન - નવ્યન) |
| | | ડૉ. વિરલ - ડૉ. રૂપાલી (નાયશા) |

**કાંતાબેન હિંમતલાલ ચત્રભુજ મોદી તથા**
**કંચનબેન ત્રિકમલાલ વ્રજલાલ શાહ પરિવાર**

Advt.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

## ભાવભીની શ્રદ્ધાંજલિ



આવાગમન
તા. ૦૨.૦૧.૧૯૪૪

ગમનાગમન
તા. ૦૧.૦૧.૨૦૨૨

## અ. સૌ. સ્વ. દિવ્યાબેન કિર્તીકાંત અજમેરા

(વતન : વિંછીયા – હાલ: ઘાટકોપર)

મનુષ્ય જન્મથી નહીં પણ કર્મ થી ઓળખાય છે,
એટલે જ તો મરણ કરતાં સ્મરણ વધુ યાદગાર બને છે.
પાંપણના પલકારે મોક્ષ પામી ગયા એવા
'દિવ્ય' આત્માને પ્રભુ પરમકૃપાળુ પરમાત્માને
ચિર શાંતી આપે....

Life is not same without you, Dear Mom....
The shine, the smile, the love;
all are feeble....
Knowing that you are walking with us
every single day....
We live with heartache and silent tears....
Until we meet again Dear Mom....

### સ્મરણાંજલિ અર્પણ કરનાર

**કિર્તીકાંત શીવલાલ અજમેરા**


સાસુ - સસરા : સ્વ. સમજુબેન - સ્વ. શીવલાલ અજમેરા
પુત્ર - પુત્રવધુ : નિશીત - ડો. આરતી, ડો. સચીન - ડો. અમીષા
પૌત્રી : શનાયા સચીન અજમેરા
જેઠ - જેઠાણી : સ્વ. હસમુખભાઈ- સ્વ. શારદાબેન અજમેરા
નણંદ - નણંદોઈ : સ્વ. કોકીલાબેન - સ્વ. મનહરલાલ શાહ
વેવાઈ - વેવાણ : રજનીકાંત - સ્મિતાબેન મહેતા
શ્રીકાંતભાઈ - કિરણબેન બાવીશી

માતા-પિતા : સ્વ. કમળાબેન - સ્વ. ધનજીભાઈ શાહ
ભાઈ-ભાભી : નરેન્દ્રભાઈ - કલ્પનાબેન શાહ
શૈલેષભાઈ - રાજશ્રીબેન શાહ
બેન-બનેવી : ધીરજબેન - ભુપેન્દ્રભાઈ પોળકીયા
સ્વ. જ્યોત્સનાબેન - જીતેન્દ્રભાઈ દાણી
ભારતીબેન - સ્વ. મહેન્દ્રભાઈ શાહ
સ્વ. સુરભીબેન - રજનીભાઈ અજમેરા

**સમસ્ત અજમેરા અને શાહ પરિવારના જય જીનેન્દ્ર.**

Advt.

# વાર્ષિક પુણ્યતિથિએ હૃદયાંજલિ





વાત્સલ્ય મૂર્તિ

**સ્વ. કાન્તીલાલ ઉજમશી શાહ**

(૦૧.૦૯.૧૯૨૪ - ૦૫.૦૨.૨૦૨૦)

વાત્સલ્ય મૂર્તિ

**સ્વ. લીલાવંતી કાન્તીલાલ શાહ**

(૦૫.૧૨.૧૯૨૭ - ૧૪.૧૨.૨૦૨૧)

---

આપનું સરળ - સાદું જીવન, દયાળુ સ્વભાવ અને
ધર્મપરાયણતાથી છલકાતું જીવન
અમારે માટે હૂંફ અને પ્રેરણારૂપ રહ્યું છે.

---

| | | | |
|---|---|---|---|
| શૈલા-દિલીપ, | નૈના-ચંદ્રવદન, | અતુલ-ગીતા, | પંકજ-દિવ્યા |
| ચિંતન-નિરાલી, | વિરાજ-નીપા, | અર્પીતા-પ્રતિક | પલક-પ્રાચી |
| અંકિતા-ધવલ | નેન્સી-હિતેશ | પારસ-મોનલ | જિલ-પ્રિયાંક |
| આરવ-શૌર્ય-વિવાન | નીવ-નૈનિકા-નમીશ | કિયાન-આરી | નાઈશા -હિશાન |


---

શ્રી ઉજમશી કચરાભાઈ શાહ પરિવાર (ચુડા)

---

**H. Kantilal & Co.**

Advt.


No more counting of the UNITS.
Enjoy uninterrupted ELECTRICITY.
JAI JINENDRA
REDUCE YOUR BILL
INSTALL SOLAR PANEL AND AVAIL GOVT SUBSIDY
CONTACT US FOR SOLAR ROOFTOP SYSTEM.
Reduce Your Electricity Bill
By up to 90%
-- BEST RATE AND SPECIAL DISCOUNT FOR OUR JAIN MEMBERS --
RISING SUN ELECTRIC
BENEFITS OF SOLAR WITH RISING SUN ELECTRIC :-
1) Government Subsidy Available for Residential and Society Projects.
2) 15 ~ 30 % Tax Depreciation for Business owners.
3) No maintenance, Free Power & 25 Years Solar Panel Warranty.
www.risingsunelect.com
CONTACT :- SAHIL DOSHI - 7021213467
Address :- D2, Vijaykar Wadi, Kumar Compound, Chincholi Phatak, SV Road, Malad (W), Mumbai.
Advt.


To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2021-23. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2021-23 Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

# સાતમી પુણ્યતિથિએ સ્નેહસભર શ્રધ્ધાંજલી

## આદર્શ શ્રમણોપાસક

જન્મ
૧૯.૭.૧૯૩૨



અરિહંતશરણ
૨૪.૧.૨૦૧૬

# શ્રી જશવંતલાલ શાંતિલાલ શાહ

**લખતર નિવાસી, હાલ જૂહૂ સ્કીમ**

ધર્મનો રંગ જેની હાડહાડની મજ્જામાં, સંયમનો રંગ જેના સમગ્ર પરિવારમાં
શાસન ની સુગંધ જેના અસ્તિત્વમાં, વાત્સલ્ય નો ધોધ જેના અણુએઅણુમાં
એકાવતારી બની આપ, રહો તીર્થંકર ચરણે સાધનામાં.....

**આપના સદૈવ ઋણી**

મયંકભાઈ - શ્રુતિબેન
પ્રતિતિ - ખીલેન
મૌલી - દીપ
પ્રશમ

શ્રેયાંસભાઈ - રૂચીબેન
શૈલી - શ્રીયા

MJ SHAH
CREATING VALUE SINCE 1959
www.mjshahgroup.com
Advt.

Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah